


સબ દર્દોં કી એક દવા

ઘરસભા



ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણ અને
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન

સબદર્દોં કી એક દવા

ઘરસભા

: પ્રેરક :
પ્રમુખસ્વામી મહારાજ

: લેખક :
સાધુ ભગવદ્જીવનદાસ

: પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

- **GHARSABHA**
  Sadhu Bhagavadjivandas

- **Inspirer :**
  H.D.H. Pramukh Swami Maharaj

- **Printed & Published by :**
  Swaminarayan Aksharpith,
  Shahibag, Ahmedabad-380 004.
  GUJARAT (INDIA).

- **ઘરસભા**

- **પ્રેરક :** પ્રમુખસ્વામી મહારાજ

- **પ્રથમ આવૃત્તિ :** જાન્યુઆરી, ૧૯૯૫

- **પ્રત :** ૭,૦૦૦

- **કિંમત :** રૂા. ૭.૦૦

- **પ્રાપ્તિસ્થાન :**
  સ્વામિનારાયણ અક્ષરપીઠના પ્રત્યેક વેચાણકેન્દ્ર

- **મુદ્રક - પ્રકાશક :**
  સ્વામિનારાયણ અક્ષરપીઠ
  શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રસ્તાવના

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, ઘરસભા વિષયક આ પુસ્તક પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.


સંસારપથની ગતિ સરળ બનાવવા, કૌટુંબિક એકતા અનિવાર્ય છે. આ પુસ્તકમાં, વિષયવસ્તુ ને સીધા જ બે વિભાગમાં વહેંચી શકાય. પ્રથમ વિભાગમાં કૌટુંબિક વિસંવાદિતા વર્ણવાઈ છે, અનેક કૌટુંબિક પ્રશ્નોની હળવી શૈલીમાં છણાવટ થઈ છે. બીજા વિભાગમાં એ વિસંવાદિતા નિવારવા ઘરસભાના ઉપાયનું અનુભવસભર માર્ગદર્શન છે. આશા છે, છેલ્લા કેટલાય વખતથી ચાલુ રહેલી ઘરસભા વિશેની પુસ્તિકાની માંગ, આ પુસ્તિકા દ્વારા સંતોષાશે.

'ઘરસભા' પ્રમુખસ્વામી મહારાજનું સ્વતંત્ર અને આગવું મૌલિક પ્રદાન છે. જુદા જુદા સમયકાળે, જુદા જુદા મહાપુરુષોએ, જુદા જુદા માધ્યમોથી કૌટુંબિક એકતાની વાતો કરી છે. 'સંયુક્ત પરિવાર'ના બંધારણ દ્વારા કૌટુંબિક એકતા આ ભારતીય પરિવારની એ એક સહજ લાક્ષણિકતા હતી. ઘરમાં નિત્ય સત્સંગ પણ ભારતમાં પરંપરાગત જ છે. છતાં એનું કોઈ નક્કર સ્વરૂપ અસ્તિત્વમાં નહોતું. ક્રાંતદૃષ્ટા સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજે, એક યુગસંદેશ સમી ઘરસભાદ પ્રબોધીને લાખો ભગ્ન થતા પરિવારોને સાંધ્યા છે. કુટુંબના અસંખ્ય પ્રશ્નોમાં, 'સબ દર્દોકી એક દવા' બનેલી ઘરસભાની આ પુસ્તિકાના લેખક પૂ. ભગવદ્જીવન સ્વામીનો આભાર માનીએ છીએ. પુસ્તિકાની ભૂમિકા લખી આપવા બદલ પૂ. વિવેકસાગર સ્વામીના પણ હૃદયપૂર્વક આભારી છીએ.

- પ્રકાશન સમિતિ


સ્વામિનારાયણ અક્ષરપીઠ

આદેશમંત્ર પ્રેરણામૂર્તિ ગુરુહરિનો....



પૂ. યોગીજી મહારાજની આજ્ઞાથી દેશ પરદેશમાં સત્સંગ મંડળો ચાલે છે. તો તે સાથે ઘરસભા પણ દરેક હરિભક્તો પોતાને ઘેર દરરોજ રાતના કરે જેથી સંસ્કાર વધે ને સત્સંગની દઢતા થાય. ભેગા બેસવાથી કુટુંબમાં આત્મીયતા વધે અને બાળકોને પ્રેમ મળે તેથી શાંતિ રહે. તો ઘરસભા યોગીજી મહારાજ, સ્વામી મહારાજને રાજી કરવા કરશો. તે આશીર્વાદ છે.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ
(પ્રમુખસ્વામી મહારાજ)ના જયસ્વામિનારાયણ



ભૂમિકા

તાજેતરમાં મહારાષ્ટ્રમાં ભયંકર ધરતીકંપ થયો. કેટલાંય ગામોનાં ઘરો ધરાશયી થઈ ગયાં. વિશ્વભરમાંથી લોકો મદદે દોડ્યા. એ ઘરો તો હવે નવાં થઈ ગયાં. દુઃખ ભૂલાઈ ગયું. જનજીવન થાળે પણ પડી ગયું. પરંતુ વિશ્વના કરોડો ઘરોમાં સતત સંસ્કારકંપ ચાલે છે. સંસ્કાર-સદનો હલબલી ગયાં છે. તિરાડો પડી ગઈ છે. કેટલાંય ભાંગી ગયાં છે. આ સંદર્ભમાં પ્રમુખસ્વામી મહારાજ તા. ૪-૧૨-૯૩ના રોજ નડિયાદમાં બોલેલા : 'ધરતીકંપમાં ઘરોને વાંધો ન આવે એવી વૈજ્ઞાનિકોએ શોધ કરી છે. પણ જીવનમાં-બંગલા વગેરે ઘણું હોવા છતાં - જીવન જ હલબલી ગયાં છે તેનું શું ?'

ઘરમાં કળિનાં પાંચ સ્થાનો - જુગાર, કેફી પદાર્થોનું સેવન, વ્યભિચાર, હિંસા અને વધુ પડતું ધન પેસે એટલે ઘરમાં વણનોતર્યો કંકાસ, અજંપો, મારામારી, ઈર્ષ્યા, દ્વેષ, લોભ, મિલ્કત માટેના ભયંકર ઝઘડા, પરાયાપણું, કોર્ટકચેરી, છૂટાછેડા, માનસિક તણાવ, ભર્યુંભાદર્યું ઘર હોય છતાં એકલવાયાપણું, અશાંતિ વગેરે પેસી જ જાય. ઘરમાં જ કુરુક્ષેત્ર ખેલાય અને ફળસ્વરૂપે ઘર બરબાદ થઈ જાય.

જુગારમાં યુધિષ્ઠિરે ઈન્દ્રપ્રસ્થ ખોયું. યાદવોની દ્વારિકા દારૂમાં ડૂબી ગઈ. વ્યભિચારમાં ઈન્દ્રે ઈન્દ્રાસન ગુમાવ્યું. હિંસાએ તો દેશના દેશ તારાજ કરી દીધા. દ્રવ્યના લોભે નંદરાજાએ પ્રાણ ખોયા અને સ્યમંતક મણિએ તો દ્વારિકામાં શ્રીકૃષ્ણ ભગવાનનાં કુટુંબીઓમાં કજીયો કરાવ્યો. આવાં ઘણાં પુરાણપ્રસિદ્ધ ઉદાહરણો છે.

આજે અમેરિકા પોતાને વિશ્વમાં સર્વશ્રેષ્ઠ સત્તા ગણાવે છે. દોઢસો દોઢસો માળની ઈમારતો બાંધે છે પણ તેનો પાયો હલબલી ગયો છે. પ્રત્યેક ઘરને કળિના કુટુંબે ધ્રુજાવી નાખ્યું છે. સલામતી માટે પ્રત્યેક ઘર બર્ગસ્બેલ, ફાયર ડીટેક્ટર, સી.સી.ટી.વી. વગેરે સલામતીનાં સાધનોથી સુસજ્જ છે પણ આંતર સલામતી નથી. એટલે ઘરોમાંથી

સંસ્કારધન લૂંટાય છે. વ્યસનદૂષણોની આગમાં ઘરો સપડાયાં છે.

અમેરિકામાં ૧૯૬૦ પહેલાં સંતાનો સાથે કુટુંબ રહેતું. આવાં કુટુંબનો આદર થતો. છૂટાછેડાનું દૂષણ નહિવત્ હતું. સમાજવ્યવસ્થા પવિત્ર અને મજબૂત હતી. સામાજિક અપકીર્તિની બીકે કોઈ ભૂલેચૂકે અવળા માર્ગે જવાની હિંમત કરતું નહિ. ૧૯૭૦ના દાયકામાં આ સમાજરચનામાં તિરાડ પડવા માંડી. પરણેલાઓની સંખ્યા ૬૯.૩% થઈ. ૧૯૯૦માં આ આંકડો ઘટીને ૬૩.૭% એ પહોંચ્યો. પરિણામે માતાપિતા સાથે રહેતાં છ વર્ષથી નાનાં બાળકોની સંખ્યા ઘટીને ૭૫.૬% જેટલી થઈ ગઈ. અત્યારે તો પચ્ચીસ (૨૫%) ટકાથીય ઓછાં બાળકો પોતાનાં પરિણીત માતાપિતા સાથે રહે છે. છ વર્ષથી નાની ઉંમરનાં બાળકોની સાઈઠ ટકા (૬૦%) માતાઓ નોકરી કરે છે. છ વર્ષથી ઉપરનાં બાળકોની પંચોતેર ટકા (૭૫%) માતાઓ નોકરી કરે છે. પંદર વર્ષથી નાની ઉંમરનાં બે કરોડ બાળકોને દિવસના અમુક કલાકો માતાપિતા સિવાય બીજા કોઈની સાથે રહેવું પડે છે. વળી, એક કરોડ અને સાઈઠ લાખ બાળકો એટલે કે દર ચાર બાળકે એક બાળક કાં તો માતા કાં તો પિતા - એક જણ સાથે રહે છે.

આ કૌટુંબિક છિન્નભિન્નતાની અસર આર્થિક વ્યવસ્થામાં પણ પડવા માંડી. પહેલા પતિપત્નીની કમાણી ભેગી ગણાતી. એમાં જેને સંતાન હોય તેને વધુ લાભો મળતા. એટલે લગ્ન, કુટુંબ અને સંતાનોને સરકારે આડકતરી રીતે ઉત્તેજન આપ્યું હતું.

બીજા વિશ્વયુદ્ધ પછી પતિપત્નીની જે આવક હોય તેને ભેગી ગણી પછી અડધી અડધી કમાણી ગણી તેના ઉપર કરની આકારણી થાય જેથી વેરો ઓછો જાય. આ પણ કુટુંબવ્યવસ્થા માટે ફાયદાકારક થયું. પણ ૧૯૬૦ના દાયકામાં પરિસ્થિતિ પલટાઈ. કાયદા બદલાયા, કમાણીમાં પતિપત્ની અલગ અલગ પત્રક ભરે તો વ્યક્તિગત ફાયદો થવા માંડ્યો. આમ છૂટાછેડાને આડકતરી રીતે ઉત્તેજન મળવા માંડ્યું. આથી આગળ વધીને રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટને તો નિઃસંતાન અને અપરિણીત વ્યક્તિઓને એમની કમાણીમાં કરવેરારૂપે ક્રેડીટ આપવા માંડી. સંયુક્ત કુટુંબ સાથે રહેનાર ૪૪% કર ભરે, જ્યારે એટલી જ આવક ધરાવતી એકલી વ્યક્તિ માત્ર ૪૦% કર ભરે ! એટલે એકલા રહેનારને ચાર ટકા રાહત ! પછી કુટુંબ સાથે કોણ રહે ? સંતાન સાથે એકલી અપરિણીત સ્ત્રીને સરકાર તરફથી ઘણી મદદ મળતી હોય છે. વળી ઘણાં રાજ્યોએ નિશાળમાં ભણતા છોકરા-છોકરીઓને શાળાઓમાંથી જ 'કોન્ટ્રાસેપ્ટીવ્ઝ' મળી રહે તેવી ગોઠવણી કરે છે.

આ કૌટુંબિક સમસ્યાની બાળકના ઘડતર ઉપર કેવી વિપરીત અસર થાય ? માતાપિતા બંને કમાવા જાય. બાળક માતાપિતાની હૂંફ ઝંખતું હોય છે. તે મળે નહિ તેથી તેનું માનસ ગુનાહિત થઈ જાય છે. તે મારફાડમાં ચડી જાય છે. ટી.વી.નો વ્યસની બની જાય છે ! બાળક સોળ વર્ષનો થાય ત્યાં સુધીમાં તે પંદર હજાર કલાક ટી.વી. જોવામાં ગાળે છે, જ્યારે નિશાળમાં અગિયાર હજાર કલાક જ ગાળે છે. આ ઉંમરે તે

દોઢ લાખ હિંસક દૃશ્યો અને પચીસ હજાર ખૂન, બળાત્કાર વગેરે વગેરે જોઈ નાંખે છે. અમેરિકાના ઘરમાં ત્રાણું મીલીયન ટી.વી. છે. એટલે દર ત્રણ માણસે એક ટી.વી. ! ભારતમાં પણ દર મિનિટે ચાર ઘરમાં ટી.વી.નું ભૂત પેસે છે. ભૂત જે વ્યક્તિને વળગે તે એકને જ ધુણાવે પણ ટી.વી.નું ભૂત તો આખા ઘરને ધુણાવે છે. માતાપિતા પોતાનું કર્તવ્ય ભૂલીને પોતાનાં પુત્રી-પુત્રીઓ સાથે ટી.વી. જોવા બેસી જાય છે અને ન જોવાનાં દૃશ્યો પણ વિવેકભાન ખોઈને જુએ છે ! પરિણામે એકબીજા વચ્ચેની આમાન્યા-લજ્જાનો પર્દો હટી જાય છે અને પછી એ સંતાનો માતાપિતાની સામે જ અસભ્ય આચરણ નિર્લજ્જ થઈને કરે છે. ટી.વી. અનેક અનિષ્ટ તત્ત્વોનું પ્રવેશદ્વાર છે એ આપણે ભૂલી જઈએ છીએ. આપણા ઘરના પ્રવેશદ્વારમાંથી કોઈ લૂંટારો, કોઈ ચોર, કોઈ વ્યસની દારૂડિયો, કોઈ વ્યભિચારી કે કોઈ ભ્રષ્ટાચારી પ્રવેશી ન જાય એ માટે આપણે સજાગ રહીએ છીએ. પરંતુ ટી.વી. દ્વારા બાળકોના માનસમાં એ જ પાત્રો પ્રવેશી જાય છે-એનું આપણને અનુસંધાન નથી રહેતું એ એક દુર્ભાગ્ય છે. આ આધુનિક ગેસ ચૅમ્બરમાંથી નીકળતા હિંસા અને કામુકતાના ગેસે તો લોકોને જીવતા મારી નાખ્યાં છે. ઈંગ્લૅન્ડમાં 'ફર્સ્ટ બ્લડ' ફિલ્મમાં રેમ્બોનું પાત્ર જોઈ માયકલ નામના બાળકે આઠ કલાકમાં ઓગણીશ ખૂન કરી નાંખ્યાં. કલકત્તામાં સજલ નામના સોળ વર્ષના કિશોરે માતાપિતા અને ભાઈનું ખૂન કરી નાખ્યું. અમેરિકામાં પાંચ વર્ષના ટોમીએ બાપને હેન્ડ્ઝ અપ કહીને ઉડાડી દીધો !

ન્યૂયોર્કની ૯૮૪ શાળાઓમાંથી ૭૬૮ શાળાઓમાં મેટલ ડિટેક્ટરનો વપરાશ શરૂ થયો છે. કારણ એ છે કે દર દસ વિદ્યાર્થીએ ૪ વિદ્યાર્થીઓ શાળામાં આવી રિવોલ્વર લઈને આવે છે. એટલે જ અમેરિકાને વિશ્વની અન્ય મહાસત્તાનો જેટલો ડર નથી એથી અનેક ગણો પોતાના જ ફરજંદ સમી નવી પેઢીનો છે ! અમેરિકાએ માણસને ચંદ્ર પર મોકલ્યો, ધરતીના પેટાળમાં મોકલ્યો, પણ બાળસંસ્કારની આવી કોઈ સાચી શાળામાં ન મોકલ્યો. અને એટલે જ માફિયાઓ, પંક્સ કે હિટલરોની નાની મોટી આવૃત્તિઓ અવતરતી રહે છે, અશાંતિના નાનાં-મોટાં તરંગો ઉડાડતી રહે છે. 'ગન-કલ્ચર' અને 'સેકસ-કલ્ચર' વચ્ચે ઊછરતી પશ્ચિમની એ નવી પેઢી હવે આપણે ત્યાંય વિસ્તરતી જાય છે. એવે વખતે પરમપૂજ્ય સ્વામીશ્રી જેવા વિશ્વપુરુષે ઉપાડેલી બાળપ્રવૃત્તિ એક વૈશ્વિક બાળ-સંસ્કારની મહાશાળા છે. આ બાળપ્રવૃત્તિના ખોળેથી ભવિષ્યના કંઈક મહા માનવીઓ, કંઈક મહા મનીષિઓ, કંઈક મોટા સમાજ-નેતાઓ અવતરશે, એ સ્વામીશ્રીની એક વૈશ્વિક દેણગી બની રહેશે.

અમેરિકા જેવી પરિસ્થિતિ વિશ્વના અન્ય દેશોની પણ થવા માંડી છે. Charity begins at home - સંસ્કારનો ઉંબરો ઘર, પણ તે જ ઘરમાં દારૂ, માંસ, ડાન્સ, જુગાર વગેરેની પાર્ટીઓ પેસે એટલે આજે ઘર એ ઘર રહ્યું નથી પણ કલબ બની ગયું છે. ઘરની રાણી-ગૃહિણી જેને શાસ્ત્રો સાચું ગૃહ કહે છે તે પણ ઘરબહાર પાર્ટીઓમાં દારૂ-સિગારેટમાં મસ્ત બનીને પરપુરુષ સાથે ડાન્સમાં મહાલતી હોય કે પાર્લરોમાં આંટા

મારતી હોય તો પછી સારી સંતતિ ક્યાંથી નીપજે ? બાળકો નાનપણથી જ આવાં કળિ-કલ્ચરમાં ઊછરતા હોય તો પછી તેમાંથી માફીયા, પંક્સ અને હીપ્પીઓ જ નીપજે ને ! પછી તેનો ભોગ આખી દુનિયાને બનવાનું ! ખલિલ જિબ્રાન સાચું કહે છે કે 'Though your Children come through you but they are not your children. They are children of God.' - તમારાં બાળકો ભલે તમારા દ્વારા આવે પણ તે પ્રભુની થાપણ છે. તેનો સારી રીતે ઉછેર કરવો તે પ્રત્યેક માતાપિતાની ફરજ છે. જો તેમાં તેઓ બેદરકાર રહ્યા ને તેમાંથી રાવણ, કંસ, હિટલર વગેરે જેવા પાક્યા તો એ પાપ તે માતાપિતાને ફાળે જાય.

અમેરિકામાં ૧૯૯૩માં વીસ લાખ બાળકોની કોઈ ને કોઈ ગુનાસર ધરપકડ કરવામાં આવેલી. અડધા ભાગના બાળકો કેફી દ્રવ્યોનું સેવન કરે છે. સત્તાવન ટકા યુવાનોને દારૂની લત છે. પંદરથી ઓગણીશ વર્ષના કિશોરો વ્યભિચાર કરી ચૂક્યા હોય છે. દર વર્ષે દશ લાખથી વધારે કુંવારી કન્યાઓ માતા બની જાય છે. આમ બાળ-સંભાળની બાબતમાં અમેરિકાનો વિશ્વમાં વીસમો નંબર આવે છે ! પતિપત્ની બંને પૈસા પાછળ પડ્યાં હોય પછી માતાપિતાના પ્રેમ અને હૂંફ વગર આયાઓના હાથમાં ઊછરતાં બાળકોમાં કૌટુંબિક કે સાંસ્કારિક મૂલ્યો ક્યાંથી વૃદ્ધિ પામે ?

લોકો આલ્સેશિયન કૂતરાની શુદ્ધ ઓલાદનો ખ્યાલ રાખે છે. તો તમારી પોતાની ઓલાદનું શું ? કૂતરાં, બિલાડાં અને વાંદરાં રમાડવામાં લોકો સમય ગાળે છે પણ પોતાની સંતતિ તરફ બેદરકાર છે. આંતરદેશીય અને આંતરધર્મીય લડતોમાંથી ઉત્પન્ન થયેલી સંકર પ્રજા ધર્મ, સંસ્કાર અને ભાષામાં ગૂંચવાય છે. અમેરિકામાં જેમ 'કોન્ટીનેન્ટલ કોકટેલ કલ્ચર' છે તેમ આવી પ્રજા આવા 'કોસ્મોપોલિટીયન કલ્ચર' (ભેળસેળિયા સંસ્કાર)માં ખાનદાની ખૂવે છે પછી સરવાળે સંસ્કારની બાદબાકી જ થાય છે. કુટુંબો ભાંગતા રહેશે ત્યાં સુધી બાળકનાં ભાવિની સમસ્યા ઊકલવાની નથી અને આવતીકાલના નાગરિકો બધી રીતે બોદા પાકશે. તેના પરિણામે અમેરિકાનું ભાવિ એટલું જ જોખમમાં છે. નિશાળો આગળ 'ડ્રગ ફ્રી ઝોન'નાં પાટિયાં મારવા પડે છે. દવાખાનામાં ડ્રગની નીડલો મફત આપવામાં આવે છે. જૂની વાપરતા નહિ એવી સરકાર જાહેરાત કરે છે ! એરોડ્રોમ ઉપર સરકાર જાહેરાત મૂકે છે કે 'વતનથી દૂર વૅકેશન પર જાવ છો તો 'કોન્ટ્રાસેપ્ટિવ્ઝ' લેવાનું ભૂલશો નહિ !' ન્યુયોર્ક જેવા વિશ્વના સુપ્રસિદ્ધ શહેરના બ્રોંક્સ (Bronx) વિસ્તારમાં કોઈ સંસ્કારી મનુષ્ય મફતેય ઘર ખરીદે નહીં. (મુંબઈમાં બાર લાખની વસતી ધરાવતી ધારાવીની ઝૂંપડપટ્ટીમાં પણ આ જ પરિસ્થિતિ છે.) આજે અમેરિકાને રશિયાનો ડર ભલે ન રહ્યો પણ જો આ પરિસ્થિતિ વકરશે તો ત્યાં યાદવાસ્થળી નિશ્ચિત જ છે. હવે ૧૯૯૫ની અમેરિકાની ચૂંટણીમાં કુટુંબ વ્યવસ્થા મુખ્ય મુદ્દો બનવાનો છે.

પશ્ચિમના દેશોમાં Family-values કૌટુંબિક મૂલ્યો નષ્ટ થઈ ગયાં છે. 'માતૃદેવો

ભવ' કે 'પિતૃદેવો ભવ' કે 'અતિથિદેવો ભવ' જેવું તો ત્યાં છે જ નહિ. બાર મહિને એક વાર 'ફાધર્સ ડે' અને 'મધર્સ ડે' આવે, ત્યારે યાદ આવે તો ફક્ત એક છાપેલું કાર્ડ મોકલી દેવાનું. કુટુંબ એટલે પતિ-પત્ની અને છોકરાં. તે પણ એકવીસ વર્ષના થાય ત્યાં સુધી જ. દાદા-દાદીને તો કુટુંબમાં ગણાય જ નહિ. માતાપિતા મળવા આવે તો તેને મોટલમાં જ ઉતારે પછી અતિથિને તો પૂછે જ કોણ ? ભારતમાં પણ માતાપિતા માટે ઘરડાંગૃહો વધતાં જાય છે. 'ન્યુકલીઅર ફેમિલી' (વિભક્ત કુટુંબ)માં માતાપિતા જેવું કાંઈ નથી. ખરું પૂછો તો તેમને બાળકો જોઈતાં જ નથી. તેમને તો જવાબદારી વગર વિષયો જ ભોગવવા છે. આવા કુટુંબમાં તો સ્વતંત્ર વિચારધારા અને બિનસાંપ્રદાયિકતા જ પ્રગટે છે. અમેરિકામાં સ્થાયી થયેલા એક ભારતીયે પોતાના આઠ વર્ષના પુત્રને પૂછ્યું : 'અમે વૃદ્ધ થઈએ તો તું અમને પાલવીશ ને ?' બાળકે તરત કહ્યું : 'તે તો મારે મારી પત્નીને પૂછવું પડે !' હવે પશ્ચિમમાં પણ લોકો 'એકસટેન્ડેડ ફેમિલી' (સંયુક્ત કુટુંબ)ને ઇચ્છતા થયા છે. જેથી બાળકોને દાદા-દાદીનો પ્રેમ અને દાદા-દાદીને પૌત્રોનો પ્રેમ મળે અને પરંપરાગત કૌટુંબિક ઇતિહાસ, ખાનદાની, ધર્મ, સંસ્કાર અને ભાષાનું બાળકોમાં સિંચન થાય.

વિદેશમાં વસતા ભારતીયોએ પણ મોડું મોડું પણ હવે અનુભવવા માંડ્યું છે કે ડૉલર-પાઉન્ડની પાછળ આપણે આપણું કુટુંબ જ છિન્નભિન્ન કરી નાખ્યું છે. ઘરમાં પતિ-પત્ની સાથે રહે, પણ અઠવાડિયામાંની ૧૦,૮૦૦ મિનિટમાંથી ૧૭ મિનિટ જ એકબીજાં સાથે વાત કરવાનો સમય મળે છે. બાળકોમાં ભાષા, ભૂષા, ભજન (ધર્મ) અને ભોજન બદલાવા માંડ્યાં છે. પેઢીઓથી ચાલતી કૌટુંબિક ભાવનાઓ નષ્ટ થઈ ગઈ છે. જાણે આ આપણી છેલ્લી પેઢી ! બાળકો કેવળ રંગે જ ભારતીય રહ્યા છે. વાન નથી બદલાયો પણ સાન તો બદલાઈ જ છે. આ બાળકો મોટા થઈને મા-બાપને છોડી પશ્ચિમના વિશાળ સમાજમાં ભળતાં જાય છે. ભારતથી એકલાં આવેલાં પતિપત્ની હવે પંખીનો માળો ઊડી જતાં તેઓ જાણે ફરીથી એકલાં અટૂલાં દુઃખી થઈ ગયાં છે ! જેને સાન આવી છે તે સત્સંગ કરે છે. અને હવે તો ભારતથી પોતાનાં માતાપિતાને સાથે રહેવા તેડાવે છે. જેથી તેમની પેઢી સજીવન રહે.

ભારતમાં પણ હવે તો ઘણી કન્યાઓ પરણીને તરત જુદું રહેવાની શરતે લગ્ન કરવાનું સ્વીકારે છે. સાસુ-સસરાને ડસ્ટબીન-કચરાપેટી સમજે છે. પહેલાં ઘરનાં સંસ્કાર-ખાનદાની જોઈને લગ્ન થતાં. હવે આ લુપ્ત થતું જાય છે. હવે તો લગ્ન જાણે બંધનરૂપ લાગે છે. છૂટાછેડા તો સહજ થઈ ગયા છે. બ્રિટનમાં પાર્લામેન્ટના એક સભ્યે કહ્યું : 'મને પરણે વરસ થયું. હજી હું તે જ પત્ની સાથે છું !' તેઓ આને એક સિદ્ધિ સમજે છે !

વિશ્વમાંથી કૌટુંબિક મૂલ્યો ઘટતાં જાય છે. પતિપત્નીના, માતાપુત્રના, પિતાપુત્રના, સાસુવહુના, ભાઈબહેનના પવિત્ર સંબંધો અને આમન્યાઓ તૂટતી જાય

છે. પત્ની પતિને તુંકારે બોલાવે, પુત્ર અને પિતા સાથે દારૂ પીવે, ઘરમાં બધાની હાજરીમાં અપશબ્દો બોલે, બાળકોની હાજરીમાં છૂટછાટથી વર્તાય. ચેસ્ટીટી બેલ્ટ રાખવા પડે, માતા અને પિતાને છોકરાઓ વારે ચડાવે. બધા સાથે રહે છતાં ઘણીવાર એકબીજાનું મોઢું જોવું ગમે નહિ. આવી અદૃશ્ય દીવાલો રચાતી હોય એવું બધું ચાલતું હોય પછી મૂલ્યો ટકે ક્યાંથી ?

પ્રિન્સ ચાર્લ્સના મહેલથી માંડી ધરાવીની ઝૂંપડપટ્ટી સુધી જોઈએ તો ઘેર ઘેર માટીના ચૂલા. મુંબઈમાં તા. ૨-૧૦-૯૪ના રોજ કૌટુંબિક મૂલ્યોની વાત કરતા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કહેલું : 'આજે ફેમિલી પ્રોબ્લેમ કેટલા છે ? જ્યારે રામના જીવનમાં જુઓ - કૈકેયી પ્રત્યે રામને સહેજ પણ બીજો ભાવ ના થયો. ભરતને ગાદી પચાવવાનું મન ના થયું. આ કુટુંબ ભાવના અગત્યની છે.'

ગુજરાતના એક શહેરમાં રોજનો એક કરોડ રૂપિયાનો લૉટરીનો જુગાર રમાય છે. તેના પરિણામે કુટુંબમાં કલેશ, રોજ પત્ની, બાળકોને મારપીટ થાય છે. લોકો તમાશો જોવા ભેગા થાય છે. એક જણે તો ૭૦૦ રૂપિયામાં બૈરી વેચી મારી. એક જણે જુગારની હોડમાં બૈરી મૂકી દીધી. આધુનિક યુધિષ્ઠિર ! (વિદેશમાં એક ભાઈએ પચાસ પાઉન્ડમાં પોતાની બૈરી વેચવાની જાહેરાત કરી મૂકેલી !)

મુંબઈમાં ઝૂંપડપટ્ટીઓ દૂર કરી નગરપાલિકાએ મફત નવાં ઘરો બાંધી દીધાં પણ ત્યાં તે રહેવા ન ગયા. તેમણે તે મકાનો ભાડે દઈ દીધાં અને નવી ઝૂંપડપટ્ટી બાંધી અને ભાડાની આવકમાંથી વધારે દારૂ ઢીંચવા માંડ્યા. માણસોને મકાન આપતા પહેલાં સંસ્કાર આપવાની ઘણી જરૂર છે. મરાઠાવાડામાં પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સંસ્થાએ નવાં ઘરો બાંધી દીધાં છે પણ તેમાં રહેવા આવતા પહેલા તેને વેચીને કે ગીરો મૂકીને ફેલફતુરમાં લોકો ન ચડી જાય એટલે ઘરમાં રહેનારા મનુષ્યોને સ્વામીશ્રીએ ધર્મનિયમની વાડોમાં બાંધ્યા છે.

Home Sweet home - પૃથ્વીનો છેડો ઘર કે જ્યાં હોળી નહિ પણ હાશની અનુભૂતિ થાય. ઘર એટલે સલામતીનું છાપરું કે ટપાલ માટેનું સરનામું નહિ. ઘરમાં કમોદ રંધાતી હોય અને આખા ફળિયામાં તેની સોડમ પ્રસરે તેમ ઘરમાં પગ મૂકતાની સાથે સંસ્કાર અને સત્સંગની સૌરભ પ્રસરવી જોઈએ. જ્યાં મેના-પોપટ સ્વતઃ પ્રામાણ્ય કે પરતઃ પ્રામાણ્યની ચર્ચા કરતાં હોય તેનાથી મંડનમિશ્રનું ઘર ઓળખાતું. માનવીનાં વ્યક્તિત્વ અને જીવનશૈલી પર અસર કરતું જીવંત પરિબળ એટલે ઘર.

'ધર્મનાં આચરણ માટે જેનો સ્વીકાર કરાયો છે તે ગૃહ' એવો અર્થ નિરુક્તે કર્યો છે.'

'શબ્દકલ્પદ્રુમ'માં ઘર માટે વ્યાખ્યા સહિત છપ્પન જેટલા શબ્દો છે.

ઘર એટલે જે કુટિલ ગતિને રોકે

ઘર એટલે મંદિર કે જ્યાં તૃપ્તિ અને હર્ષ મળે.

ઘર એટલે શોભા જ્યાં બધા સાથે શોભે તે સ્થાન-સારી રીતે રહી શકાય તેવું સ્થાન-સાધન સામગ્રીથી સંપન્ન સ્થાન.

ઘર એટલે હર્મ્ય. મનને હરી લેનાર.

ઘર એટલે છદિ. વ્યક્તિ અને કુટુંબની આબરૂ. લાગણી અને ગોપનીય બાબતો ઢાંકેલી રાખનાર વગેરે... આવું હોય તે ઘર.

બાકી ઘરનું નામ શાન્તિસદન હોય. પણ ઘરમાં અશાંતિની આગ સળગતી હોય.

લેડી હેમીલ્ટન નામની સમાજસેવિકા વિશ્વને સુધારવા ઘરમાં ધ્યાન આપતી જ નહોતી. તેનો જ દશ વર્ષનો બાળક જ્યારે સિગારેટ પીતો થયો ત્યારે તેને ખબર પડી કે પ્રથમ તો ઘરનું ધ્યાન રાખવાનું છે ને પછી સમાજસેવા કરવાની છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પણ સત્સંગી કાર્યકરોને ઘરમાં પૂરતું ધ્યાન આપીને પછી જ સત્સંગ પ્રવૃત્તિનો ઉપદેશ આપે છે.

તેઓશ્રી ઘણી વાર એક સાખી ટાંકતા કહે છે :

'જા ઘેર હરિકથા કીર્તન નહિ, સંત નહિ મિજમાના;
તા ઘેર જમડા ડેરાં દેવત, સાંજ પડે સમસાના.'

કર્ણાટકમાં આર્કિટેક ઘર કે ફ્લેટ બાંધે ત્યારે તેમાં ઘરમંદિરની જગ્યા તેના પ્લાનમાં પહેલેથી જ નક્કી હોય. આદર્શ ઘરમાં પહેલું તો ઘરમંદિર જોઈએ. એટલે કે ઘરમાં ભગવાનનો વાસ જોઈએ. ત્યાં હંમેશાં આરતી થાળ થવાં જોઈએ. ઘરમાં સંતોની પધરામણી થાય ત્યારે ઘરના વડીલ છોકરાંઓને પગે લગાડવા લાવે અને કહે : 'સ્વામી, આ ઘર સંતો માટે કાયમ ખુલ્લું રહે તેવા આશીર્વાદ આપો !' એટલે કે તેઓ પોતાનાં સંતાનો ધાર્મિક રહે તેવી અપેક્ષા રાખતા.

ધનિકો ઘણી પુરાણી (એન્ટીક) વસ્તુઓ મોંઘા ભાવે ખરીદીને ઘરની શોભા વધારે છે. વિદેશોમાંથી મોઘું રાચરચીલું લાવે છે. છોકરાઓ રૂમમાં તેમના આરાધ્ય દેવો માઈકલ જેક્શન કે નટ-નટીઓનાં મોટાં પોસ્ટરો લગાવે છે. બગીચાઓ કરે છે ને તેમાં પશુ-પંખીઓ પાળે છે. પછી આ બધું પ્રદર્શન બતાવવા માટે ખાણી-પીણીવાળી પાર્ટીઓ યોજી સ્નેહી મિત્રોને આમંત્રે છે. ડાઈનીંગ ટેબલો ચકચકતાં ચોખ્ખાં રાખે પણ તે ઉપર મડદાં (માંસ) ખવાતાં હોય તે મસાણીયા ચોખ્ખાઈ શા કામની ? ડુંગળી લસણની દુર્ગંધને ઢાંકવા પરફ્યૂમ છાંટે છે. ઘરમાં ટી.વી. સેટ, સોફાસેટ, ટી-સેટ, વગેરે ઘણાં સેટ હોય છે. આ બધી ઘરની શોભા નથી પણ ઓભા છે, કારણ કે આ બધા સેટ હોવા છતાં જીવન અપસેટ હોય છે. સૌથી એન્ટિક તો ભગવાન છે તેનો ઘરમાં વાસ થાય અને તે સંબંધી કથા-કીર્તન થાય, તેમના આદેશ મુજબનું જીવન બને એ ઘરની સાચી શોભા છે.

ઘરોની આ શોભા વધારવા પ્રમુખસ્વામી મહારાજ ઘરે ઘરે પગલાં કરે છે. તેમણે

કેવળ વ્યાસપીઠ ઉપર બેસીને પ્રવચનો કર્યાં નથી પણ વિશ્વના ૪૫ જેટલા દેશોમાં, ભારતનાં દશ હજાર ગામોમાં વિચરણ કરીને બે લાખથી વધુ ઘરોને પાવન કર્યાં છે. વધતી જતી ઉંમર અને શારીરિક તકલીફોને લઈને સંતો-હરિભક્તો તેમને આરામ લેવા વિનંતી કરે છે. છતાં હજુ પગ વાળીને કોઈ એક સ્થળે બેસતા નથી. તેઓ માને છે કે પ્રવચનોથી પ્રભાવ પડે, માહિતી મળે પણ પરિવર્તન તો વ્યક્તિગત સંપર્કથી જ થાય.

નાત-જાત, ધર્મ કે દેશ-પ્રદેશના ભેદ વગર પૂજ્ય સ્વામીશ્રી જાતે સામે ચાલીને વ્યક્તિઓને તેને ઘેર જઈને મળ્યા છે. અને તેમનાં ઘરોને તીર્થરૂપ કરી દીધાં છે. હજારો આદિવાસીઓનાં તો જીવન જ પલટાઈ ગયાં. તેઓએ તેમના ઘરમાં જ્યાં માંસ રંધાતું હતું તે ચૂલા તોડી નાખ્યા અને નવા કર્યા. તેમણે ઘરના ફળિયામાંથી તાડીનાં વૃક્ષો કાપી ફળાઉ અન્ય વૃક્ષ વાવ્યાં. તેમને એ ભાવના કે આપણી ભાવિ પેઢીને ખબર ન પડવી જોઈએ કે તેમના પૂર્વજો આ ચૂલા ઉપર માંસ રાંધતા હતા ને તાડી પીતા હતા. આદિવાસીની કન્યા લગ્ન પૂર્વે ભાવિ પતિને કહે છે : 'મંદિરે જઈ દારૂ-માંસ ન લેવાના નિયમ લઈ આવ પછી હું તમારી સાથે લગ્ન કરીશ.' પેલો પૂછે : 'આવી શરત કેમ ?' કન્યા ગળાની કંઠી બતાવી કહે : 'મેં સ્વામિનારાયણનો ધર્મ લીધો છે તું આ ન પાળવાનો હોય તો હું બીજો વર શોધી લઈશ.'

વ્યારાના કુંભારવાડામાં સાંજે દારૂ પીને લોકો આખી રાત માટલાં ઉછાળી મારામારી કરતા હતા. પૂજ્ય સ્વામીશ્રીનાં ત્યાં ચરણ પડ્યાં અને હવે રોજ સાયંકાળે તે વાસમાં બધાં ઘરોમાં આરતીની ઘંટડીઓ રણકે છે ! રાત્રે કથા કીર્તન થાય છે !

સાંગાણા ગામમાં પૂજ્ય સ્વામીશ્રીએ બે કલાકની 'સત્સંગ રેડ' પાડી અને વર્ષો જૂનો દારૂ ઊભી પૂંછડીએ ભાગી ગયો. સત્સંગ નિયમિત ચાલુ થઈ ગયો. સંદેશરના વાઘરીઓના ગળે ગળણાં બંધાઈ ગયાં. ભોજ વગેરે ગામોના હરિજનોએ નાતમાંના દારૂ-માંસના કુરિવાજોને તિલાંજલિ આપી. ઘરોમાંથી ભૂવા-જાગરિયા ગયાં અને અંધશ્રદ્ધાના ઓળા ઓસર્યા. દોરા-ધાગાની જગ્યાએ શરણાગતિની કંઠીઓ આવી.

સાધનસંપન્ન ઘરોમાંના ફ્રિઝમાંથી માંસ અને ઈંડાં ગયાં. જુગારનાં ટેબલો ગયાં. વિચિત્ર વીડિયો કૅસેટો ગઈ. ટી.વી. દર્શનમાં વિવેક આવી ગયો. પાર્ટીઓ પડી ભાંગી. દારૂના બાર ગયા અને સત્સંગના દ્વાર ખૂલ્યાં.

ઘરોઘર સવારે પ્રભાતિયાં સંભળાય, નાનામોટાં બધાં વ્યક્તિગત પૂજા કરી 'જય સ્વામિનારાયણ' કહે. બાળકો અને મોટા પણ માતાપિતાને પંચાંગ પ્રણામ કરે. ઘરમાં આરતી થાય. ડુંગળી-લસણ કે હીંગની તો ઘરમાં ગંધેય ન હોય. થાળ ગવાય. સંધ્યા આરતી પછી બધાં સાથે જમે. રાત્રે ઘરસભા થાય. આ બધું જ્યાં થાય ત્યાં 'એ... એંધાણી સત્સંગવાડો !'

દક્ષિણમાં મકરસંક્રાંતિની આગલી રાતને 'ભોગી જ્વાળા' કહે છે. તે રાત્રે ઘરનો બધો કૂડો-કચરો ભેગો કરીને લોકો સળગાવે છે. પૂજ્ય સ્વામીશ્રીએ દક્ષિણનાં

વિચરણમાં ઘણાં ઘરોમાંથી દારૂ-માંસના ભોગની જ્વાળા કરીને ભોગીઓને જોગીઓ કરી સાચી મકરસંક્રાંતિ કરી હતી. યમસદનની દક્ષિણ દિશામાંથી લોકોને ઉત્તરને માર્ગે-મુક્તિને માર્ગે ચડાવ્યા.

કોર્ટ કે બીજા કોઈથી ન પતે તેવા કૌટુંબિક ઝઘડાઓની પૂ. સ્વામીશ્રીએ પ્રેમથી પતાવટ કરી ઘણાં કુટુંબોને ભાંગતાં બચાવ્યાં છે.

વિદેશ વિચરણમાં એક વાર એક ઘરમાં સંતોએ એક ભાઈને દારૂ-માંસ ન લેવા સમજાવ્યા. તેઓ તો સંમત થયા પણ તેમનાં પત્નીએ અંદરથી કહેવરાવ્યું કે 'જો જો, એવા નિયમ લેતા ! નહિતર આપણે કોને ઘેર બેસવા જઈશું ?' સંસ્કારી મનુષ્યે હવે તો બેસવા જવા યોગ્ય ઘર ગોતવું મુશ્કેલ છે.

સ્વામીશ્રીએ વિદેશમાં ઘણી વાર વિચરણ કરીને સત્સંગ પ્રવૃત્તિ વધારી છે. મંદિરો, બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવા-યુવતી, વડીલ-મહિલા મંડળો સ્થાપી વિદેશોમાં પણ સ્વદેશ પ્રતિષ્ઠા કરી છે. તેમની શિબિરો દેશમાં અને પરદેશમાં યોજી તેમને બળ પ્રેર્યું છે. ઘરો-ઘરમાં પગલાં કરી આદર્શ ઘર બનાવ્યાં છે. નિશાળો કરી બાળકોને શિક્ષણ સાથે ધર્મના પાઠ ભણાવી ભાવિ સત્સંગી પેઢી તૈયાર કરી છે. ઘરમાં કે બહાર કોઈ દારૂ-માંસ લે નહિ અને કોઈને તે ખવરાવે, પીવરાવે પણ નહિ.

પેઢીગત ચાલતો સત્સંગ અને સંસ્કારનો વારસો વિદેશનાં કુટુંબોમાં ટકી રહે તે માટે ૧૯૯૧માં સ્વામીશ્રીએ અમેરિકામાં વિશ્વના વિદ્વાન પ્રોફેસરોને નિમંત્રી 'Transmission of religious traditions' (પરંપરાગત ચાલી આવતી ધાર્મિક પ્રણાલિકાઓનું વંશ પરંપરામાં પ્રત્યારોપણ) નામની એક શિબિર પણ યોજી હતી.

પૂજ્ય સ્વામીશ્રી એક વાર ટપાલ વાંચતા હતા. શ્રી ધીરેન્દ્રભાઈ વીંછીએ પૂછ્યું : 'સ્વામીશ્રી, આટલી બધી ટપાલોમાં શું હોય છે ?' પૂજ્ય સ્વામીશ્રીએ કહ્યું : 'દુઃખની વાતો.' વીંછીએ પૂછ્યું : 'આ ટાળવાનો કોઈ ઉપાય ખરો ?' પૂજ્ય સ્વામીશ્રીએ એક જ શબ્દમાં જવાબ દીધો : 'ઘરસભા.'

બધા રોગોનો આ એક જ અકસીર ઇલાજ છે. પંદર-વીસ મિનિટની રાત્રિની ઘરસભાએ ઘણાં કુટુંબોના સભ્યોને એક સત્સંગ સૂત્રે બાંધ્યા છે. પહેલાં બધાં ટી.વી.ની સામે વીંટળાઈને બેસતાં. એકબીજા સાથે નિખાલસપણે વાતો કરવાનો કે આત્મીયતાનો સંબંધ ન હતો. આનાથી આત્મીયતાનો સેતુ બંધાયો. કથા વાંચનારને આત્મવિશ્વાસ જાગ્યો. કથા આવી અને કૂથલી ગઈ. ઘરના પ્રશ્નો ઉકેલાઈ ગયા. સંપ-સુહૃદભાવ ને એકતા વધ્યાં. બધાં એકબીજાંની લાગણીઓ સમજવા લાગ્યાં. કળિનાં સ્થાનો ગયાં એટલે ઘર ખરેખર ઘર - Sweet Home બન્યું. કથાથી સત્સંગની પુષ્ટિ થઈ.

એક કુટુંબમાં ભાણીને ભૂત વળગ્યાનો વહેમ થયેલો. ઘરના કહે : 'ભૂવા પાસે લઈ

જઈએ' પણ કથામાં દૃઢ આશ્રયની વાતથી બળ આવ્યું અને દાકતરને બતાવ્યું. દાકતરે કહ્યું, 'ભૂત-બૂત કાંઈ નથી. ફક્ત તાવ છે.'

એક ઘરકથામાં આવ્યું કે 'ચોરી કરાય નહિ.' પુત્ર પરીક્ષામાં હતો. પિતાના મિત્ર પરીક્ષક હતા. તેમણે સામેથી ચોરી કરવા કહ્યું પણ પુત્રે ચોરી કરી નહિ.

એક પિતા ક્રોધી હતા. દીકરો સમૈયાની સેવામાં ગયેલો. આવ્યો ત્યારે માર્યો પણ ઘરસભાથી સુધારો થયો. દીકરાથી સાઈકલ તૂટી ગઈ. પિતા કહે : 'બેટા, કાંઈ નહિ. જેવી મહારાજની ઇચ્છા.'

એક ભાઈ ઘરસભા કરે. પત્નીને રસ નહિ. તે ખલેલ કર્યા કરે. છેવટે તે સત્સંગી થઈ અને પિયરમાંય સત્સંગ કરાવ્યો.

એક ઘરમાં ત્રણ વહુ. કંકાસનો પાર નહિ. પણ ઘરસભાએ જાદુ કર્યો અને 'ગૃહ-શાંતિ' થઈ ગઈ.

એક વઢકણી માનો દીકરો રોજ પૂજા કરે તે મા વઢે. પણ ઘરસભાના પ્રતાપે મા પોતે જ પૂજા કરતી થઈ ગઈ. ઘરસભાએ આવા ઘણા ચમત્કારો સર્જ્યા છે.

સ્વામીશ્રીએ વિશ્વવિચરણ દ્વારા ઘણાં બધાં ઘરોને મંદિર બનાવીને વિશ્વના બધા જ પારિવારિક પ્રશ્નોનો સુંદર ઉકેલ આપ્યો છે.

દુનિયાને બદલી નાખવાની, સુધારી નાખવાની પોકળ વાતો કરનારાઓ માટે સ્વામીશ્રીનું એક સુંદર સૂત્ર છે :


'ઘર સુધરે તો સમાજ સુધરે,

સમાજ સુધરે તો દેશ સુધરે અને

દેશ સુધરે તો વિશ્વ સુધરે.'

ટૂંકમાં ઘર સુધરે તો વિશ્વ સુધરે. પછી તો વિશ્વ જ એક પવિત્ર પરિવાર બની જાય. 'વસુધૈવ કુટુમ્બકમ્'ની વૈદિક વિભાવના જ સિદ્ધ થઈ જાય. ગૃહશાન્તિ દ્વારા વિશ્વશાન્તિ થઈ જાય. વિશ્વશાન્તિ પરિષદો ભરવી ન પડે.

- સાધુ વિવેકસાગરદાસ



ઘરતીનો છેડો ઘર

'ઘરતીનો છેડો ઘર' ઘરની ગરિમાને સૂચવવા આનાથી સરળ, ટૂંકી ને સચોટ વ્યાખ્યા જડવી મુશ્કેલ છે.

આટલી વ્યાખ્યામાં તો ઘણું ઘણું આવી જાય છે. ખબર નહિ, ઘરમાં એવું તે શું આકર્ષણ છે કે માણસ ગમે ત્યાં જાય પણ ઘર સિવાય તેના પગ બીજે ક્યાંય સ્થિર થતા જ નથી !

ઘર કરતાં બીજે સારા મહેલમાં રહેવાનું મળતું હોય, સારા પલંગ પર સૂવાનું મળતું હોય, સારું ભોજન ને સારી વ્યવસ્થા મળતી હોય છતાંય ઘર વિના ક્યાંય ગોઠતું નથી. અપૂર્ણ લાગ્યા કરે છે.

ઘર, કાના-માત્ર વિનાનો બે અક્ષરી શબ્દ છે, પણ તે કેવળ શબ્દ નથી. સમગ્ર માનવજીવન એની સાથે સંકળાયેલું છે.

ગમે તેવો ગરીબ માણસ પણ ઘરમાં રાજા. ઘરમાં કોઈની અદબ નથી. તમે છો તેવા વર્તી શકો છો. ઘરમાં તમે જેવા છો તેવા પ્રગટ થઈ શકો છો.

ઘર એટલે ફક્ત સલામતીનું છાપરું જ નહિ. ઘર એટલે રક્ષણનું સાધન જ નહિ. રક્ષણ માટે તો પક્ષીને પણ પોતાનો માળો હોય છે. વાઘસિંહને પણ પાતાની ગુફા હોય છે.

જો આપણા ઘરને સલામતીનું છાપરું જ ગણતા હોઈએ તો આપણું ઘર એ પક્ષીના માળા ને વાઘસિંહની ગુફાથી વિશેષ નથી.

ઘર કોને કહેવાય ? ટપાલી ટપાલ લાવે, મિત્રો ને મહેમાન આવે ને તમે જેનું સરનામું આપી શકો તે ? ના.

જ્યાં તમે પગરખાં ઉતારી શકો, માથેથી ટોપીનો ભાર ઉતારી શકો, શરીર ઉપરથી ખમીસ ઉતારી શકો તે ?

જ્યાં તમારો ભાર હળવો થાય. જ્યાં આપણને હાશ થાય ને જ્યાં આપણને જોઈ સર્વનાં મુખ મલકી ઊઠે તે ઘર.

પરંતુ આજે આવું ઘર મળવું મુશ્કેલ છે. ઘરમાં આજે હાશ અનુભવવાને બદલે ત્રાસ અનુભવાય છે. ઘરમાં મસ્ત રહેવાને બદલે ત્રસ્ત રહેવાય છે. હાસ્ય તો ફક્ત શો-પીસ બની ગયું છે. આપણે ડ્રોઈંગ રૂમમાં હસીએ ને બેડરૂમમાં ભસીએ ! પણ હાસ્ય એ તો રોકડાનો વેપાર છે. પશુંઓ કદાચ અંદરોઅંદર હસતાં નથી. હાસ્ય એ તો માત્ર મનુષ્યને મળેલું જ ઉત્તમ વરદાન છે.

આ વરદાનનો ઉપયોગ થતો હોય તેવાં ઘર કેટલાં ? આપણને જોઈને ઘરમાં મુખ મલકી ઊઠે, હૈયે હેત છલકી ઊઠે એવો અનુભવ કર્યો છે ખરો ? નથી થતો ? શાથી ? કારણ કે ઘરમાં આપણે આપણો પ્રભાવ પાથરવા જઈએ છીએ. આપણી અદબ જળવાય એવું આપણે ઈચ્છીએ છીએ અને તેથી ઘરનું હાસ્ય ઝૂંટવી લઈએ છીએ.

એક ગામમાં એક હાસ્યકલાકારે પ્રેક્ષકોને હસાવવાના ઘણા પ્રયત્નો કર્યા પરંતુ નિષ્ફળ. કોઈ હસે જ નહિ. કલાકારે પૂછ્યું : 'ગામમાં કોઈનું મરણ થયું છે કે મારી ભાષા કોઈને નથી સમજાતી ? કેમ કોઈ હસતું નથી ?'

ત્યારે ગામના એક વડીલ મૂછો પર હાથ દેતાં બોલ્યા : 'હું અહીં બેઠો છું ને કોઈની મઝાલ છે કે હા હા હી હી કરે !'

ક્યારેક આપણો મોભો જળવાય તે માટે ઘરનાં બધાં સભ્યોનો આનંદ ઝૂંટવી લઈએ છીએ. આપણા મોભામાં બધાનો આનંદ નંદવાઈ જાય છે. ઘરમાં આપણી મર્યાદા જાળવવા માટેનો આપણો કડક મિજાજ બધાને ખડ્ગ થઈને વાગે છે તેનો આપણને ખ્યાલ નથી હોતો. આપણો કડપ ઘરના આનંદને હડપ કરી જાય છે તે આપણે ભૂલી જઈએ છીએ.

અંગ્રેજી કવિતામાં કવયિત્રી રોઝ મેકમિલન ખૂબ સરસ વાત કરે છે : 'તમે ઘરમાં સૌથી મોટા હો એટલે જાણે તમને તીખો મિજાજ રાખવાનો અધિકાર મળી ગયો હોય તેમ માની લો છો. તમારા મૂડ પ્રમાણે જ જાણે તમારાં બાળકો અને પત્નીએ એડજસ્ટ થવાનું રહે છે. તમારો ખરાબ મૂડ આખા ઘરને ખરાબ બનાવી દે છે. તે દિવસ પૂરતો તમારા જીવનમાં કસ ના રહ્યો તો લોકોનો રસકસ શું કામ ઉડાવી દો છો ?

'તમે કદી અવલોકન કર્યું છે કે તમારા ગુસ્સા પછી તમે શાંત થાઓ ત્યારે તમારાં બાળકો કેટલાં ખુશખુશાલ થઈ જાય છે ? તમે મોટા છો એટલે ગુસ્સે થવાનો કે મિજાજ બગાડવાનો પરવાનો નથી મળી જતો.'

રોઝ કહે છે : 'સમુદ્રમાં તોફાન ઊઠે છે ત્યારે સૌથી વધુ નુકસાન તો નાની નાની

માછલીઓને થાય છે, મોટી માછલીઓ બચી જાય છે.'

ઘરમાં મુખ્ય વ્યક્તિ જ્યારે તંગ થાય છે ત્યારે જંગ ખેલાય છે ને ઘરનો રંગ બદલાય છે. ઘરનું વાતાવરણ ફરી જાય છે.

દૂધના વાસણમાં છાશનું એક ટીપું પડે તો બધું દૂધ બગડી જાય છે તેમ મુખ્ય વ્યક્તિનો તીખો સ્વભાવ આખા ઘરને ડહોળી નાખે છે. સ્થિર પાણીમાં કાંકરી પડે ને તેમાં તરંગો ઊઠે તેમ ઘરમાં વાતાવરણ તરંગી બને છે.

એક શિક્ષકે બાળકને પ્રશ્ન પૂછ્યો : 'ગરમીમાં વિસ્તાર પામે ને ઠંડીમાં સંકોચાય એવી વસ્તુ કઈ છે ?'

બાળકે જવાબ આપ્યો : 'મારા પપ્પા. એ જ્યારે ગુસ્સે થાય (ગરમ થાય) ત્યારે બહુ લાંબું બોલે છે ને ઠંડા પડતા જાય તેમ તેમ બોલવાનું ઓછું થતું જાય છે.'

મુખ્ય વ્યક્તિના આવા તુમાખીભર્યા સ્વભાવથી ઘરની તાસીર બદલાઈ જાય છે. આપણું ઘર એ મિલિટરીનો કેમ્પ બની જાય છે.

ઘરના બધા સભ્યો પારેવાની જેમ ફફડે... ચોવીસ કલાક ત્રીજું નેત્ર ખૂલેલું જ હોય... શિયાળાની કડકડતી ઠંડીમાં પણ ગરમાગરમ સંવાદો ચાલતા હોય.

આવા ઘરમાં હાશનો અનુભવ કેવી રીતે થાય ?

જો કે મુખ્ય વ્યક્તિ એકલી જ કારણભૂત નથી. એને પણ ઘણા સંઘર્ષો ચાલતા હોય છે. કુટુંબના અનેક પ્રશ્નો મૂંઝવતા હોય છે તેથી તે સતત ટેન્શનમાં રહે છે, પણ આપણે પ્રશ્નોનો ઉકેલ લાવવાને બદલે તેને વધારે ગૂંચવીએ છીએ. ને ટેન્શનનું એકસટેન્શન કરીએ છીએ.

દેવો, દાનવો અને માનવોની એક અગત્યની ચર્ચાસભામાં મૃત્યુલોકમાંથી આપણા સૌના પ્રતિનિધિરૂપે એક માણસને મોકલવામાં આવ્યો. દેવો-દાનવોએ પોતપોતાની પરિસ્થિતિનો ચિતાર આપ્યો. ત્યાર બાદ મૃત્યુલોકના પ્રતિનિધિનો વારો આવ્યો. તેણે એક જ વાક્યમાં આપણા સૌની સઘળી હકીકત જણાવી : 'મારે ઘેર ટી સેટ છે, ટી.વી. સેટ છે, રેડિયો સેટ છે, ડિનર સેટ છે - બધા સેટ છે પણ હું એકલો અપસેટ છું.'

બધું જ હોવા છતાં વ્યક્તિ આજે અપસેટ છે. પ્રત્યેક વ્યક્તિ આ જ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે.

ઘરમાં સુખસગવડનાં તેમજ આનંદ પ્રમોદનાં બધાં જ સાધનો વસાવ્યાં છતાં પણ વ્યક્તિ આજે ગૂંગળાય છે. સુખ એને જડતું નથી. કિંગ સોલોમન અને નેપોલિયન બોનાપાર્ટની જેમ બધું જ મેળવીને પણ આપણે દુઃખમાંથી મુક્ત થઈ શકતા નથી.

એક યુવાન પિતાની ફરીયાદ છે કે આ મારો અંકુર દશ વર્ષનો છે. પણ અત્યારથી એ નઠારાં વેણ બોલે છે. કાલે એ ટી.વી. પર એમ. ટી.વી. સીરિયલ જોતો હતો અને મેં સ્વીચ ઓફ કરી તો રાડ પાડીને બધાની વચમાં મને કહે છે. પપ્પા ! 'આઈ વીલ કીલ

યુ, હું તમને મારી નાખીશ ! આવું બોલીને ક્યારેક તે મારી પર ધસી આવે છે અને નખથી મારા ગાલ પર ઉઝરડા પાડીને મને લોહી લુહાણ કરી મૂકે છે. એને કોણ સમજાવે કે બાપ સાથે આવો વર્તાવ ન કરાય ?'

તાજેતરના જ એક સમાચાર છે કે કોન્વેન્ટમાં ભણતી કેટલીક કન્યાઓ તેની મમ્મીને વાતે વાતે સંભળાવી દે છે : બેસ ! બેસ ! હવે છાની માની, તું શું ભણી છે ? પૂરું ઈંગ્લીશ બોલતાંય આવડતું નથી અને રૂઆબ દેખાડ્યા કરે છે ! તારા કરતાં હું વધારે ભણેલી છું. તારે મને કશું કહેવાનું નહિ. ટીન એજર્સ સંતાનોનો મૂડ સાવ બદલાઈ રહ્યો છે. ઘર ઘરમાં આવાં સંતાનો માથાનો દુઃખાવો બન્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આવી ભૂલો કરવા છતાં કોઈ બાળકને અમે ખોટું કર્યું છે - એવી ગીલ્ટી ફિલિંગ રહી નથી. ખોટું કર્યાનો અફસોસ નથી.

કોન્વેન્ટમાં ભણીને આ બાળકોએ કેટલી પ્રગતિ સાધી છે તેનો સાચો પૂરાવો એ છે કે તે લોકો ઈંગ્લીશમાં ગાળો બોલે છે. રાસ્કલ, સ્ટુપીડ અને બ્લડી ફુલ જેવા શબ્દો દિવસમાં હજારો વાર તે લોકો બોલે છે. ઈંગ્લીશમાં ગાળો દીધા પછી કોઈ મારવાં ધસી આવે તો તરત 'આઈ એમ સોરી' કહીને તે લોકો છટકી જાય છે. સંતાનોના આવા એગ્રેસીવ અને હિંસક વર્તન બદલ પ્રત્યેક મમ્મી-પપ્પા સતત ચિંતાતુર રહે છે. આ ટેન્શનના કારણે મમ્મી-પપ્પાઓનો સ્વભાવ પણ દિવસે દિવસે વધુ ને વધુ ચીડીયો બની રહ્યો છે.

બાળકોની પણ ફરિયાદ છે કે મમ્મી-પપ્પા વારંવાર અમને ટોક ટોક કર્યા કરે છે. ક્યારેય અમને પ્રેમથી બોલાવતા નથી. અમારા કોઈ કાર્યની પ્રશંસા કરતા નથી. બસ આખો દિ તારું ઈન્શર્ટ બરાબર નથી, તારા વાળ કેમ આટલા લાંબા છે ? આજ ને આજ તું કપાવી નાખ. વાઘરી જેવો લાગે છે. તું સાવ નક્કામો છે. ઇત્યાદિ પ્રહારો જ કર્યા કરે છે.

ઘરસંસારમાં ઉભય પક્ષે આવી વિકટતમ પરિસ્થિતિ ઊભી થઈ છે. મન મોટું રાખીને કોઈની પણ ભૂલ જતી કરવી, માફી માગી લેવી, ક્ષમા રાખવી કે ઉદારતા રાખવા માટે આજે કોઈની તૈયારી નથી. નાનામાં નાની બાબતમાં પણ પ્રત્યેક માણસ ફાઈટ કરવાના મૂડમાં હોય છે.

ક્ષણવારમાં તો તેમની આખ્ખે આખ્ખી સીકલ ફરી જતી હોય છે. નજીવી વાતમાં આંખો લાલઘૂમ થઈ જશે, ભંવરો ઊંચી ચડી જશે. હોઠ ફફડવા મંડશે. દિલ ધડક ધડક થવા માંડશે. શરીર કંપવા માંડશે. બ્લડમાં ઉષ્ણતા વધી જશે અને બ્લડનો બધો ફ્લો પૂર જોશમાં મસ્તક તરફ ધસી જશે. હાથપગનાં તળિયાં સાવ ફિક્કા પડી જશે. માણસ માણસ મટીને રાક્ષસ બની જશે. વારંવાર ઉત્પન્ન થતી આવી શારીરિક પરિસ્થિતિ માણસને બ્લડપ્રેશર, હાર્ટએટેક, બ્રેઈન હેમરેજ અને પેટમાં અલ્સર જેવી બીમારીઓના ભોગ બનાવે છે.

દુનિયામાં સુખી કોણ ?

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'સંત સુખી સંસારમેં.'

શંકરાચાર્યે કહ્યું : '**य संतुष्टः सः सुखी**' (સંતોષી નર સદા સુખી)

મહાભારતમાં યક્ષે યુધિષ્ઠિરને આવો જ પ્રશ્ન કર્યો છે.

કો મોદતે ? (આનંદ કોણ કરે છે ?)

તેના પ્રત્યુત્તરમાં યુધિષ્ઠિર કહે છે :

पञ्चेऽहनि वा षष्ठे शाकं पचति यो गृहे ।
अनृणी ह्यप्रवासी च स वारिचर मोदते ॥

ભલે પાંચ-છ દિવસે શાક ખાવા મળતું હોય પરંતુ જેને માથે કોઈ દેવું નથી ને જેને ભટકવું પડતું નથી તે સુખી છે.

સુખી ગૃહસ્થ કોને કહેવાય તે આ સુભાષિતમાં સરળ રીતે સમજાવ્યું છે :

अर्थाऽऽगमो नित्यमरोगिता च
प्रिया च भार्या प्रियवादिनी च ।
वश्यश्च पुत्रोऽर्थकरी च विद्या
षड् जीवलोकस्य सुखानि राजन् ॥

ધનની પ્રાપ્તિ... નિરોગીપણું... પ્રિય (પ્રેમાળ) અને પ્રિયભાષિણી સહધર્મચારિણી પત્ની... આજ્ઞાંકિત પુત્ર તથા ધન - યશ ઉપજાઉ વિદ્યા... આ મનુષ્યલોકનાં છ પ્રધાન સુખો છે.

ગુજરાતીમાં પણ કહેવત છે :

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ કોઠીએ જાર
ત્રીજું સુખ સુલક્ષણી નાર, ચોથું સુખ સંસ્કારી બાળ.

અહીં આપણે અનુભવી મહાપુરુષો દ્વારા સુભાષિતોમાં દર્શાવાયેલ છ પ્રધાન સુખોને સમજવા પ્રયત્ન કરીશું.

૧. अर्थागमः (ધનની પ્રાપ્તિ)

આપણા જીવનવ્યવહારમાં પૈસો પણ મહત્ત્વનું અંગ છે. જીવનમાં ડગલે ને પગલે જેમ પાણીની જરૂર પડે છે તેમ દરેક કાર્યની સિદ્ધિ માટે નાણાંની પણ જરૂર પડે છે. આમ દરેક કાર્યની સિદ્ધિ માટે નાણાંની જરૂર પડે છે તેથી અર્થ(ધન)નો આગમ પણ મહત્ત્વનો બની રહે છે.

જેમ નદીમાં પાણીનો પ્રવાહ બંધ થાય તો ઘણી મુશ્કેલીઓ સર્જાય, તેમ નાણાંનો પ્રવાહ બંધ થાય તો ઘણા કપરા સંજોગો ઊભા થાય છે. આર્થિક સમસ્યાને લીધે મોટી કટોકટી ઊભી થાય છે. નાણાંના આગમન વિના વ્યવહાર ખોરંભાય છે, માટે અર્થ

જરૂરી છે.

આપણાં શાસ્ત્રોએ પણ ચાર પુરુષાર્થમાં અર્થને સ્વીકાર્યો છે, પરંતુ ધર્મ સહિતનો અર્થ. નહિ તો અનર્થ કરાવે છે.

મહાભારતમાં કહ્યું તેમ 'અર્થસ્ય પુરુષો દાસઃ' માણસ પૈસાનો ગુલામ બની ગયો છે. એન્થની સેમ્પસન નામના એક લેખકે 'માઈડસ ટચ' (પારસમણિનો સ્પર્શ) નામનું પુસ્તક લખ્યું છે. તેમાં લેખકે જાતે જ પ્રશ્ન પૂછ્યો છે : 'વિશ્વ ધર્મ કયો છે ?' તેનો ઉત્તર પણ આપ્યો છે : પૈસો. અર્થ.'

અર્થની જરૂર છે પરંતુ અર્થ આપણો ધર્મ બનવો ન જોઈએ. પૈસો આપણો પરમેશ્વર ન થવો જોઈએ. નાણાંના સર્જન માટે નીતિને નેવે મૂકીને ઘણા અઘટિત કાર્યો કરે છે પરંતુ ન્યાય અને ધર્મથી યોગ્ય રીતે અર્થનું ઉપાર્જન થવું જોઈએ.

એક રાજાને પ્રશ્ન થયો : હક્કની કમાણી અને અણહક્કની કમાણી એટલે શું ?

એક દિવસ કોઈક સંત પધાર્યા. તેમને આ પ્રશ્ન પૂછ્યો પરંતુ સંતે કહ્યું : તું બાજુમાં માજીની ઝૂંપડી છે ત્યાં પૂછજે.

માજીને આ પ્રશ્ન પૂછ્યો. માજી કહે : 'જો બેટા ! હું દરરોજ રેંટિયો કાંતી રોજી મેળવું છું. રાત્રે દીવો પેટાવી રેંટિયો ચલાવું છું. પણ ગઈકાલે રાત્રે પાડોશમાં લગ્ન હતું એટલે પારકા દીવાના અજવાળે મેં રેંટિયો ચલાવ્યો. એટલે મને જે મહેનતનાં નાણાં મળશે તેમાં અર્ધાં મારા હક્કનાં અને અર્ધાં અણહક્કનાં. મજૂરી કરી પણ પારકા અજવાળે !'

અનીતિથી મેળવાય તે અલક્ષ્મી.

નીતિથી મેળવાય તે લક્ષ્મી.

નીતિ, રીતિ અને પ્રીતિથી મેળવાય તે મહાલક્ષ્મી.

અલક્ષ્મી વિનાશમાં જાય... લક્ષ્મી વિલાસમાં જાય ને મહાલક્ષ્મી વિકાસમાં જાય...

વિત્તોપાર્જન એ ખૂબ મહત્ત્વની બાબત છે. વિત્ત એક શક્તિ છે. આપણા શાસ્ત્રકારોએ લક્ષ્મીને મા કહીને બિરદાવી છે. મા ભોગ્ય નથી તેમજ ત્યાજ્ય પણ નથી. એ તો પૂજ્ય છે. તેથી લક્ષ્મી સાથેનો આપણો સંબંધ પવિત્ર રહેવો જોઈએ.

અનીતિનો પૈસો કદાચ છત્રપલંગ લાવી આપશે પરંતુ તેના પર સૂનારની ઊંઘ હરામ થઈ જશે. વિપરીત માર્ગે મેળવેલો વૈભવ પત્નીને સોનાની બંગડી પહેરાવશે તો ક્યારેક પતિના હાથમાં લોખંડની બેડી પણ પહેરાવશે.

પોતાનું ઘર આશ્રમ જેવું પવિત્ર બની રહે તે માટે ભારતીય નારી ઉબરાપૂજન કરે છે. ઉબરો એટલે લક્ષ્મણરેખા ! ઘરમાં કેવા પ્રકારનું વિત્ત, વ્યક્તિ કે વિચાર પ્રવેશે તે ઉબરા પર નક્કી થવું જોઈએ.

આજે માણસ ગંદું કે મેલું પાણી પીતો નથી. પરંતુ વિચારો કે વિત્ત ગમે તેવાં મલિન હોય તોપણ સ્વીકારી લે છે. અનૈતિક પૈસો ઘરના ઉબરાની બહાર રહે એમાં જ કુટુંબનું

શ્રેય છે.

ગૃહલક્ષ્મીએ ઉંબરાનું પૂજન કરી ઉંબરામાં રહેલા દેવને પ્રાર્થના કરવી જોઈએ કે - 'હે પ્રભુ ! મારા બારણે શેતાનનું નહિ, સંતનું સ્વાગત હો ! અલક્ષ્મીનું નહિ, મહાલક્ષ્મીનું પૂજન હો ! કુવિચારોનો કચરો નહિ પણ સદ્વિચારોનું સામ્રાજ્ય સર્જાઈ રહો !'

અર્થાગમઃ એટલે મહાલક્ષ્મીનું આગમન. મહાલક્ષ્મીનું પૂજન.

૨. नित्यम् अरोगिता – નિત્ય તંદુરસ્તી

પહેલું સુખ તે જાતે નર્યા.

શરીરમાં કંઈ પણ મુશ્કેલી થાય તો કોઈ વસ્તુ સુખદાયી લાગતી નથી. સામાન્ય તાવની બીમારીમાં પણ બધું ફિક્કું લાગવા માંડે છે. ક્યાંય મઝા રહેતી નથી. પૈસા હોય પરંતુ શરીર સાથ ન આપે તો સુખ ભોગવી શકાતું નથી. પૈસાથી ધારો તે મેવા ખરીદી શકાય છે ખરાં પણ ખાઈ શકાતાં નથી. ખાવા માટે તો સુદૃઢ સ્વાસ્થ્ય જોઈએ.

ઘણા ધનાઢ્ય લોકો એવા જોવા મળે છે કે ગમે તેવા પૈસા પચાવી શકે છે પણ ખાવાનું પચાવી શકતા નથી ! ખોરાક સિવાય તેઓ બધું જ પચાવી શકતા હોય છે ! ગમે તેની ગમે તેવી જમીન, મકાન, દુકાન કે મિલકત - બધું જ તેઓ સારી રીતે પચાવી શકે છે, પરંતુ ખોરાક પચાવી શકતા નથી !

મિલકત વગેરે પચાવવા માટે કઠણ કાળજું જોઈએ, જે તેઓની પાસે હોય છે અને તેથી જ તેઓ બધું પચાવી શકે છે (પચાવી પાડે છે), પરંતુ ખોરાક પચાવવા તો સક્ષમ હોજરી જોઈએ. આવા લોકોનું કાળજું કઠણ હોય છે પરંતુ હોજરી નબળી હોય છે, તેથી ખાવાનું મળે તો પણ ખાઈ શકતા નથી.

ગરીબ અને પૈસાદાર બન્નેના પ્રશ્નમાં બહુ ઝાઝો તફાવત નથી.

ગરીબ માણસને એક પ્રશ્ન હોય છે : કેમ કરીએ તો ભૂખ ભાંગે ?

પૈસાદારને પ્રશ્ન હોય છે : કેમ કરીએ તો ભૂખ લાગે ?

ભૂખ લાગી છે, હવે શું કરીએ ? - આ ગરીબની મૂંઝવણ.

ભૂખ નથી લાગતી, શું કરીએ ? - આ તવંગરની મૂંઝવણ.

પદાર્થ હોય પણ નીરોગી શરીર વિના ભોગવી શકાતા નથી.

એક વ્યક્તિએ ખૂબ સારો પલંગ બનાવ્યો. હવે કેડનો દુઃખાવો શરૂ થવાને લીધે પલંગનો ઉપયોગ કરી શકાતો નથી. કંઈ પણ પાથર્યા સિવાય પાટ ઉપર જ સૂવાનું રહે છે. મોંઘી કિંમતનો 'બેડ સેટ'હોવા છતાં નાદુરસ્ત સ્વાસ્થ્યને લીધે સૂઈ શકાતું નથી ! એટલે પ્રથમ તો આરોગ્ય સારું જોઈએ.

દુનિયાનો પોપગાયક માઈકલ જેક્સન ડબલ અબજપતિ છે. છતાં તે પલંગની ગાદીમાં સૂઈ શકતો નથી. જમીન પર સૂએ છે. તેમ તેના વિષે લખાયેલા નવા પુસ્તક

'માયકલ જેક્સન : ધ મેજિક એન્ડ મેડનેસ'માં લખ્યું છે.

વળી ઘણી વાર તો એવું જોવા મળે છે કે માણસ પૈસા કમાવાની ધૂનમાં શરીરનો ભોગ આપી દે છે અને પૈસા કમાય પણ છે. પરંતુ પાછળથી શરીર સારું રાખવા માટે પૈસાનો ભોગ આપી દે છે એટલે સરવાળે શરીર કે પૈસો કંઈ રહેતું નથી. માટે સ્વાસ્થ્ય મહત્ત્વનું છે.

૩. प्रिया च भार्या प्रियवादिनी –પ્રેમાળ અને પ્રિયભાષિણી પત્ની

જીવન એક રથ છે. તેનાં બન્ને પૈડાં સરખાં હોય તો સુગમતાથી રથ ચાલતો રહે. પતિ-પત્ની બે પૈડાં છે. પ્રેમાળ અને સાનુકૂળ પત્ની મળવી તે પણ સદ્ભાગ્યની વાત છે. પરંતુ આજ સુધી ઘણા ઓછા ભાગ્યશાળી પુરુષો નીકળ્યા હશે કે જેમના રથના પૈડામાં પંક્ચર ન પડ્યું હોય !

જો કે પુરુષપ્રધાન સમાજમાં લખાયેલા આ શ્લોકમાં ભલે ગૃહસ્થાશ્રમના સુખ તરીકે પ્રેમાળ પત્નીને જ વર્ણવી હોય, પરંતુ હકીકતે સંસારમાં પ્રેમાળ, સમજુ અને નમણો પુરુષ મળે એ પણ એટલા જ સદ્ભાગ્યની વાત છે. એવો પતિ ધરાવતી ભાગ્યવંતી પત્નીઓ કેટલી હશે ? અસંખ્ય નારીઓ જડ જેવા પતિના બરછટ સ્વભાવો સહન કરી કરીને પત્થરવત્ બની ગઈ છે - એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. બંને પક્ષે હૃદયની કોમળતા અપેક્ષિત છે. આ સુભાષિતમાં પ્રિય બોલનારી પત્ની પર ભાર મૂક્યો છે.

કંકોત્રીમાં હસ્તમેળાપની વાત આવે છે. હૃદયમેળાપની વાત ક્યાંય આવે છે ? હૃદયમેળાપ તો જોવા જ મળતો નથી !

લગ્ન પહેલાં પત્ની કહે, 'તમે મારા.'

પતિ કહે, 'તું મારી.'

લગ્ન પછી બન્ને કંઈ જ બોલતાં નથી. કારણ, બન્ને વચ્ચે રહે છે ફક્ત મારા-મારી!

લગ્ન થાય પછી પહેલા વર્ષે પતિ બોલે ને પત્ની સાંભળે, બીજે વર્ષે પત્ની બોલે ને પતિ સાંભળે, ત્રીજે વર્ષે બન્ને બોલે ને પાડોશીઓ સાંભળે. થોડાંક જ વર્ષોમાં મીઠા સંબંધો ખાટા થઈ જાય છે. જિંદગીનાં અરમાનો મરી પરવારે છે. ઘણી વાર લગ્નજીવન ખોરંભે ચડેલું જોવા મળે છે. લગ્નના અગ્નિને ધુમાડો થતાં વાર લાગતી નથી.

શિયાળાની સવારનો તડકો ક્યારે ઉનાળાની ભરબપોર બની જાય તે સમજાતું નથી. ચંદ્રમુખી પત્ની ક્યારે સૂર્યમુખી ને પછી જ્વાળામુખી બની જાય તે કહી શકાતું નથી.

ફૂલ અચાનક કાંટો થઈને વાગવા માંડે છે. પ્રેમ ફૂલ કરતાં પણ વહેલો કરમાઈ જાય છે. રેશમની દોરી ક્યારે કાથી બનીને ઘસાય તે કહી શકાતું નથી.

કાચીંડાની જેમ સંસારના રંગો બદલાવા મંડે છે. લગ્નજીવનમાં વીતેલાં વર્ષો સૂટ ને

સાડી થઈ કબાટમાં લટકે છે.

ઘણી વાર આપણું ઘર કુરુક્ષેત્રનું મેદાન બની જાય છે અને પતિ એક યોદ્ધાનું તથા પત્ની રણચંડીનું પાત્ર ભજવી પાડોશીઓને આનંદ આપે છે.

એક વાર લગ્નમંડપમાં વરકન્યાનો હસ્તમેળાપ જોઈ એક બાળકે તેના પિતાને પૂછ્યું : 'આ બન્ને શું કરે છે ?'

પિતાએ કહ્યું : 'મેદાનમાં બે મલ્લ કુસ્તી કરવા આવે તે પહેલાં એકબીજાને શેક હેન્ડ કરવાની પ્રણાલી હોય છે. આ બન્ને જણ પણ 'શેક હેન્ડ' કરે છે.'

મોટા ભાગનાં દંપતીઓનું આ દયામણું દૃશ્ય છે. પતિ-પત્ની ઉપરથી મળે છે, અંદરથી બળે છે. લગ્નજીવન ભગ્ન પણ બને છે.

એન્જેલા બ્રોકમેન નામની મહિલાને ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે લગ્ન પછી આપને હવે કેવું લાગે છે ?' મહિલાએ જવાબ આપ્યો કે લગ્ન પછી હું સુખી છું. લગ્ન પહેલાં મને માથાનો ખૂબ જ દુઃખાવો રહેતો. હવે એ દુઃખાવો દૂર જ થઈ ગયો છે.

તેનો પતિ બાજુમાં જ બેઠેલો. તેણે તરત કહ્યું : 'દુઃખાવો દૂર નથી થયો પણ ટ્રાન્સફર થઈ ગયો છે !'

ઘરમાં ને ઘરમાં જ દુઃખાવો ઘૂમ્યા કરે છે, બહાર નીકળતો જ નથી. એક વ્યક્તિ બીજા માટે માથાનો દુઃખાવો બની રહે છે.

વિદેશમાં પતિ-પત્નીના ઝઘડાનું સમાધાન કરનારી સંસ્થામાં એક મહિલા પોતાનો પ્રશ્ન લઈને ગઈ. ત્યાં વેઈટિંગ રૂમમાં એક બોર્ડ મૂકવામાં આવેલું. તેમાં લખ્યું હતું : જરા શાંતિથી વિચારો. તમે અને તમારા પતિ વચ્ચે કઈ કઈ બાબતોમાં સામ્ય છે.

મહિલાએ લખ્યું : 'ફકત એક જ બાબતમાં. અમે બન્ને એક જ દિવસે પરણ્યા હતા !'

અમે એક જ દિવસે લગ્ન કર્યાં હતાં - આટલું જ કોમન-સામ્ય છે બાકી બીજું કાંઈ કોમન નથી. એકબીજાના વિચિત્ર સ્વભાવોને લીધે લગ્નજીવન બરબાદ થઈ જાય છે ને ગૃહસ્થાશ્રમની દિવાલોમાં તિરાડ પડવા માંડે છે.

એક સાહિત્યકારે પુસ્તક પૂરું કર્યા પછી પત્નીને અર્પણ કરતાં લખ્યું : 'જેની ગેરહાજરી વિના આ પુસ્તક પૂરું ન થઈ શક્યું હોત.'

જેની ગેરહાજરીમાં પતિ પોતાનું કાર્ય સરળતાથી પૂર્ણ કરે તે પત્ની કેવી સહધર્મચારિણી હશે !

એક દૂબળા પાતળા ભાઈનું ઓચિંતું ભરાવદાર શરીર જોઈને તેના મિત્રે પૂછ્યું : 'શરીર બહુ સારું થઈ ગયું. ક્યાંય બહાર ફરવા ગયેલો ?'

'ના. હું નહિ મારાં પત્ની ફરવા ગયેલાં !' જેની ગેરહાજરી પતિને સુખ આપે તે પત્ની

કેવી સાનુકૂળ હશે !

ઘણી વાર પત્ની પતિ માટે આફતરૂપ બની જતી હોય છે. લંડનના જોસેફે પત્ની સાથે છૂટાછેડા માંગ્યા, કારણ કે તેની પત્ની ખૂબ ધૂની. ધૂન સવાર થાય ત્યારે પતિને ઊંચકીને પછાડે, પરિણામે ભાગ્યે જ એવો દિવસ જાય કે કોઈ અંગ માર ખાધા વગરનું રહે !

આવી જ ફરિયાદ પ્રમુખસ્વામી મહારાજ પાસે પણ આવેલી.

હમણાં થોડો વખત પહેલાં મુંબઈમાં પેડર રોડના વૈભવી વિસ્તારમાં રહેતા એક ભાઈએ ૬૦ વર્ષ પૂરાં કર્યાં. તેમના પુત્રોએ પિતાનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું. આમંત્રણપત્રિકા તૈયાર કરી. તેમાં લખ્યું હતું કે - 'અમારા પૂ. માતુશ્રીની અસીમ કૃપાથી અમારા પિતાશ્રીને ૬૦ વર્ષ માંડ માંડ પૂરાં થયાં છે. તેનો હરખ દર્શાવવા અમે હરખજમણ રાખ્યું છે તો આપને સ્વાદિષ્ટ આમંત્રણ.'

દરેક પુરુષની સફળતા કે નિષ્ફળતા પાછળ એક સ્ત્રી હોય છે. આ વાત ખરેખર સાચી છે. લોર્ડ બર્ન્સે પોતાના દીકરાને સલાહ આપતાં કહેલું કે દીકરા, જ્યારે તું પ્રભુતામાં પગલાં માંડવાનું નક્કી કરે ત્યારે તારી અર્ધાંગના પસંદ કરવામાં દીર્ઘદૃષ્ટિ વાપરજે. તારી આખી જિંદગીના સુખદુઃખનો આધાર સ્ત્રી ઉપર છે. સારી અનુકૂળ પત્ની મળે તો ગૃહસ્થાશ્રમ દીપી ઊઠે, જીવનબાગ ખીલી ઊઠે. નહિ તો બાગ ને બદલે આગ ઝરવા માંડે, વનમાંથી રણ બની જાય.

કનેકટીકટ (અમેરિકા) ખાતે દારૂના એક વિશાળ બારનો માલિક મરણ પામ્યો. તેની પાછળ કશી જ પ્રજા નહોતી. એક પત્ની અને ખૂબ મિલકત મૂકીને તે મરણ પામ્યો. મરણ પછી એનું વિલ વાંચવામાં આવ્યું તો સ્વાભાવિક રીતે જ એણે પોતાની મિલકત પત્નીને આપી હતી પરંતુ એક શરતે. શરત એવી હતી કે દર વર્ષે પતિની મરણતિથિએ પત્નીએ શહેરનાં તમામ છાપામાં આવી જાહેરખબર આપવાની કે - મેં મારી જીભ જો ટૂંકી રાખી હોત તો મારા પતિ ઘણું લાંબું જીવ્યા હોત !'

આવી જાહેરાત આપે ત્યારે જ એને દર વર્ષે મિલકતમાંથી ભાગ મળે. જેની જીભને કારણે પતિની જિંદગી ટૂંકાઈ ગઈ તે પત્ની કેવી પ્રિયભાષિણી હશે!

વિશ્વના મૂર્ધન્ય સાહિત્યકારોમાંના એક ટોલ્સ્ટોય રશિયામાં ભૂલા પડેલા એક ભારતીય ઋષિ જેવા હતા. એમની કર્કશા પત્નીએ એમને આખા જીવન દરમ્યાન ભારે ત્રાસ આપેલો. છેવટે આ સંત જેવા મહાપુરુષને આખરની વેળાએ ઘર છોડીને ચાલી નીકળવું પડેલું. હૂંફાળા ઘરથી ઘણે દૂર જીવનનાં અંતિમ પગલાં એમણે બરફના ઢગલા ખૂંદવામાં ગાળેલાં.

કારણ ? કર્કશા પત્નીની સતત કટુ વાણી ને ઝેરભર્યા વ્યવહારો. ટોલ્સ્ટોયે પોતાની અંગત ડાયરીમાં લખ્યું છે કે - 'એક દિવસ એક વખત પણ મારી પત્નીએ મને મીઠા શબ્દો કહ્યા હોત તો એના સ્મરણમાત્રથી હું જીવનભર આનંદ માણી શક્યો હોત !

પરંતુ મુજ કમનસીબના ભાગ્યમાં એ ધન્યતા હશે જ નહિ. મારું આખું જીવન પત્નીના હાકલા પડકારા સાંભળવામાં જ બરબાદ ગયું છે. એને મનાવી લેવાના પ્રયત્નોમાં મારાં કીમતી વર્ષો વીતી ગયાં પણ એક મીઠો શબ્દ સાંભળવાનું સદ્‌ભાગ્ય મને ન સાંપડ્યું તે ન જ સાંપડ્યું.'

રશિયન લેખક મેક્સીમ ગોર્કીએ એક સ્થળે નોંધ્યું છે કે 'એક વાર લિયો ટોલ્સ્ટોય ફરવા ગયા હતા ત્યારે એક વૃક્ષના થડ ઉપર ખિસકોલીને જોઈને તેને પૂછ્યું હતું - 'શું તું સુખી છે ? હું તો નથી.' ટોલ્સ્ટોયના શબ્દોમાં કેવી વેદના હશે !'

Many times a person goes into married life with a wonderful future but comes out with a terrible past.

અર્થાત્, ઘણીવખત લોકો રોમાંચક ભવિષ્ય મેળવવા માટે લગ્નબંધનમાં જતા હોય છે અને છેવટે ભયાનક ભૂતકાળ સાથે તેમાંથી બહાર આવે છે.

હર્બટ લૂઈ સેમ્યુલે કહ્યું છે લગ્નને સફળ બનાવવા માટે બે વ્યક્તિની જરૂર પડે છે. નિષ્ફળ બનાવવા એક જ વ્યક્તિની.

પત્ની ધારે તો પતિને સુખી પણ કરી શકે છે ને દુઃખી પણ. એટલા માટે જ ગૃહસ્થાશ્રમને દીપાવવા માટે પત્ની સાનુકૂળ ને પ્રિયભાષિણી હોવી જોઈએ. એટલે જ સંસ્કૃતમાં કહેવત છે - **गृहिणी गृहम् उच्चते...** ગૃહિણી એ જ સાચું ઘર છે.

સર હેનરી ટેઈલરે સુંદર વાત કરી છે : 'સાચી અર્ધાંગના એ જ કે પોતાના ઘરને વિશ્રામસ્થાન બનાવે.'

દક્ષિણ ભારતમાં ઘણા કવિઓ થઈ ગયા પરંતુ તેમાં સૌથી જુદા જ તરી આવે તેવા કવિ હતા સંત તિરુવલ્લુવર.

તમિળ કવિઓમાં મહાકવિ તિરુવલ્લુવરનું સ્થાન આગલી હરોળમાં છે. તેમણે લખેલા અમરગ્રંથ 'કુરલ'ને તમિળો વેદ તરીકે માને છે, પરંતુ વલ્લુવર પછાત જ્ઞાતિમાં જન્મેલા હોવાથી તેમના ગ્રંથ 'કુરલ'ને સાહિત્યક્ષેત્રમાં મૂકવામાં તેમને ખૂબ મુશ્કેલી પડી હતી. અંતે સફળતા પણ મળી.

તેમને વાસુકિ નામની પત્ની હતી. આખી જિંદગી તેણે પતિની આજ્ઞા પ્રમાણે જ પાલન કર્યું હતું. એક વાર સંત તિરુવલ્લુવરને કોઈએ પૂછ્યું : 'કયો આશ્રમ શ્રેષ્ઠ ? ગૃહસ્થ કે સન્યસ્ત ?'

તેમણે કંઈ જવાબ ન આપ્યો. પરંતુ તેઓ ઠંડો ભાત જમતા હતા તે વખતે તેમણે પત્નીને કહ્યું : 'વાસુકિ ! જરા પંખો લાવજે, ભાત ઠંડો કરવો છે.' પત્નીએ કોઈ જ દલીલ કર્યા સિવાય પંખો આપ્યો.

વળી બપોરના સમયે સૂર્યનો પ્રકાશ હોવા છતાં તેમણે તેમનાં પત્નીને કહ્યું : 'વાસુકિ ! જરા દીવો લાવજે દોરો પરોવવો છે.' કોઈ જ પ્રશ્ન કર્યા સિવાય વાસુકિ દીવો લાવ્યાં.

દીવાના અજવાળે દોરો પરોવ્યો.

તિરુવલ્લુવરે જણાવ્યું કે જે ઘરમાં પત્ની નિષ્ઠાથી સેવા કરે છે, પતિવ્રતા છે, પતિને સાનુકૂળ છે - તે ઘર નથી પણ સ્વર્ગ છે. આવી પત્ની હોય તો ગૃહસ્થાશ્રમ પણ શ્રેષ્ઠ સાબિત થાય.

લગ્નના પ્રથમ દિવસે વાસુકિએ તિરુવલ્લુવરને ભોજનની થાળી પીરસી ત્યારે તેમણે જીવનમાં સૌ પ્રથમ પત્નીને આજ્ઞા કરી : 'મારી ભોજનની થાળી સાથે હંમેશાં પાણી ભરેલો એક વાટકો અને સોય રોજ મૂકતાં રહેજો.'

વાસુકિએ આજીવન આ આજ્ઞાનું પાલન કર્યું. અંતિમ ક્ષણોએ વલ્લુવરે રાજી થઈને વાસુકિને પૂછ્યું, 'તમારી કંઈ અંતિમ ઈચ્છા છે ?'

વાસુકિએ કહ્યું, 'એક પ્રશ્ન પૂછવાની ઈચ્છા છે.'

'ખુશીથી પૂછો.'

વાસુકિએ કહ્યું : 'આપની આજ્ઞાથી હું આજ સુધી આપના ભોજન સમયે સોય ને પાણીનો વાટકો બાજુમાં રાખતી, પરંતુ આપ આ બન્ને વસ્તુ શા માટે રાખતા હતા તે જાણવું છે.'

પત્નીના પ્રશ્નનો ખુશીથી ને શાંતિથી ઉત્તર આપતાં તિરુવલ્લુવરે કહ્યું : 'પાણીનો વાટકો ને સોય આ બન્ને રાખવા માટે મેં એટલે કહ્યું હતું કે જમવાનું પીરસતાં કદાચ ભાતના દાણા નીચે પડી જાય તો સોયથી ઉઠાવીને પાણીમાં ધોઈ ફરી હું ખાઈ શકું, પરંતુ તું એટલી બધી કાર્યદક્ષ રહી કે હું એક પણ દિવસ એ સોય અને પાણીનો ઉપયોગ કરી શક્યો નથી.'

આદર્શ પત્ની માટે આનાથી ઉત્તમ શું હોઈ શકે ? ખરેખર તિરુવલ્લુવર કેવા ભાગ્યશાળી ! આવું ઘર સ્વર્ગ ન બને તો બીજું શું બને ? આવા સ્વર્ગ માટે ભાગ્યશાળી કેટલા ?

સર ઓલિવર વેન્ડેલ હોલ્મીએ કહ્યું છે : 'બુદ્ધિશાળી સ્ત્રીઓ કરતાં સુહૃદયી સ્ત્રીઓ પુરુષને વધુ આનંદ ને પ્રોત્સાહન આપી શકે છે.'

એક જર્મન કહેવત છે : જ્યાં સદ્‌ગુણી પત્ની ત્યાં ઝૂંપડું પણ સ્વર્ગ.

'કાંટાની ડાળને ફૂલો જેમ સુંદર બનાવી શકે છે તેમ એક સંસ્કારી સ્ત્રી માણસના ઘરને સુંદર સ્વર્ગ જેવું બનાવી શકે છે.' એવું તત્ત્વચિંતક શ્રી ગોલ્ડ સ્મિથ કહેતા.

મનુ સ્મૃતિમાં પણ મનુ ભગવાને કહ્યું છે :

संतुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुलं नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥

જે કુળમાં પતિ-પત્ની એકબીજાને પ્રેમ કરે છે ને એકબીજાને સંતુષ્ટ રાખે છે તે કુળનું હંમેશાં નિશ્ચિત કલ્યાણ થાય છે.

મહાભારતમાં વનપર્વના ૨૩૪માં અધ્યાયમાં શ્રી વ્યાસજીએ ખૂબ સુંદર પ્રસંગ આલેખ્યો છે.

જે વનમાં પાંડવો હતા ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ આશ્વાસન દેવા આવ્યા. તે યાત્રામાં એક વાર સત્યભામાએ દ્રૌપદીને પૂછ્યું : 'તારા શૂરવીર અને બળવાન પતિઓ તારા કહ્યામાં રહે છે તેનું શું કારણ છે ? કોઈ જંત્રમંત્ર છે કે શું ? કે પછી તેં કોઈ વ્રત, જપ, હોમ કર્યા છે ? મને પણ તે ઉપાય બતાવો જેથી કૃષ્ણ અમને વશ રહે.'

દ્રૌપદી કહે : 'દેવિ ! આપ કૃષ્ણની પટરાણી થઈ આ શું કહો છો ? સતી સાધ્વી સ્ત્રીઓ જંત્રમંત્રથી એટલી દૂર રહે છે જેટલી સાપ વગેરેથી.'

પછી પોતાનો આત્મસાત થયેલો ઉપાય જણાવતાં કહ્યું : 'હું અહંકારનો અને કામક્રોધનો ત્યાગ કરીને ખૂબ સાવધાનીથી પાંડવોની સેવા કરું છું. ઈર્ષ્યા તો કરતી જ નથી. મન વશ કરીને વર્તું છું અને જેમ પતિ રાજી થાય તેમ કરું છું. કડવું ક્યારેય બોલતી નથી. અસભ્યતાથી ઊભી રહેતી નથી. ખરાબ વાતો ઉપર દૃષ્ટિ નથી રાખતી. દૂષિત જગ્યાએ બેસતી નથી અને ખરાબ આચરણવાળા પાસે તો ફરકતી પણ નથી. પતિના અભિપ્રાયને સંકેતમાત્રથી અનુસરવા લાગું છું. ગમે તેવો પુરુષ હોય મારું મન પાંડવો સિવાય ક્યાંય જતું નથી. એમના ભોજન પછી ભોજન કરું છું. મધુર રસોઈ કરી બધાને સમયે સમયે ભોજન કરાવું છું. સદા સજાગ રહું છું. વાતે વાતે તેમનો કે કોઈનો તિરસ્કાર કરતી નથી. પતિ સિવાય એકલા રહેવાનું થાય તો વ્રત આદિ નિયમ લઉં છું. તેમનાથી વધુ સારાં વસ્ત્રો કે રહનસહન રાખતી નથી. સંયમમાં વર્તન રાખું છું. તેમના પહેલાં ઊઠું છું. તેમના પછી સૂઉં છું. ભૂખતરસ સહન કરીને રાત્રિ-દિવસ એમની સેવામાં લાગી રહું છું. દેવિ ! પતિને અનુકૂળ આ રીતે રહું છું અને તેમને આધીન રહીને તેમને આધીન રાખું છું.'

કેટલું અદ્‌ભુત પતિવ્રતાપણું ! કેટલું ઉત્કૃષ્ટ ને આદર્શ જીવન !

'ઉત્તર રામચરિત'માં ભવભૂતિએ રામ અને સીતાના દામ્પત્યપ્રેમનું હૃદયંગમ વર્ણન કર્યું છે.

अद्वैतं सुखदुःखयोरनुगतं सर्वास्ववस्थासु यद् ।
विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ॥

જીવનની કોઈ પણ અવસ્થામાં જે અદ્વૈત સાધી શકે, હૃદય જ્યાં સાચો વિશ્રામ પામી શકે તેમજ વાર્ધક્ય પણ જેના રસને ઘટાડી શકે નહિ તે જ સાચો દામ્પત્યપ્રેમ.

ઘર એટલે પુરુષના કર્તવ્યોનું અને સ્ત્રીના સમર્પણનું સુભગ મિલન. સમર્પણની સુગંધીથી સ્ત્રી સંસારની ફૂલવાડીને મહેકાવે છે. પુરુષ જો ગદ્ય હશે તો સ્ત્રી એ પદ્ય છે. અને એ ગદ્ય-પદ્ય સંગ્રહનું નામ જ છે દામ્પત્યજીવન !

નદી જેમ પોતાનાં રંગ, રૂપ, આકાર કે સ્વાદને તજીને સાગરમાં ભળી જાય છે તેમ

સ્ત્રી પણ પોતાનું સમગ્ર વ્યક્તિત્વ પુરુષમાં ભેળવી નાખીને સંસારમાં અદ્વૈત સાધે છે. દૂધમાં ભળી ગયેલી સાકર દેખાતી નથી અને છતાં દૂધની મીઠાશને વધારે છે. તે જ રીતે સ્ત્રી પણ ગુપ્ત રહીને ગૃહસ્થાશ્રમની મધુરતાને વધારે છે. વ્યંજનોમાં ભળેલો સ્વર દેખાતો નથી પરંતુ સ્વર વગરનો વ્યંજન લંગડો છે. સ્ત્રી પણ સ્વરરૂપે પુરુષ-વ્યંજનમાં ભળી જઈને તેને પૂર્ણ બનાવે છે. પુરુષના જીવનમાં રહેલા શૂન્યાવકાશને ભરી નાખતી હોવાથી જ સ્ત્રી કદાચ ભાર્યા કહેવાતી હશે. પતિનું તેજ ટકાવવું એ સ્ત્રીના હાથની વાત છે.

કેવળ ભોગવિલાસ માટે પરણતા લોકોના જીવનમાં સંવાદિતા જોવા મળતી નથી. એમના સંસારની મહેંદીનો રંગ થોડાક જ વખતમાં ફિક્કો પડી જાય છે. સમજદારીનું સંગીત ન હોય ત્યાં જીદ, અહંકાર, દંભ અને દુરાગ્રહનો ઘોંઘાટ શરૂ થાય છે. નિત્યનો વિવાદ એમના જીવનમાં વિખવાદ સર્જે છે. શરૂઆતના આભાસી અનુરાગમાં ખટરાગનો પ્રવેશ થાય છે અને દિનપ્રતિદિન વધતો ખટરાગ અંતે વિનાશક આગનું સ્વરૂપ લે છે.

પતિ-પત્નીના સંબંધો પ્રેમની ઉષ્માથી યુક્ત, ભાવની ભીનાશથી ભરેલા અને સંશયથી પર હોવા જોઈએ. પત્ની બન્યા પછી પણ સ્ત્રીએ પતિની પ્રિયતમા બની રહેવાનું છે એ વાત ભૂલવી ન જોઈએ, તેમજ પતિએ પણ પ્રિયતમ બની પોતાની પત્ની પ્રત્યે અનન્ય વફાદારી દાખવવી જોઈએ.

આદર્શ પત્નીની જેમ આદર્શ પતિ પણ હોવો જોઈએ. ઘણી વાર પતિ પણ જો વિચિત્ર હોય તો સંસારરથ સુંદરતાથી ગતિ કરી શકતો નથી.

એક સ્ત્રીને કોઈએ પૂછ્યું, 'તમારો પતિ મૃત્યુ પામે તો તમે શું કરો ?' સ્ત્રીએ જવાબ આપ્યો, 'હું એક કૂતરો પાળું. કારણ, કૂતરામાં ને મારા પતિમાં કોઈ ફેર નથી !' (બન્ને ભસે છે !)

પતિ એક પરમેશ્વર થવાને બદલે કૂતરો બને ત્યારે તેનું જીવન કેવું હશે !

જયપુરની એક ગૃહિણીએ ગુહાર મત વિસ્તારમાંથી વડાપ્રધાનને કાગળ લખેલો કે કૃપા કરી મારા વરને ચૂંટણીની ટિકિટ ન આપતા. તે સાવ નકામો માણસ છે. તે રાજકારણમાં પડશે તો અમારું ઘર બરબાદ થઈ જશે. પોતાની પત્ની જ આવી ભલામણ કરે તે પતિ કેવો હશે !

એક સ્ત્રીએ ૭૫ વર્ષની મોટી ઉંમરે ભગવાન પાસે પોતાના રંડાપાની માગણી કરી : હે ભગવાન ! અમારા ફળિયાની બધી બાઈઓ રંડાણી પણ મારો વારો ન આવ્યો ! જે બાઈ રંડાપાની માગણી કરે તેના ધણીએ જીવન કેવું ઝેર જેવું કર્યું હશે ? ઘરમાં કેવો કાળો કેર વર્તાવ્યો હશે ? માટે જેમ પત્નીના ધર્મ છે તેમ પતિના ધર્મ પણ છે. બન્ને પોતપોતાના ધર્મમાં રહે તો '**धन्यो गृहस्थाश्रमः**' આ શબ્દો ફક્ત શુભેચ્છાના રૂપમાં જ ન રહે પરંતુ મૂર્તિમાન જોવા મળે.

ઘરમાં કંકાસ થાય છે. ઝઘડો થાય છે. તેમાં એક જ વ્યક્તિ કારણભૂત હોતી નથી.

બન્ને જવાબદાર હોય છે. ડચ કહેવત છે : 'જ્યારે બે ઝઘડે ત્યારે બન્નેની ભૂલ હોય છે.'

A quarrel requires two men.

અને ઝઘડાની શરૂઆત જીભ લપસવાથી થાય છે. પગ સહેજ લપસે ને કેડ ભાંગે. જીભ સહેજ લપસે ને ઘર ભાંગે. કોઈ નસીબદાર બચી પણ જાય!

'પગ લપસવાથી થયેલ ઘા જલદી રુઝાઈ જાય છે, જીભ લપસવાથી થયેલ ઘા ક્યારેય રુઝાતો નથી.' - ફ્રેન્કલીન ઈર્વિંગ.

'તણખાની તાકાત ઘાસની ગંજી ભડભડ બળે.
જરીક વસમી વાત ને આ નેણપિયાલી ઢળે.' (સુરેશ દલાલ)

સહેજ તણખો ઊડે ને બધું સળગી ઊઠે તેમ સહેજ અવળું બોલાય ને મહાભારત સર્જાય. પહેલાં વાણીયુદ્ધ (બોલાબોલી), પછી પાણિયુદ્ધ (મારામારી) થાય. એટલે જ કહ્યું છે : પ્રિયા ચ ભાર્યા પ્રિયવાદિની ચ ।

પ્રેમાળ ને પ્રિયભાષિણી પત્ની પણ ઘરનું સુખ છે.

૪. वश्यश्च पुत्र આજ્ઞાંકિત પુત્ર... ગુણિયલ પુત્ર

આજ્ઞાંકિત ને સદ્‌ગુણી પુત્રની પ્રાપ્તિ થવી તે પણ ગૃહસ્થાશ્રમનું એક સુખ છે.

ગુણિયલ પુત્રને પ્રત્યેક માતાપિતા ઝંખે છે. આવો પુત્ર ન હોય તો તે ડંખે છે.

પિતાના વચને વનનાં કષ્ટોનો સહર્ષ સ્વીકાર કરનાર રામ જેવા પુત્રને કોણ નહિ ઈચ્છતું હોય! (પરંતુ રામ મેળવવા માટે ઘરને અયોધ્યા બનાવવું પડે ને માતાપિતાએ કૌશલ્યા ને દશરથ બનવું પડે!)

રામનો ૨૭ વર્ષની ઉંમરે રાજ્યાભિષેક કરવા દશરથે નિશ્ચય કર્યો. કૈકેયીએ તે વખતે વરદાનની માગણી કરી. દશરથ મૂંઝાયા. કૈકેયીએ રામને વનવાસ જવાનું જણાવ્યું. તે સમયે રામ કૈકેયીને કહે છે :

'પિતાની આજ્ઞા થતાં હું આગમાં પડવા, ઝેર ખાવા તૈયાર છું કારણ કે તે મારા પિતા છે, ગુરુ છે, હિતદર્શી છે. પિતાના મનમાં જે હોય તે તમે મને કહો. તેનું તરત જ પાલન કરીશ. હું સત્યપ્રતિજ્ઞ છું અને પ્રતિજ્ઞાપાલનને જ મારો ધર્મ સમજું છું...' રામ બે બાજુ બોલનાર નથી.

વનવાસની આજ્ઞા સાંભળી લક્ષ્મણે દશરથ પર ખૂબ આક્ષેપ કર્યો કે બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે... વગેરે... ત્યારે રામ કહે છે :

धर्मो हि परमो लोके धर्मे सत्यं प्रतिष्ठितम् ।
धर्म–संश्रितमप्येतत् पितुर्वचनमुक्तमिम् ॥

પિતાનું વચન એ જ મારો શ્રેષ્ઠ ધર્મ છે. (વાલ્મીકિ રામાયણ, અયોધ્યા કાંડ. ૨૧-૪૧)

શંકરાચાર્યના જન્મ પહેલાં તેમનાં માતા આર્યામ્બા ને પિતા શિવગુરુ પોતાના ગામ કાલડી નજીક વૃષ નામના પર્વત ઉપર મહાદેવના મંદિરમાં તપ, ધ્યાન વગેરે કરતાં હતાં. (ત્યાં મહાદેવના મંદિરને તિરુકુર કહે છે.) તેમની સેવા-ભક્તિથી પ્રસન્ન થઈ મહાદેવે બંને દંપતીને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું, 'તમારે સો પુત્રો જોઈએ છે કે એક ? જો તમો સો પુત્ર ઈચ્છશો તો તે લાંબું જીવશે પણ મૂર્ખ રહેશે. ને જો તમે એક જ પુત્ર ઈચ્છશો તો તે અલ્પ આયુષ્યવાન થશે પણ સર્વજ્ઞ બનશે.'

કહેવાની જરૂર નથી કે આર્યામ્બા અને શિવગુરુએ કેટલા પુત્રની માંગણી કરી હશે !

કચ્છમાં સંત તરીકે ખ્યાતિ પામેલા દાદા મેંકણ કહેતા,

કાંઉ ઝાઝા કાગોલિયા, કાંઉ ઝાઝા કપૂત,
હંસો તો હેક જ ભલો, હકડો ભલો સપૂત.

ઝાઝા કાગડા કે ઝાઝા કુપુત્રો શા કામના ? એક જ રૂડો હંસ ને એક જ સુપુત્ર હોય તો તે ઘણું છે.

સંસ્કૃતમાં પણ કહ્યું છે - **वरमेको गुणी पुत्रो न च मूर्खशतान्यपि ।**

ગુણિયલ એવો એક જ પુત્ર શ્રેષ્ઠ છે મૂર્ખપુત્રોના ટોળાથી શો લાભ ? એક જ ચંદ્રથી અંધકાર દૂર થાય છે નહીં કે નભમાં છવાયેલા તારામંડળથી.

પૂજ્ય યોગીજી મહારાજ કહેતા, દી વાળે તે દીકરો, ને છો વાળે તે છોકરો. કુટુંબને છાજે તેવું કરે તે દીકરો, કુટુંબ લાજે તેવું કરે તે છોકરો.

સૌ આવા પુત્રોને ઈચ્છે છે. કુટુંબને તારનારો પુત્ર જોઈએ. ટાળનારો કે મારનારો નહીં.

ઈ.સ. ૧૯૮૮ની વિદેશયાત્રા દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજે આસ્ટનમાં વાત કરેલી : 'એક છોકરો ખૂબ તોફાની. એના પિતા સાથે ફરવા ગયો. ત્યાં એક તળાવ જોયું. તેને સ્નાન કરવાની ઈચ્છા થઈ. સ્નાન કરવા તળાવમાં ગયો. છોકરાએ એના પિતાને પૂછ્યું, 'પપ્પા, હું ડૂબકી લગાવું ?'

'લગાવને ! જેટલી વાર તારું મોં ન જોવાય એટલું સારું,' એના પિતાએ કહ્યું.

આવા પુત્રથી શો લાભ ? આવા પુત્રો કુટુંબને તારે કે મારે ?

એક બાળકને તેનું નામ પૂછ્યું. તેણે કહ્યું, 'મારાં ઘણાં બધાં નામ છે, તમને કયું નામ આપું ?' પૂછનારને નવાઈ લાગી. બાળકે કહ્યું, 'ઘરમાં મને બેવકૂફ કહે છે, સ્કૂલમાં મને ગધેડો કહે છે, ગામમાં બધા નાલાયક કહે છે.'

ચંદનના વનમાં એક બાવળ ઊગે તો કેવું દુઃખ થાય ! તેમ ખાનદાન કુટુંબમાં આવો એક પુત્ર જન્મે તો ઘર તારાજ થયા વિના રહે ખરું ?

બાળકનાં જન્મ પહેલાં 'પથ્થર એટલા દેવ' કરનાર માતાપિતાને ઘણી વાર તો બાળકના જન્મ પછી વાંઝિયાપણું સારું લાગતું હોય છે ! 'તારા કરતાં પથરો જન્મ્યો

હોત તો સારું,' આવું કહેનારી માતા પોતાના પુત્રના વર્તનથી કેટલી દુઃખી હશે ! પુત્રના જન્મ પહેલાં માતાપિતાનું બળતું હૃદય પુત્રજન્મ પછી પણ ઠરતું નથી. કારણ કે પુત્ર સ્વચ્છંદી ને કુલક્ષણો હોય એટલે શું થાય ?

આજ્ઞાંકિત પુત્ર માતાપિતાની આંતરડી ઠારે છે. આવો પુત્ર ઘરની શોભા વધારે છે, ઘરની શાન બઢાવે છે.

બંગાળના મિદનાપુર જિલ્લાના એક નાનકડા ગામમાં મા-દીકરો વાત કરતાં હતાં, એટલામાં દીકરાએ કહ્યું, 'મા ! મારી એવી ઈચ્છા છે કે તારા માટે ઘરેણાં બનાવડાવવાં. તું કહે તે પ્રમાણે બનાવી આપું.'

મા કહે : 'મને ત્રણ જાતનાં ઘરેણાં બનાવડાવી આપ.'

'કઈ ત્રણ જાતનાં ?'

માએ કહ્યું : 'એક તો, આપણા ગામમાં નિશાળ બનાવ. બીજું, ગરીબો માટે દવાખાનું. ત્રીજું, અનાથ બાળકોનાં પેટ ભરવાની સગવડ.'

આ સાંભળીને દીકરાની આંખમાં આંસુ આવી ગયાં. તેણે મોટા થઈને ભગવતી વિદ્યાલય, અનાથાશ્રમ અને દવાખાનું બનાવડાવ્યાં ને માતાની ઈચ્છા પૂર્ણ કર્યાનો સંતોષ અનુભવ્યો.

પુત્રનું નામ હતું ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને માતાનું નામ હતું શ્રી ભગવતી દેવી.

આવા પુત્રો આપણા કુટુંબને ઉજ્જ્વળ કરે છે. માતાપિતાના સંકલ્પોને સાકાર કરનાર પુત્રો મેળવનાર ઘર કેટલું ભાગ્યશાળી હશે ! આવા પુત્રો ઘરનું ઘરેણું છે.

ચીનના એક ધર્મપુસ્તકમાં લખ્યું છે : 'માતાપિતાની સેવા એટલે ફક્ત ભરણપોષણ જ નહિ. ભરણપોષણ તો બિલાડાં પણ કરે છે. ભક્તિ વિનાનું ભરણપોષણ એ સાચી સેવા નથી.'

ચીનમાં શ્રવણ જેવો હો-લીન નામે માતૃભક્ત હતો. એક રાત્રે મા-દીકરો ઘરમાં સૂતેલાં ત્યારે રાત્રે ઘરમાં ચોર પેઠો. ચોરે ખંજરથી છોકરાને બીવડાવી બાંધી દીધો ને બધી ઘરવખરી લઈ લીધી. ઘરમાં કડાઈ હતી તે ચોર લેવા ગયો તે વખતે હો-લીન બોલ્યો : 'તારે જે લેવું હોય તે લે પણ કડાઈ રહેવા દે.'

ચોરને નવાઈ લાગી કે કીમતી વસ્તુઓ લેતાં મને ન રોક્યો ને કડાઈ માટે રોકે છે ? કારણ પૂછ્યું. હો-લીને કહ્યું : 'ભાઈ કડાઈમાં બીજું કાંઈ નથી પણ મારી માતાને તેની જરૂર પડશે. તેને રાબ પીવા માટે જોઈશે. હું શેમાં બનાવીશ ?' તરત જ ચોર તેનાં ચરણોમાં પડ્યો. બધું પરત દઈ દીધું.

માતાપિતાને આવા બાળકથી વધુ શું જોઈએ ?

એક દિવસ ચાણક્યે માતાનું મુખ ઉદાસ જોયું. ખૂબ દુઃખ થયું. માને કારણ પૂછ્યું. પરંતુ 'કાંઈ નહિ,' એમ બોલી માતા ચૂપ થઈ ગયાં. ચાણક્યના ખૂબ આગ્રહને અંતે

માતાએ ઉદાસીનતાનું કારણ જણાવતાં કહ્યું, 'બેટા ! નાનપણમાં મેં સામુદ્રિક વિષયનું શિક્ષણ લીધેલું. તારા આગલા બે દાંત જોઈને મને ખાતરી થઈ કે ભવિષ્યમાં તું મહાન પુરુષ બનીશ ત્યારે તારી માને ભૂલી જઈશ. આ વિચારથી હું ઉદાસ થઈ ગઈ.'

માતાને ખબર ન પડે એ રીતે ચાણક્યે પથ્થર ઉપાડી બે દાંત તરત પાડી નાખ્યા !

એની માતાએ આ જાણ્યું એટલે પૂછ્યું : 'દીકરા ! તે આ શું કર્યું ?' ચાણક્યે જવાબ આપ્યો, 'મારી માતાના સુખની આડે જે વસ્તુ આવે તે મારે માટે કોટિ ઉપાયે ન જોઈએ. આ બે દાંતે જ તને ઉદાસ કરી હતી ને ? મેં બીજું કાંઈ નથી કર્યું, પરંતુ ફક્ત તારી ઉદાસીનતા દૂર કરી છે.'

આવા પુત્રજન્મથી માતાપિતા સ્વર્ગ કરતાં પણ વધારે આનંદ અનુભવે તેમાં શી નવાઈ ?

તુલસીદાસ ને રહીમ ખાનખાના મિત્રો હતા. તુલસીદાસે એક વાર ખાનના ઉપર દોહાની એક લીટી લખીને મોકલી અને તેને પૂરી કરવા જણાવ્યું :

'સુરતીય નરતીય નાગતીય સબ ચાહતિ અસ હોય.'

અર્થાત્ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ લોકની સ્ત્રીઓ શું ઈચ્છે છે ?

રહીમ ખાનાએ લીટી પૂરી કરતાં જણાવ્યું : 'ગોદ લઈ હુલસી ફિરે તુલસી સો સુત હોય.'

અર્થાત્ જેમ હુલસી (તુલસીદાસનાં માતા) પોતાની ગોદમાં તુલસીને લઈને આનંદથી ફરે છે તેમ અમારે પણ તુલસી જેવું બાળક હોય તો ગોદમાં લઈને ફરીએ-એવું ત્રણેય લોકની સ્ત્રીઓ ઈચ્છે છે.

પ્રત્યેક માતાપિતા આવા પુત્રને ઝંખે છે.

શમ્મે બુરહાની નામના એક સંત થઈ ગયા. તેમની મઝાર અમદાવાદના ઉસ્માનપુરામાં કમર હોસ્ટેલની પાછળ આવેલી છે.

તેમને પોતાની માતાની સેવા કરવી ખૂબ ગમતી. તેઓ નાના હતા ત્યારે એક વાર માતા બીમાર પડ્યાં. તેઓ માતાની સેવામાં પરોવાઈ ગયા. એક રાતે માતાએ પાણી માગ્યું. તેઓ પાણીનો પ્યાલો ભરીને લાવ્યા પરંતુ તેટલીવારમાં તેમની માતા ઊંઘી ગયાં હતાં. તેથી તેઓ પાણીનો પ્યાલો હાથમાં પકડીને સવાર સુધી ઊભા રહ્યા.

સવારે તેમની માતા જાગ્યાં અને જોયું તો દીકરો પાણી લઈને છાનોમાનો ઊભો હતો. માતાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. શમ્મે બુરહાનીએ જવાબ આપ્યો : 'મા ! તમે મારા માટે કેટલાય ઉજાગરા વેઠ્યા છે. હું તમારા માટે એક રાત જાગ્યો તેમાં મેં કંઈ મોટું કામ કર્યું નથી.'

આવા પુત્રોથી અધિક ગૃહસ્થાશ્રમનું શ્રેષ્ઠ સુખ બીજું કયું હોઈ શકે ?

એક વિધવા માતાનો એક પુત્ર કલકત્તાની વડી અદાલતની મુખ્ય ન્યાયાધીશ બની

ગયો. એની તેજસ્વી કારકિર્દી ને પ્રતિભાશાળી વ્યક્તિત્વથી અંજાઈને સરકાર તરફથી વિલાયત જવાનું સામેથી આમંત્રણ મળ્યું. કાયદાના વધુ અભ્યાસ માટે વિલાયત જવા મિત્રોએ પણ આગ્રહ કર્યો. અધિકારીઓએ દબાણ કર્યું. એ મૂંઝાયો. પોતાની માતા પાસે પહોંચી ગયો ને વિલાયત જવા અંગેની વાત માંડીને કરી. માતાની આંખમાં ડોકાતાં વેદનાનાં ઝળઝળિયાંએ જ ઉત્તર આપી દીધો. માતાએ કહ્યું : 'બેટા ! ઘડપણની મારી લાકડી ને મારું સર્વસ્વ તું છે, ઈશ્વરને દ્વારે પહોંચી જાઉં પછી જવું હોય તો જજે. પછી જેવી તારી મરજી.'

વિધવા માતાના વચને મહત્ત્વાકાંક્ષાના મિનારા એણે જમીન-દોસ્ત કરી દીધા. ભવિષ્યના સ્વપ્રને ધૂળમાં રગદોળી નાંખ્યું. ન જવા માટેનો નિર્ણય લઈ લીધો.

બંગાળના તે વખતના ગવર્નર લોર્ડ કર્ઝનને ખબર મળ્યા. તેમના રાજ્યનો તેજસ્વી ન્યાયાધીશ વિલાયત જવાનો ઈન્કાર કરી રહ્યો છે એ જાણી તેમણે દાંત કચકચાવ્યા, ગુસ્સે થયા. તે ન્યાયાધીશને પોતાની પાસે હાજર થવાનો આદેશ આપ્યો. ન્યાયાધીશ હાજર થયા. ઔપચારિક સમજાવટ પછી લોર્ડ કર્ઝને સત્તાવાહી સ્વરમાં કહ્યું : 'તમારે વિલાયત જવું જ પડશે.' ન્યાયાધીશ પોતાના નિર્ણયમાં મક્કમ જ હતા.

'જાણો છો શ્રીમાન્! હું તમને ન્યાયાધીશ પદેથી ઉતારી મૂકીશ.' હવે કર્ઝનના સ્વરમાં ધમકી હતી.

ન્યાયાધીશે કહ્યું : 'સર ! આપની સત્તાને સ્વીકારીને મારી નોકરી જતી કરતાં મને જરાયે ખેદ નહિ થાય. પરંતુ મારી વિધવા માતાનાં આંસુ હું ક્યારેય સહન નહીં કરી શકું. એની અવજ્ઞા મારાથી નહિ થાય.'

માતૃભક્તિથી છલકાતા આ નિર્ણય આગળ લોર્ડ નતમસ્તક બન્યા. ક્રોધ ઓગળી ગયો અને ન્યાયાધીશને પ્રેમથી ભેટ્યા. સત્તા હારી, માતૃભક્તિની જીત થઈ.

એ યુવાન ન્યાયાધીશ બીજા કોઈ નહિ પરંતુ તે હતા આશુતોષ મુખરજી.

માતૃદેવો ભવ... પિતૃદેવો ભવ... આ ભાવનાને સાકાર કરનાર આવા પુત્રનાં માબાપનું કેવું પરમ સૌભાગ્ય કહેવાય !

બાકી ઘણી વાર તો દીકરો લાકડીનો સહારો થવાને બદલે લાકડી ઉગામે છે. હમણાં તાજેતરમાં જ લંડન ખાતે પ્રમુખસ્વામી મહારાજ પાસે ૬૫-૭૦ વર્ષના એક વૃદ્ધ આવ્યા. પોતાની હૈયાવરાળ ઠાલવતાં તેમણે કહ્યું, 'મારે ત્રણ દીકરા છે. સાધનસંપન્ન છે, સુખી છે, પણ ત્રણમાંથી કોઈ મને રાખવા તૈયાર નથી. હવે હું ક્યાં રહું ?'

આ ઉંમરે માબાપને અદ્ધર લટકતાં રાખનાર પુત્રો ગૃહસ્થાશ્રમનું સુખ કહેવાય કે દુઃખ ? માબાપની આંતરડી કકળાવનાર પુત્રો કરતાં વાંઝિયાપણું શું ખોટું ?

પિતાજીની ઝૂંપડી મધ્યે પાંચ પુત્રો વસી શકે. પુત્રોના પાંચ મહેલમાં પિતા કદી સમાય કે ? આ પ્રશ્ન હજી અણનમ જ રહ્યો છે. તેનો પ્રત્યુત્તર આપવો કઠિન છે. આવા

પુત્રો એ સંસારનું સુખ નથી. સદ્‌ગુણી, સંસ્કારી, આજ્ઞાપાલક પુત્રો આપણા જીવનને હર્ષમય ને આનંદમય બનાવે છે.

૬. अर्थकरी विद्याः અર્થને પ્રાપ્ત કરી શકાય તેવી વિદ્યા

અર્થકારી વિદ્યા પણ સુખી કુટુંબ માટે અગત્યનું પાસું છે. વિદ્યા અર્થકારી હોવી જોઈએ, અનર્થકારી નહીં. આપણાં શાસ્ત્રોએ ચાર પુરુષાર્થ બતાવ્યા છે. તે ચારેય પુરુષાર્થને સિદ્ધ કરે તેવી વિદ્યા હોવી જોઈએ. આ લોક અને પરલોકમાં સુખી કરે તથા શ્રેય ને પ્રેય બન્ને શીખવે તે સાચી વિદ્યા.

લક્ષ્મીનું ઉપાર્જન અને સંસ્કારોનું સંવર્ધન કરનારી વિદ્યા આપણા કુટુંબને સુખી કરે છે. પ્રમુખસ્વામી મહારાજના શબ્દોમાં કહીએ તો 'લક્ષણ વગરનું શિક્ષણ આપણું ભક્ષણ કરે ને લક્ષણવાળું શિક્ષણ આપણું રક્ષણ કરે.'

સુનીતિ ને સુરીતિ શીખવે તે વિદ્યા.

ચીનમાં કહેવત છે :

If you are planning for a year, sow rice.

If you are planning for adecade, plant trees.

If you are planning for a life time, educate a person.

એક વર્ષ માટે સુખશાંતિ જોઈતાં હોય તો ચોખા ઉગાડો.

દસ વર્ષ માટે શાંતિ જોઈતી હોય તો વૃક્ષો વાવો.

જીવનભર સુખશાંતિ માણવાં હોય તો પ્રજાને શિક્ષણ આપો.

પરંતુ કયું શિક્ષણ ?

The heart of education is the education of the heart. (હૃદયનું શિક્ષણ આપવું એ જ શિક્ષણનું હૃદય છે.)

જીવનનો નિર્વાહ કરવાનું, જીવનનું ઘડતર કરવાનું તથા જીવનનો ઉદ્ધાર કરવાનું શીખવે તે સાચી વિદ્યા.

૧૯૫૦માં ભારતમાં ૨૫ યુનિવર્સિટી ને ૭૦૦ કોલેજો હતી. આજે ૧૭૨ યુનિવર્સિટી ને ૭૦૦૦ કોલેજો છે, પરંતુ આવી અર્થકારી વિદ્યા ક્યાં ? દિનપ્રતિદિન વિદ્યાલયોમાં આવી વિદ્યાનો લય થતો જાય છે. શાળા એ વિદ્યાનું આલય બનવાને બદલે વિદ્યાના લય માટેનું સ્થાન બની ગઈ છે.

દૂધમાં રહેલાં પ્રોટીન-વિટામિનની વાત ભણાવવામાં આવે છે પરંતુ દૂધ બનાવનારની વાત ક્યાંય ભણાવાય છે ખરી ? લોહીમાં રહેલા શ્વેતકણ ને રક્તકણની માહિતી આપવામાં આવે છે પરંતુ લોહી બનાવનારની વાત ક્યાંય ભણાવાય છે ખરી ?

જોકે દેશ-વિદેશમાં આ વિદ્યાની અનિવાર્યતા હવે થોડી થોડી પણ સમજાતી જાય છે.

અમેરિકનોને આ વાત સમજાઈ છે એટલે હવે શિકાગોના શેરબજારના ૨૫૦૦ શેરદલાલોને નીતિમત્તાના શિક્ષણના વર્ગો ભરવાનું ત્યાંના સ્ટોક એક્સચેન્જે ફરજિયાત બનાવ્યું છે. જો કોઈ શેરદલાલ એથિક્સ(નીતિશાસ્ત્ર)ના વર્ગ ન ભરે તો તેનો દંડ થાય છે ને તેનું શેરબજારનું કાર્ડ ઝૂંટવાઈ જાય છે !

વળી બ્રિટનના કેવળણી ખાતાએ બ્રિટનની ૨૪,૦૦૦ સેકન્ડરી સ્કૂલોમાં નિયમ બનાવ્યો છે કે દરેક સ્કૂલમાં શીખ, યહૂદી, ઈસ્લામ, હિન્દુ અને બૌદ્ધ ધર્મની પ્રાર્થના અને પાઠ અડધો કલાક શિખવાય.

સા વિદ્યા યા વિમુક્તયે... મુક્તિ અપાવે તે સાચી વિદ્યા. ભગવાનની સમીપ લઈ જાય તે વિદ્યા. આવી વિદ્યા આપણા કુટુંબનું ભાવિ ઉજ્જ્વળ બનાવે છે ને આપણા કુટુંબમાં શાંતિ સ્થાપે છે.

આમ, અનુભવી પુરુષોએ મનુષ્યલોકનાં આ છ પ્રધાન સુખ ગણાવ્યાં છે. આટલાં વાનાં આપણા ઘરને પૂર્ણ આનંદ આપે છે. ઘરને નંદનવન બનાવે છે. આટલાં છ સુખ હોય તો તે સુખી ગૃહસ્થ કહેવાય.

શ્રીમદ્ રાજચંદ્ર પણ કહેતા : 'કુશળ ને કહ્યાગરા પુત્રો, આજ્ઞાવલંબી ધર્મયુક્ત અનુચરો, સદ્ગુણી સુંદરી, સંપીલું કુટુંબ જે પુરુષ પાસે હશે તેનું જીવન સર્વને માટે વંદનીય છે.'

વળી તેમણે કહ્યું છે કે 'આટલું હોય તો હું મોક્ષની ઈચ્છા કરતો નથી : આખી સૃષ્ટિ સત્શીલને સેવે - નિયમિત આયુષ્ય, નીરોગી શરીર, કુળદીપક પુત્ર, અચળ પ્રેમી પ્રેમદા, આજ્ઞાંકિત અનુચર, જીવનપર્યંત બાલ્યાવસ્થા અને આત્મતત્ત્વનું ચિંતવન...' કુટુંબમાં આટલું હોય તો તે કુટુંબ સ્વર્ગતુલ્ય જ છે.

અતિથિ સત્કાર થતો હોય તે 'ઘર'

આદર્શ ઘરની વ્યાખ્યામાં વધુ એક ઉમેરો કરતાં કવિ રોબર્ટ ફ્રોસ્ટ કહે છે કે 'ઘર કોને કહેવાય ?' જ્યાં બારણે જઈને ઊભા રહો ને તરત પ્રેમસભર 'આવો' સંભળાય તે ઘર, બાકી ઝૂંપડાં.'

ઈંટોનું બનેલું હોય તે ઘર ને ઘાસ-માટીનું હોય તે ઝૂંપડું - આ આપણી વ્યાખ્યા છે. પણ 'અતિથિદેવો ભવ'ની ભાવના જ્યાં સંપૂર્ણ જાળવાયેલી હોય તે ઘર. 'હે જી તારા આંગણિયા પૂછીને...' આ કાવ્યમાં કવિ દુલા કાગે આ જ ભાવનાને ખૂબ સુંદર રીતે વ્યક્ત કરી છે. કોઈ આવે તેને માટે પ્રેમ જાગે, અંતરના ઊમળકાથી વધાવે, મહેમાનને તો મીઠો આવકાર જ જોઈએ છે. હેત-ભીના આવકારમાં જ ઓડકાર આવી જાય.

ચાર મીલે ચોસઠ ખીલે બીસ રહે કર જોડ
દો અંગમેં આનંદ બઢે ફૂલે સમ કરોડ.

ચાર આંખો ભેગી થાય તો ચોસઠ દાંત ખીલી ઊઠે ને બન્ને વ્યક્તિના ચાર હાથની

વીસ આંગળીઓ ભેગી થઈ એકબીજાને નમસ્કાર કરે ને બન્નેનાં અંગમાં એટલો આનંદ થાય કે સાત કરોડ રૂંવાડાંમાં આનંદ ફરકવા માંડે.

'અતિથિદેવો ભવ' ની ભાવના તો આપણી સંસ્કૃતિની આગવી દેણ છે. દેવને જેટલા પ્રેમથી પૂજીએ છીએ તેટલા જ પ્રેમથી અતિથિને પણ સન્માનવાની ભાવના આપણા ઋષિમુનિઓએ બતાવી છે. અરે, આંગણે આવેલા પશુ માટે પણ આદરની વાત બતાવી છે.

રંતિદેવ રાજાની અતિથિદેવો ભવની ભાવનાને શ્રીમદ્ ભાગવતે કેટલી સુંદર રીતે નિરૂપી છે!

અતિથિની માગણીને સંતોષવા માટે સગાળશા શેઠે પોતાના પુત્રને વહેરી તેનું માંસ અર્પણ કરેલું. આજે તેમની ૭૧મી પેઢી ચાલી રહી છે. પોતાના પુત્રને વહેરાવેલો તેથી તેમના વંશજો વહોરા તરીકે ઓળખાયા. સગાળશા શેઠના ભાઈ ગણપત શેઠના પુત્રો વહોરા કહેવાયા. અતિથિનો સત્કાર કેવો હોય તેનું સગાળશાએ ઉજ્જ્વળ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

શિક્ષાપત્રીમાં પણ ભગવાન સ્વામિનારાયણે કહ્યું કે ગૃહસ્થાશ્રમી એવા જે સત્સંગી તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો. (૧૩૮)

એક વાર મહાત્મા ગાંધી ને દેશબંધુ ચિત્તરંજનદાસ અતિથિસત્કારની વાતે ચડ્યા હતા. દેશબંધુદાસ ખીલ્યા હતા. એમણે કહ્યું : 'અતિથિ સત્કારની અમારા કુટુંબની એક વાત જાણવા જેવી છે. મારા વડદાદા હતા તેમને ત્યાંથી કોઈ અતિથિ જમ્યા વગર જાય નહિ. મારાં દાદીમા બીચારાં આખો દિવસ કામ કરીને થાકી જાય. દાદાનો હુકમ હતો કે કોઈ અતિથિ સત્કાર વગર પાછો ન જ જવો જોઈએ. દાદાનો આ હુકમ કેવો પળાય છે તેની કસોટી કરવા દાદા એક વાર પરગામ જવાનું બહાનું કાઢીને બહાર નીકળ્યા. રાતે સાધુનો વેશ લઈ બાર વાગે આવ્યા ને ઉતારા માટે વિનંતી કરી. દાદી બીચારાં કામકાજમાંથી એ જ વખતે પરવાર્યાં હતાં. તે બોલ્યાં : 'બાર વાગેય મૂઓ મહેમાન ?' આ 'મૂઓ' શબ્દ સાંભળી દાદાને ગુસ્સો ચડ્યો ને પાંચ વરસ સુધી ઘરનો ત્યાગ કર્યો. આવી હતી અમારા વડદાદાની પરોણાગત.'

ભારતીય સંસ્કૃતિમાં આ ભાવના કેવી સુંદર રીતે જળવાઈ હતી તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

એક સાખીમાં કહ્યું છે :

આવ નહિ, આદર નહિ, નૈનનમેં નહીં નેહ;
તા ઘર કબુ ન જાઈએ, કંચન વરસે મેહ
આવ જહાઁ, આદર જહાઁ, નૈનનમેં ભી નેહ;
તા ઘર નિશદિન જાઈએ, ભાલે વરસે મેહ.

આદરની ભાવના જ્યાં ન હોય ત્યાં સોનાનો મહેલ હોય તોપણ શો અર્થ ?

હજરત અબુ તલ્હાને ત્યાં રાત્રે એક મહેમાન આવ્યો. ઘરમાં તાવડી તડાકા મારતી હતી. બાળકોને ચાલે તેટલું જ ખાવાનું હતું. પણ હવે થાય શું ? ખૂણામાં જઈ અબુ તલ્હાએ પત્નીને કહ્યું : 'આ બાળકોને સમજાવી પટાવી સૂવડાવી દે. પછી અતિથિ માટે થાળી પીરસ.'

'પણ મહેમાન જમે એટલું જ ભોજન છે, તમારેય સાથે બેસવું પડશે ને !' પત્નીએ કહ્યું. 'એમ કર. અમારા બેની થાળી પીરસજે પણ જ્યારે જમવા બેસીએ ત્યારે ફાનસની વાટ મોટી કરવાને બહાને ઓલવી નાખજે. અંધારાનો લાભ લઈ મારા ભાગની રોટી મહેમાનની થાળીમાં મૂકી દઈશ એટલે તે બરાબર ધરાઈ રહેશે.' આમ કહી પોતે ભૂખ્યા રહી અબુ તલ્હાએ મહેમાનને જમાડ્યા !

દેવોને પણ આતિથ્ય માણવાનું મન થાય તેવી હોવી જોઈએ અતિથિસત્કારની ભાવના.

સામ્યવાદનો પ્રણેતા કાર્લમાર્ક્સ ગરીબ માણસ હતો. દેવાદાર માણસ હતો, પણ એના સદ્ભાગ્યે પત્ની ખૂબ સારી મળેલી. કાર્લમાર્ક્સની પત્ની જેયિની આનંદની ધારા જેવી હતી. એની અતિથિ બનેલી એક વ્યક્તિએ નોંધ્યું છે કે ત્યાં મેં ચોપાસ ગરીબી જોઈ પણ તેના કુટુંબજીવનની અમીરી મારી છાતીમાં મીઠું દર્દ જગાડી ગઈ. જે પ્રેમથી તેમણે ચા-નાસ્તો આપ્યાં એ હું કદી ભૂલી શક્યો નથી. કપ-રકાબી તૂટેલાં હતાં. રકાબીમાં તિરાડ હતી અને કપનો કાન નીકળી ગયેલો. ખુરશી પણ તૂટેલી હતી, પણ એમનો ઉમંગ ને પ્રેમ જોઈ મને લાગ્યું કે હું તૂટેલી ખુરશીમાં નહિ પણ રાજસિંહાસન પર બેઠો છું.

આતિથ્યસત્કારમાં પદાર્થ કરતાં અંતરના પ્રેમનું મહત્ત્વ ઝાઝું હોય છે.

દાદાખાચરને ત્યાં રાતદિવસ પરમહંસો અને હરિભક્તોનો સમૂહ ઊભરાતો જ રહેતો. પરંતુ ક્યારેય તેમની આદરભાવનાનું કે પ્રેમભાવનાનું પૂર ઓછું થયું નહોતું. ઘરની પરિસ્થિતિ દુર્બળ હતી પરંતુ મનની પરિસ્થિતિ દુર્બળ નહોતી.

સારંગપુરના વાઘાખાચરને પણ પોતાના વિષમ દેશકાળનું દુઃખ મનમાં નહોતું. પરંતુ વિકટ સંજોગોને લઈને હરિભક્તોની સેવા-સરભરા બરાબર થતી નહોતી તેનું દુઃખ સાલતું હતું. તેથી ગોપાળાનંદ સ્વામીએ તેમની મુશ્કેલી દૂર કરવા હનુમાનજીની સ્થાપના કરી. વાઘાખાચરની કેવી વિશાળ ભાવના !

સાઈ તેંતા દીજીયે જામેં કુટુંબ સમાય
મૈં ભી ભૂખા ના રહું સાધુ ન ભૂખા જાય.

આ સાખીમાં પણ કબીરદાસે આ જ ભાવનાનો નિર્દેશ કરેલો છે.

યોગીજી મહારાજની તો વાત જ નોખી. તેઓ તો દરેકની કાગડોળે પ્રતીક્ષા કરતા.

એમના મુખે આવકાર માણવો એ પણ જીવનનું સદ્ભાગ્ય હતું. એમના મીઠા આવકારમાં એવી તો હેતવર્ષા હતી કે પાંચ મિનિટની મુલાકાત પણ જીવનનું સંભારણું બની જતી.

પરંતુ આજે આ ભાવના દિનપ્રતિદિન ભુલાતી જાય છે. ઘરને આંગણે '**स्वागतम्**'ને બદલે 'નો એન્ટ્રી'નાં પાટિયાં લાગેલાં હોય છે.

દરવાજા ઉપર 'ભલે પધાર્યા' ને બદલે 'કૂતરાથી સાવધાન' લખીને અતિથિની વિદાય જ ઇચ્છતા હોય છે.

યોગીજી મહારાજ ઘણી વાર એક વાત કરતા : બે બહેનપણીઓ હતી. એક બહેનને ઘેર તેનો ભાઈ દરરોજ આવતો. બીજીને ઘેર તેનો ભાઈ વરસમાં એક વાર આવતો. બન્ને બહેનપણી વાતો કરતી હતી. પહેલીએ અંતરના ઊમળકાથી કહ્યું : 'મારો ભાઈ તો આજે આવે તે ઠે...ઠ કાલે આવે.'

બીજીએ ઠાવકાઈથી કહ્યું : 'મારો ભાઈ તો ઓણ ને પોર, ઓણ ને પોર હાલ્યો જ આવે છે.'

પોતાનો ભાઈ જ ભારે લાગતો હોય તો પછી અતિથિ તો આફત લાગે તેમાં શું કહેવું ? પોતાનો ભાઈ પણ આંગણે ખમાતો ન હોય તો બીજાને તો સત્કાર મળે જ ક્યાંથી ?

એક ભાઈના ઘરના બારણે જ મધપૂડો હતો. કોઈએ કહ્યું : 'તમારે તો ઘરમાં જ મધપૂડો તેથી મધ જરૂર મળતું હશે.'

પેલા ભાઈએ કહ્યું : 'મધ તો નથી મળતું પણ માગનારાઓ અને મહેમાનોથી રાહત મળે છે !' કેવું શુષ્ક હૃદય !

એક ભાઈને ત્યાં મહેમાન આવ્યા. દરવાજો ખોલવા જતા હતા ત્યાં જ કૂતરો ભસ્યો. મહેમાન ગભરાયા. યજમાન કહે : 'આવો આવો, વાંધો નહિ.'

મહેમાને પૂછ્યું : 'આ કૂતરો કરડશે તો નહિ ને ?'

યજમાન કહે : 'મારે એ જ જોવું છે. કૂતરો કરડે છે કે નહિ ? ગઈકાલે જ લાવ્યો છું.'

કૂતરાનો પ્રયોગ મહેમાન ઉપર કરે તેવા યજમાનોને 'અતિથિ દેવો ભવ...' નો મંત્ર ક્યારે સમજાશે ?

મહેમાનોને માન દલ ભરી દીધા જ નહિ
મંદિર નહિ મસાણ સાચું ભણે સોરઠીયો

જો શુભ ને શુદ્ધ ભાવનાઓ હોય તો જ ઘર એ મંદિર. નહિતર ઘર એ મસાણ છે.

આતિથ્ય એ ઘરનો વૈભવ છે.

ચાણક્યે ગૃહસ્થાશ્રમની ધન્યતાને આ સુભાષિતમાં યથોચિત અને સુંદર શબ્દોમાં પ્રગટ કરી છે :

સાનન્દં સદનં સુતાશ્ચ સુધીયઃ કાન્તા મનોહારિણી,
સન્મિત્રં સુધનં સ્વયોષિતિ રતિશ્ચાજ્ઞાપરા સેવકાઃ ।
આતિથ્યં પ્રભુપૂજનં પ્રતિદિનં મિષ્ટાન્નપાનં ગૃહે,
સાધોઃ સંગમુપાસતે હિ સતતં ધન્યો ગૃહસ્થાશ્રમઃ ॥

પ્રસન્નતાસભર ઘર, સંસ્કારી અને બુદ્ધિશાળી પુત્રો, પ્રિયતમા પત્ની, સારા મિત્રો, સુલક્ષ્મીની આવક, પત્નીમાં પ્રેમ, આજ્ઞાપરાયણ સેવકો, અતિથિધર્મની દૃઢતા, ઘરમાં નિત્ય પ્રભુપૂજન, ભોજનમાં માધુર્ય અને સંતોનો સમાગમ - આટલું હોય તે ગૃહસ્થાશ્રમ ધન્ય ગણાય.

ગ્યુઈથે નામના તત્ત્વચિંતકે એક વાત કરી છે : 'રાજા હોય કે રંક, સૌથી નસીબદાર માણસ એ છે કે જેને પોતાનું કલ્યાણમય ઘર હોય.'


પરંતુ આવા કલ્યાણમય ઘરના અધિકારી કેટલા ? આજે ઘરનું વાતાવરણ કલ્યાણમય બનવાને બદલે ક્લેશમય બનતું જાય છે.

અગાઉ આપણે સુખી કુટુંબ અને આદર્શ ઘરનાં લક્ષણોની વાત કરી પરંતુ આજની પરિસ્થિતિ કંઈક જુદી જ છે. આજે કુટુંબ ડહોળાયેલું છે. માણસ સવારે જાગે ત્યારથી જ ગમગીનીથી ઘેરાયેલો હોય છે. સુખ અને આનંદ માટેનાં બધાં જ સાધનો હોવા છતાં ઘરના કોઈ ખૂણામાં આનંદ જડતો નથી. 'પાનીમેં મીન પ્યાસી' જેવી દશા છે. 'આનંદ નિવાસ' નામના મકાનમાંય મૂંઝવણ ભરેલી હોય છે. એકબીજાના ચહેરા વિષાદથી ઘેરાયેલા હોય છે. એનું દિલ સહરાના રણ જેવું સુક્કું છે.

જ્યાં આપણને જોઈને બધાને આનંદ થાય, અંદરોઅંદર સ્મિત વેરાય તે ઘર. બાકી જો ચોવીસ કલાક હોળી જ પ્રગટેલી હોય તો તેને ઘર કહેવું કે ભઠ્ઠી ? આજે ઘર ઘટતાં જાય છે, ભઠ્ઠીઓ વધતી જાય છે.

જ્યાં રોજ દિવાળીનું વાતાવરણ અનુભવાય તે ઘર. જ્યાં ગુલાબજળ છંટાતું હોય તે ઘર. બાકી જો દિવાળીને બદલે હોળી જ હોય ને ગુલાબજળને બદલે તેજાબ (એસીડ) જ છંટાતો હોય તો તેને ઘર કહેવું કે કેમિકલની ફેક્ટરી ? ઘણી વાર ઘર 'ફાઈન પ્લેસ' બનવાને બદલે 'ફાયર પ્લેસ' બની જાય છે. અમદાવાદના એક જાણીતા વિસ્તારમાં 'હાર્મની' નામવાળું મકાન જોયું, પરંતું ત્યાં સંવાદિતા નહોતી. 'વિ-સંવાદ' ચાલુ હતો. 'સત્કાર' નામના મકાનમાં પણ 'ધુતકાર' મળતો હોય છે. 'ઉલ્લાસ'નામના મકાનમાં રહેનારાં સૌ ઉદાસ હોય છે. એક મકાનનું નામ છે 'લીલાલહેર', એમ છતાંય ઘરમાં રહેનારને લહેર નથી. જીવન ઝેર જેવું લાગે છે. 'હાશ' નામના મકાનમાં પણ ત્રાસ હોય છે. સાકર વેચનારો વેપારી મીઠો જ હોય ને તેલનો વેપારી ચીકણો જ હોય તેવું નથી હોતું.

જબલપુરમાં એક કાપડની દુકાનનું નામ છે 'દિગંબર ક્લોથ સ્ટોર !'



કુટુંબની વર્તમાન પરિસ્થિતિ

ઘરનું નામ પાડવાથી ઘરની પરિસ્થિતિ બદલાતી નથી. ઘણી વાર મકાનનો ભપકો જોઈ આપણે ભૂલા પડી જઈએ છીએ. વૈભવના બાહ્ય પ્રદર્શનમાં ઘરનું સાચું દર્શન થઈ શકતું નથી. ઝાકઝમાળ તો ઉપર ચઢાવેલો ઢોળ છે. બાહ્યવૈભવ જોઈ કોઈને સુખી માની લેવાની જરૂર નથી.

રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે 'ફળની છાલનો રંગ જોઈ સ્વાદ નક્કી ન કરશો. ને ફળની છાલને રંગવાથી સ્વાદ બદલાતો પણ નથી. પુસ્તકના પૂંઠા પરથી પુસ્તકનું મૂલ્યવાન રહસ્ય જાણી શકાતું નથી.

ફૂલ એની સુગંધથી પરખાય તેમ કુટુંબ એની એકતાથી પરખાય. કુટુંબના સૌ સભ્યોમાં અરસપરસ કેવો પ્રેમ છે તે મહત્ત્વનું છે. ઉપરથી બધાં ભેગાં છે. તન ભેગાં પણ મન નોખાં. આને ઘર ન કહેવાય. ધર્મશાળા કહેવાય.

ઘર આજે અનેક પ્રકારના પ્રશ્નોથી ગૂંચવાયેલું છે : ઘરમાં પતિ-પત્નીનાં મન જુદાં, પરસ્પર શંકાશીલ સ્વભાવ, અન્યોઅન્ય લાગણીનો અભાવ, પતિનો ક્રોધી સ્વભાવ, પતિનું વ્યસની જીવન, પત્નીની સહનશક્તિનો અભાવ, સમાધાનવૃત્તિની ઊણપ, સાસુ-વહુના પ્રશ્નો, ભાઈભાઈના ઝઘડા, બાળકોની અભ્યાસમાં નિષ્ફળતા, કુસંગનો રંગ, હરવા ફરવાનો વધુ પડતો શોખ, સ્વચ્છંદીપણું, પિતાને ધંધામાં મદદરૂપ ન થાય, ભણતરમાં પણ પીછેહઠ, પરીક્ષામાં ખરાબ પરિણામ, પિતાપુત્ર વચ્ચેના વૈચારિક મતભેદો, વળી પુત્ર-પુત્રીનું ખાનદાનીને ધક્કો પહોંચાડે તેવું કૃત્ય, ધંધામાં નિષ્ફળતા, દેવું વધી જાય, આર્થિક ભીંસ, તેમાંય પુત્રીનો લગ્નપ્રસંગ, ઘરમાં બીમારી, નોકરીમાં બદલી, બીજી પુત્રીને સાસરીમાં ત્રાસ, છૂટાછેડાના પ્રશ્નો - આવા અનેક પ્રકારના સંઘર્ષોથી આખું કુટુંબ ત્રસ્ત હોય છે. એમાંના કેટલાક પ્રશ્નો પર એક નજર કરીએ.

પતિ-પત્નીનું વૈમનસ્ય

તાજેતરમાં લંડન ખાતે પ્રમુખસ્વામી મહારાજ પાસે એક ભાઈ આવ્યા. પોતાની હૈયાવરાળ ઠાલવતાં કહ્યું કે અમારે લગ્ન થયે ૧૬ વર્ષ થયાં. ત્રણ સંતાનો છે હવે પત્ની છૂટાછેડા લેવા માગે છે !

આટલાં વર્ષો પછી મન ખાટું થતાં વાર લાગતી નથી. મન ખાટું થાય પછી સંબંધો ખોટા થઈ જાય.

હમણાં થોડા સમય પહેલાં વડોદરામાં એક મારુતિ કાર જોઈ. નવપરિણીત યુગલની જ આ ગાડી છે એવું ગાડીના શણગાર ઉપરથી જણાઈ આવતું હતું. પરંતુ ગાડી ઉપર પહેલી જ વાર એક નવું ને સુંદર દૃશ્ય નજરે પડ્યું. ગાડીના છાપરા ઉપર બે સફેદ કબૂતરને એકબીજાની ચાંચમાં નાડાછડીના છેડા પકડાવીને મૂક્યાં હતાં.

શાંતિના પ્રતીક તરીકે અને લગ્નજીવનની શુભેચ્છાના રૂપમાં મૂકેલું આ દૃશ્ય ખૂબ ગમ્યું. દામ્પત્યજીવનની શાંતિ માટે રજૂ કરેલું આ દૃશ્ય દાદ માગી લે તેવું હતું, પરંતુ સાથે સાથે હસવું આવ્યું કે આમ સફેદ કબૂતર રાખવાથી શાંતિ થાય ખરી ?

જો એવી રીતે શાંતિ થતી હોય તો સૌ પોપટની જગ્યાએ કબૂતરને જ પાળે. પરંતુ શાંતિ માટે તો મનમેળાપ જોઈએ. લગ્નવખતે તો ફક્ત હસ્તમેળાપ જ હોય છે. મનમેળાપ ને હૈયામેળાપ તો જાતે જ કરવાનો હોય છે.

જોકે બે વ્યક્તિ વચ્ચે ગાંઠ પડવાનાં કારણો પ્રત્યેક કુટુંબમાં અલગ અલગ હોય છે, પરંતુ જો સટકિયા ગાંઠ હોય તો વાંધો નહીં. ગાંઠ સખ્ત બને ત્યારે મડાગાંઠ કહે છે. પોતાનો એકડો જ સાચો. પોતાના કૂકડે જ સવાર. એવું રાખે ત્યારે ગાંઠ મજબૂત બને છે. ખલાસી સઢને સટકિયા ગાંઠ જ વાળે છે. સઢ અને હોડી વચ્ચે મડાગાંઠ પડે તો ડૂબે જ.

યોગીજી મહારાજ કહેતા : હવામાં લીટો, પાણીમાં લીટો, લોટમાં લીટો ને લોખંડમાં લીટો. હવાનો લીટો તો અઘરો છે પરંતુ પાણીમાં ને લોટમાં લીટો હોય ત્યાં સુધી પણ લગભગ વાંધો નહિ. ઘરમાં વાસણ તો ખખડે. ઝઘડો ય થાય પરંતુ તે અમુક સમય પૂરતો મર્યાદિત હોવો જોઈએ.

વર્ષાઋતુમાં વાવાઝોડાં, કડાકા ભડાકા, વીજળી બધું થાય છે પણ બીજે દિવસે એમાનું કાંઈ હોય છે ? બીજે દિવસે તો કેવું સુંદર પ્રભાત પ્રગટે છે ?

પ્રમુખસ્વામી મહારાજે લંડનમાં પોતાની આસપાસ ઊભેલા થોડાક યુવકોને સંબોધીને કહેલું કે - એક વાર (લગ્નનું) નાળિયેર લઈએ એટલે છૂટા પડવાનું જ નહિ, લાકડાં ભેગા થઈએ ત્યાં સુધી. એકવાર (લગ્ન) થાય પછી નભાવવાનું. જિંદગીભર છૂટા પડવાનું જ નહિ.

વળી, અમદાવાદમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા તે વખતે

એક ભાઈના છૂટાછેડાનો કેસ પતાવ્યો. ત્યાર પછી તરત જ એક યુવકનો વેવિશાળવિધિ સ્વામીશ્રીની સન્નિધિમાં જ થયો. તે વખતે સ્વામીશ્રીએ કહ્યું, 'એકને જોડવાની વાત ને એકને તોડવાની વાત. પાછું એક જ પથારીએ (આસન ઉપર).' પછી યુવકને જળ આપતાં કહે : 'આ સંસાર ઝેર છે. એ ઝેરને પચાવીને પી જવું. એકબીજાનું સહન કરી ચલાવી લેવું. પેલા આવ્યા હતા તેવું નહિ કરવાનું.'

ઘણી વાર તો પતિ-પત્નીના શંકાશીલ સ્વભાવને કારણે વૈમનસ્ય વધતું જાય. પરસ્પર શંકાશીલ વૃત્તિને કારણે એકબીજાના ચહેરા જુદા લાગે છે ને શંકાનો કીડો વધુ કોતરી ખાય છે.

એક શેઠના પૈસા ખોવાયા. ઘરમાં ખૂબ તપાસ કરી પણ પૈસા ન જડ્યા. બાજુમાં એક ગરીબ યુવાન રહેતો હતો. તેના ઉપર વહેમ પડ્યો. શેઠને લાગ્યું કે નક્કી તે યુવાને જ પૈસા ચોર્યા છે, કારણ કે તેના મોંઢાના હાવભાવ બદલાઈ ગયા છે. તેના ચહેરા પર ગુનાનો ભાવ દેખાય છે. તેના અવાજમાં પણ ચોખ્ખો રણકાર નથી. તેની ચાલવાની રીત પણ બદલાઈ ગઈ છે. સાચે જ એક ચોરની માફક તેનું વર્તન દેખાય છે. આમ બહાર બેસીને તે યુવકનું નિરીક્ષણ કરતા હતા એટલામાં તેની પત્નીએ બૂમ પાડી : 'આ પૈસા અહીં કોણે મૂક્યા ?'

શેઠ એકદમ ઘરમાં ગયા. તેમને યાદ આવ્યું કે આગલી રાતે છાપરાની વળીમાં પોતે જ પૈસા મૂક્યા હતા. પછી ફરીથી બહાર આવીને બેઠા ને પેલા યુવકને જોવા લાગ્યા. શેઠને લાગ્યું કે યુવક તો તદ્દન સ્વાભાવિક છે અને રોજની ટેવ માફક જ બોલે છે, ચાલે છે ને હસે છે. વળી તેનાં કોઈ પણ લક્ષણો કે હાવભાવ ચોર જેવાં નથી લાગતાં.

શંકાશીલ દૃષ્ટિ વ્યક્તિને જુદો જ ચીતરે છે. પરંતુ તપાસને અંતે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવતાં વ્યક્તિ માટેનો અભિપ્રાય બદલાઈ જાય છે.

જાપાનના યૌકુસ્કી નામના ગામમાં કીકીસુમ નામના એક ભાઈ રહેતા હતા. તેમને લીલીસી નામે પત્ની હતી. બન્નેનું જીવન સુખી હતું.

એક વાર કીકીસુમને ઘરની નજીકમાંથી અરીસો જડ્યો. પહેલી જ વાર અરીસો જોયો. અરીસામાં જોતાં જ પોતાનું પ્રતિબિંબ દેખાયું. પરંતુ અરીસા અંગેનો કોઈ ખ્યાલ ન હોવાને કારણે કીકીસુમ પોતાના પ્રતિબિંબને પોતાના બાપુજીનો ફોટો સમજવા લાગ્યો. અરીસો ઘરના આંગણામાં એક કૂંડા પાસે સંતાડીને રાખે ને દરરોજ ઘરની બહાર જતી વખતે પોતાના 'બાપુજી'નો ફોટો જુએ.

લીલીસીને એક દિવસ મનમાં થયું કે દરરોજ મારા પતિ શું જુએ છે ? એમ વિચારી અરીસો લીધો. જોયું તો પોતાનું પ્રતિબિંબ. તેણીને પોતાના પતિ ઉપર વહેમ પડ્યો કે નક્કી મારા પતિ પ્રેમિકાનો ફોટો રાખે છે.

પતિ ઘેર આવ્યો ને ઝઘડો શરૂ. કીકીસુમે ચોખવટ કરી કે મારા બાપુજીનો ફોટો છે પરંતુ લીલીસી ન માની. છેવટે સમાધાન માટે બન્ને મંદિરના પૂજારી પાસે ગયાં. પૂજારીએ

અરીસો જોઈને કહ્યું આ તારા પિતાનો પણ ફોટો નથી ને કોઈ સ્ત્રીનો પણ નથી. આ તો નક્કી કોઈ પૂજારીની છબી લાગે છે.

પૂજારીના ઉત્તરથી સંતોષ તો ન થયો પરંતુ ઉલટાનો ઝઘડો વધ્યો. છેવટે કોઈક શાણા માણસ પાસેથી અરીસા અંગેની માહિતી જાણી ત્યારે એકબીજાના સંશય દૂર થઈ ગયા.

ઘણી વાર શંકા-કુશંકાનાં જાળાં રચી પતિ-પત્ની પોતાના વૈમનસ્યમાં વધારો કરે છે અને સુખી દામ્પત્યજીવનને વિદાય આપે છે.

કદાચ પતિ ગમે તેવા સ્વભાવવાળો હોય પરંતુ પત્ની સહનશીલ હોય તો વાંધો ન આવે. સહનશીલતા ને સમાધાનવૃત્તિ બે ગુણ સ્ત્રીના જીવનનો આધાર છે, જેના વડે તે કૌટુંબિક અને સામાજિક સંબંધોનું સંતુલન જાળવી રાખે છે. પત્ની તો પતિનો પડછાયો છે.

સાસુ-વહુના સંબંધો

ઘરમાં સાસુ-વહુના ઝઘડાનો પણ પાર નથી હોતો. કહેવાય છે કે - *આદિ વેર ઘંટી ને ઘઉં, આદિ વેર સાસુ ને વહુ*

સાસુ ને ચોમાસું ક્યારે વરસે તે નક્કી નહિ. સાસુ ને વહુ ભાગ્યે જ એકબીજાની આંખમાં સમાઈ શકે છે. બન્ને સાથે રહી શક્યાં જ નથી. અભિનવ લક્ષણશાસ્ત્ર કહે છે : સાસુ ને વહુ સાથે જતાં હોય તો માની લેવું કે વહુ હજી નવી નવી હશે !

એક વાર એક કન્યાએ પોતાના લગ્ન અંગે જન્માક્ષર જ્યોતિષીને બતાવ્યા. જ્યોતિષીએ કહ્યું : 'તું નસીબદાર છે. તારા જન્માક્ષર છોકરા સાથે બરાબર મળતા આવે છે.'

તરત જ કન્યા કહે, 'મારા જન્માક્ષર ભાવિ પતિ સાથે નહિ પરંતુ છોકરાની મા સાથે મળે છે કે નહિ તે જોવાનું છે.'

સાસુ-વહુ એકબીજાની આક્ષેપબાજીમાંથી ઊંચાં જ આવતાં નથી.

પરંતુ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહે છે : વહુએ સાસુને પોતાની માતાતુલ્ય સમજવાં જોઈએ ને સાસુએ વહુને પોતાની દીકરી સમજી વર્તવું જોઈએ. તો બન્નેમાં સ્નેહની સરવાણી જળવાઈ રહે.

મા-બાપ અને સંતાનોના પ્રશ્નો

આજકાલ મા-બાપને પોતાના સંતાનના પ્રશ્નો ખૂબ સતાવે છે. પોતાના બાળકને ભવિષ્યમાં મહાન બનાવવાનાં સ્વપ્ન મા-બાપ સેવતાં હોય છે.

જ્યારે સંતાન તેનાથી ઊંધી જ દિશામાં ચાલતું હોય છે, કાં તો મા-બાપની અપેક્ષા મુજબની પ્રગતિ કે વર્તન જોવા ન મળતાં હોય. અને પરિણામે તોપણ મા-બાપને અંતરમાં ચિંતા વધતી હોય છે.

આજકાલ મોજશોખ, રંગરાગ તથા હરવાફરવામાં સમય વીતાવી પુત્ર-પુત્રી અભ્યાસમાં પાછાં પડતાં જાય છે. ઘણી વાર પરીક્ષામાં નબળું પરિણામ અથવા નિષ્ફળતા પણ લાવતો હોય છે. વળી, પાનમસાલા જેવી નાની કુટેવોમાં પુત્ર ફસાઈ જાય છે ને ધીરે ધીરે વ્યસનની ખાઈમાં ધકેલાતો હોય છે. આ બધાં કારણોને લીધે મા-બાપ વધુ ચિંતિત હોય છે અને તેને જલદીથી સુધારવા માટે વારંવાર ટકટક કરે છે. પરંતુ એમ કરવાથી કોઈ ફેરફાર થતો નથી. ટકોરથી માણસ ચકોર બને છે, ટકટકથી નહિ. ટકટકમાંથી રકઝક થાય, રકઝકમાંથી ચકમક ઝરે.

મા-બાપની ટકટક સંતાનને એના માટે અણગમો ઉત્પન્ન કરે છે. બન્ને વચ્ચે અંતર વધતું જાય છે અને અરસપરસ એકબીજા માટે આક્ષેપબાજીનું થૂંક ઊડાડયા કરે છે.

માબાપ અંગેની સંતાનોની ફરિયાદો

- પરીક્ષામાં કંઈક કારણસર પરિણામ નબળું આવે તો બળ ને હિંમત આપવાને બદલે માબાપ પોતાના સંતાન ઉપર સલાહ-સૂચનો તથા ધિક્કારની ઝડી વરસાવે છે.
- નાની ભૂલ બદલ પણ માબાપ પોતાના બાળકને ઠપકાની સજામાંથી મુક્ત નથી કરતાં.
- બાળક કંઈ માંગણી કરે તો પિતા તરત કહે : અમારા વખતમાં તો અમે આના વગર જ ભણ્યા છીએ. અમારે નહોતું તોય ચાલ્યું. અમારે આટલી વ્યવસ્થા નહોતી તોય એન્જીનિયર થયા. આવું કહી બાળકની માગણીને ઠુકરાવી દે છે. (કદાચ કહેવું હોય તો કહી શકાય, પરંતુ યોગ્ય રીતે. આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો પોતાના બાળકને પરિસ્થિતિથી વાકેફ કરીએ તો બાળક સમજીને જ માગણી છોડી દેતો હોય છે. પરંતુ તેને યોગ્ય રીતે આ વાત સમજાવવી જોઈએ.)
- વળી માતાપિતાના વર્તનની પણ ફરિયાદ સંતાનોને હોય છે. એક કિશોરે કહેલું : સંતો માતાપિતાને પગે લાગવાનું કહે છે પરંતુ મને મારા પિતાને પગે લાગવાનું મન જ થતું નથી. કારણ કે મારા પિતા ગુસ્સામાં આવી મારી મમ્મીને કારણ વગર એટલી બધી મારે છે કે ન પૂછો વાત ! અમારાથી જોવાતું પણ નથી.

આ દૃશ્યની બાળક ઉપર ઘણી વિપરીત અસર પડે છે. વળી આવા કલેશમય વાતાવરણને લીધે અભ્યાસમાં પણ તેનું ચિત્ત ચોંટતું નથી.

- ઘણી વાર પિતા સરમુખત્યારશાહી ચલાવતા હોય છે. બાળકની અનિચ્છા હોવા છતાં ફરજિયાતપણે પોતાની ઈચ્છા મુજબનું કરાવવાનો આગ્રહ તેઓ રાખતાં હોય છે જે બાળકોને ગમતું નથી.

આવા તો ઘણા પ્રશ્નો બાળકોને માબાપ પ્રત્યે હોય છે.

પુત્ર માટેની ફરિયાદો

લગભગ પ્રત્યેક માબાપની ફરિયાદ હોય છે કે

- અમારો દીકરો સાવ બગડી ગયો છે.
- ભણવામાં ધ્યાન જ નથી આપતો. પહેલાં તો પરીક્ષામાં પહેલો નંબર લાવતો. હમણાં તો બે પરીક્ષાથી ચોથા નંબરે આવે છે.
- ખરાબ છોકરાઓની સાથે ફર્યા કરે છે. ઘરમાં બધાં કહી કહીને મરી ગયાં પણ કોઈનું માનતો જ નથી.
- મંદિરે આવવાનું તથા સત્સંગ સભામાં જવાનું કહીએ તો તેને ગમતું જ નથી.
- સૌથી મોટી ફરિયાદ તો એ હોય છે કે આખો દિવસ ટી.વી. ઉપર જ ચોંટી રહે છે. ટી.વી. સિવાય એને બીજું કાંઈ સૂઝતું જ નથી. (પરંતુ ફરિયાદનું સાધન સામેથી જ ઘરમાં વસાવીને પછી બાળક સામે ફરિયાદ કરવી એ કેટલી ઉચિત ગણાય ?)

ટેલિવિઝન

આપણા પરિવારને દુઃખી કરવામાં ટેલિવિઝનનો ફાળો કંઈ નાનોસૂનો નથી. ટી.વી.ના પ્રવેશ પછી ઘણાં કુટુંબોમાં બરબાદીના શ્રીગણેશ મંડાયા છે.

વર્ષોથી શેતાન વિચારતો હતો કે

- લોકો આળસુ બને.. બેદરકાર બને..
- કુટુંબની એકતા તૂટે.. એકબીજાની મર્યાદા તૂટે..
- પરિવારમાં કુસંપ થાય.. કલેશ થાય..
- બાળકો અભ્યાસમાંથી પાછાં પડે..
- અશ્લીલ માર્ગે લોકોની પ્રવૃત્તિ વધુ વેગવંતી બને.
- પ્રજા અસંસ્કારી બને.. અયોગ્ય ને અઘટિત કાર્યો વધુ પ્રમાણમાં થાય..

પરંતુ તેમ કરવામાં તે જોઈએ તેવું ફાવતો નહોતો. છેવટે ટી.વી.માં પ્રવેશ કર્યા પછી તેણે પોતાનું કાર્ય આબાદ રીતે પાર પાડ્યું છે. વર્ષોથી નિરાશ ને હતાશ રહેતો શેતાન આજે પોતાની આબાદ સફળતાથી ખૂબ જ આનંદમાં છે. પોતાની જીત ઉપર તે હસે છે ને આપણને રડાવે છે. જો કે શેતાનને વિજયી બનાવવામાં આપણો સહકાર પણ કાંઈ ઓછો નથી !!

ટી.વી. જોવામાં સમય બગડે... અભ્યાસ બગડે... આંખો બગડે... મન બગડે ને જીવન બગડે. અથાણું બગડે તેનું વરસ બગડે... તેમ મન બગડે તેનું જીવન બગડે જ.

ટી.વી. એટલે આંખોનું ચ્યુઈંગગમ... ચાવવાનું ખરું પણ કંઈ મળે નહીં. જેમ ચ્યુઈંગગમ ગમે તેટલી ચાવીએ તોપણ તેમાંથી વિટામિન કે પ્રોટિન કંઈ મળે નહિ. તેમ ટી.વી. એટલે આંખોનું ચ્યુઈંગગમ... કંઈ જ મળે નહીં. આંખોની ઝાંખપ વધારવા માટેનું સુંદર સાધન એટલે ટી.વી.

કોઈ એવો દાવો કરે કે ટી.વી.માંથી તો ઘણું સારું શીખવાનું મળે છે... પરંતુ સારું

શીખ્યા હોય તેવા બાળકો કેટલા ? બાળક શ્રેષ્ઠ નકલખોર છે. એમાં ય મોટે ભાગે ખરાબ નકલ એ જલદીથી કરતો થઈ જાય છે. રામાયણની ટી.વી.સીરિયલમાંથી રામની જેમ પિતાની આજ્ઞા પાળવાનું કેટલા શીખ્યા ? રામની જેમ માતાપિતાને આદર કરવાનું કેટલા શીખ્યા ? એને બદલે ઘણા બાળકોએ તીર-કામઠાની રમતથી આંખોનું નૂર ગુમાવ્યું છે. એકલવ્યમાંથી કેટલા બાળકો એકાગ્ર બનવાનું શીખ્યા ? એકલવ્યે ગુરુને પોતાને અંગૂઠો દક્ષિણામાં આપ્યો. આજે અંગૂઠો આપવાને બદલે અંગૂઠો બતાવે છે ખરા !

હવે તો ટી.વી.માં હિંસા, ગુનાખોરી, તેમ જ અશ્લીલ માર્ગનાં અસંખ્ય દૃશ્યો જોવા મળે છે. એક અમેરિકન સર્વેક્ષણ મુજબ -

બાળક ૧૬ વર્ષનો થાય ત્યાં સુધીમાં ૧૫,૦૦૦ કલાક ટી.વી. જોવા પાછળ ગાળે છે, જ્યારે સ્કૂલમાં ૧૧,૦૦૦ કલાક જ હાજરી આપે છે. દરેક દેશનું સર્વેક્ષણ લગભગ મળતું જ આવે છે. સર્વેક્ષણ મુજબ ૧૬ વર્ષ સુધીમાં ૧,૫૦,૦૦૦ હિંસક દૃશ્યો અને ૨૫,૦૦૦ મૃત્યુનાં દૃશ્યો બાળક ટી.વી. ઉપર જુએ છે.

જેવાં દૃશ્યો જુએ તેવું ઘરમાં ભજવે તે સ્વાભાવિક છે. ઈંગ્લેન્ડમાં જન્મેલા માયકલ રયાન નામના યુવાને વીડીઓ ફિલ્મ 'ફર્સ્ટ બ્લડ' જોઈને તેના હીરો રેમ્બોની માફક માત્ર આઠ જ કલાકમાં ૧૯ ખૂન કરીને તરખાટ મચાવી દીધો તે જગજાહેર છે.

પીટ્સબર્ગ (યુ.એસ.એ.)માં ટોમી નામના માત્ર પાંચ વર્ષના બાળકે ટી.વી.માંથી જોઈને તેના પિતાને 'હેન્ડઝ અપ' કરાવીને રીવોલ્વરથી સોફા પર ઢાળી દીધા.

ટી.વી. પરથી દિલ્હીમાં માત્ર ૧૨ વર્ષનો એક બાળક તેના મિત્રો સાથે બેંક લૂટવાનું કાવતરું કરે તે ટી.વી.નું કેવું ભયંકર પરિણામ બતાવે છે !

તાજેતરમાં કલકત્તામાં ફક્ત ૧૬ વર્ષના સેજલે પોતાનાં માતાપિતા તથા ભાઈની હત્યા કરી નાંખી. પોલીસે તેને પૂછ્યું કે આટલી નાની ઉમરમાં આ વિચાર તને ક્યાંથી આવ્યો ? સેજલે જણાવ્યું કે ટી.વી. પર દર્શાવવામાં આવતા 'ધી વર્લ્ડ ધીસ વીક' કાર્યક્રમના ન્યૂઝ મેકર્સ વિભાગમાં બતાવેલી એક ખૂન કેસની ઘટના જોઈને મને વિચાર આવેલો.

ઝી ટી.વી.માં પ્રસારિત 'ઝી હોરર શો'નાં કેટલાંક દૃશ્યો જોઈને પણ ઘણાને હિંસક ઉત્તેજન મળે છે. આ કાર્યક્રમ કરોડો બાળકો જુએ છે.

હિંસા ઉપરાંત અશ્લીલ દૃશ્યો જોઈને પણ બાળકોનું માનસ વિકૃત બને છે અને જીવન ભ્રષ્ટ બની જાય છે.

યુ.કે. અને યુ.એસ.એ.નાં ટી.વી. અને શિક્ષણ પરના એક અભ્યાસ પરથી ચોંકાવનારી વિગતો બહાર આવી છે. અભ્યાસપ્રાપ્તિ માટે માત્ર ૧૭ ટકા યુવાવર્ગ પ્રયત્ન કરે છે, જ્યારે બાકીના ૮૩ ટકા યુવાનો પોતાનો સમય ટી.વી. પાછળ ખર્ચે છે !

ઘણા માને છે કે ટી.વી. જોવાથી બાળક વધુ બુદ્ધિશાળી બને છે. પરંતુ એવું નથી.

ટી.વી. જોવાથી બાળક બુદ્ધિશાળી નહિ પરંતુ હોશિયાર ને ચાલાક બને છે. અને હોશિયાર પણ કઈ બાબતમાં ? દુકાનદારને કેવી રીતે છેતરવો... સ્કૂલમાં શિક્ષકને કેવી રીતે ઊંઠાં ભણાવવાં... માબાપને કેવી રીતે છેતરવાં... આવી બધી બાબતોમાં તે હોશિયાર બને છે. અને હોશિયાર પણ કઈ બાબતમાં ? વળી ટી.વી. જોવાના રસને કારણે રાત્રે મોડે સુધી જાગે છે. તેથી સવારે મોડો ઊઠે છે. આમ મોડા ઊઠવાની કુટેવ પડે છે. *રાત્રે વહેલાં જે સૂએ વહેલાં ઊઠે વીર, બળ બુદ્ધિ ને ધન વધે સુખમાં રહે શરીર...*

મોડા ઊઠવાની કુટેવથી આમાંનો કોઈ લાભ થતો નથી...

વળી સવારની સ્કૂલ હોય ને રાત્રે મોડે સુધી જાગતો હોય તેથી સવારે અધૂરી ઊંઘે આંખો ચોળતો ચોળતો ઊઠે ને પછી સ્કૂલે જાય. અધૂરી ઊંઘ ક્લાસમાં પૂરી કરે. આમ અભ્યાસનું આખું વર્ષ ઊંઘમાં જ જાય.

જર્મનીમાં સર્વેક્ષણ કરતાં માલૂમ પડ્યું છે કે ટી.વી. જોતી વખતે ઘરના સભ્યો એકબીજા સાથે વાતચીત કરતા નથી. એટલે કે કુટુંબમાં વાર્તાલાપનો અવકાશ જ રહેતો નથી, જેને કારણે કુટુંબપ્રેમ જેવું વાતાવરણ રહેતું નથી. બધાં ધર્મશાળામાં રહેતાં હોય તેવું લાગે. આખું કુટુંબ ભેગું મળે ને વડીલોની વાતો સાંભળે એવી પ્રથાને ટી.વી.એ ખતમ કરી નાખી છે.

માટે પ્રમુખસ્વામી મહારાજ કહે છે : ટેલિવિઝન એટલે દૂરદર્શન. એનું તો દૂરથી જ દર્શન સારું. એની નજીક જવાય જ નહિ. જેમ વાઘ, સિંહ... સાપ બધાની નજીક ન જવાય... દૂરથી જ દર્શન સારા તેમ ટી.વી. પણ દૂરથી જ નમસ્કાર કરવા જેવું છે. નહિ તો દૂરદર્શનમાંથી દુઃખદર્શન થાય.

પરંતુ બાળકો આ દૂરદર્શનમાં દુઃખદર્શન કરી શકતાં નથી ને ટી.વી.ની પાછળ જ વળગેલાં રહે છે ને તેથી માબાપ સતત ચિંતિત રહે છે ને વારંવાર રોકટોક ચાલુ રાખે છે. તેથી બાળકો અને માબાપ વચ્ચેનું અંતર વધતું જાય છે અને એકબીજા ઉપર દોષારોપણ ચાલુ રહે છે.

ઘરના બધા સભ્યો એકબીજા ઉપર આક્ષેપ કરે છે. પોતે સાચો હોવાનો દાવો કરે છે. પતિ પત્નીનો વાંક કાઢે છે. પત્ની પતિને દોષ દે છે. મોટાભાઈ નાનાભાઈનો ને નાનાભાઈ મોટાભાઈનો વાંક બતાવે છે. બાળક માતાપિતાને ને માબાપ બાળકને દોષ દે છે. સાસુ વહુની ઉપર દોષારોપણ કરે છે તો વહુ સાસુ ઉપર. પરંતુ હકીકતે ઘરનું ક્લેશમય વાતાવરણ ઊભું કરવામાં કંઈ એક જ વ્યક્તિ જવાબદાર નથી હોતી. દરેક જવાબદાર હોય છે.

એક કાપડની પેઢીમાં ચાર ભાગીદાર હતા. તેમની પેઢી પર દરરોજ એક સફેદ બિલાડી આવતી. તેના ઉપર બધાને માયા બંધાઈ. તેઓ બિલાડીને દૂધ પાતા. બિલાડી ઉપયોગી પણ હતી. કાપડના ગોડાઉનમાં ઉંદરો પુષ્કળ હતા. ચારેયને

બિલાડી ઉપર પ્રેમ હોવાથી બિલાડીનો એક એક પગ વહેંચી લીધો. દરરોજ તેઓ બિલાડીના એક એક પગને રંગબેરંગી કાપડથી શણગારતા. બિલાડી તેઓ માટે પરિવારનું સભ્ય બની ગઈ.

એક દિવસ બિલાડીના પગમાં વાગ્યું. ઘા પડી ગયો. જેના ભાગમાં તે પગ હતો તેણે રૂ-તેલનો પાટો બાંધ્યો. બન્યું એવું કે રાત્રે ગોડાઉનમાં એક દીવી સળગતી હતી તેનાંથી સંજોગવશાત્ બિલાડીનો પાટાવાળો પગ સળગ્યો. બિલાડીએ ગભરાઈને ગોડાઉનમાં દોડાદોડ કરી મૂકી. કાપડની ગાંસડીઓ સળગી ઊઠી. બિલાડી થોડીઘણી દાઝી પણ બહાર નીકળી ગઈ. આગથી મોટું નુકસાન થયું. નુકસાની આવી એટલે ભાગીદારોનો સંપ તૂટ્યો. લડી પડ્યા.

બાકીના ત્રણ ભાગીદારોએ નક્કી કર્યું કે જે પગ ઉપર પાટો બાંધેલો તે પગથી આગ લાગી છે. માટે ચોથા ભાગીદાર ઉપર તેમણે લાખો રૂપિયાનો દાવો નોંધાવ્યો. કોર્ટમાં કેસ ચાલ્યો. વકીલોએ સિદ્ધ કરી બતાવ્યું કે જે પગે પાટો બાંધેલો તે પગથી જ આગ લાગી છે. માટે તે પગવાળા ભાગીદારે નુકસાની ભરપાઈ કરી દેવી. પરંતુ ન્યાયાધીશ વિચક્ષણ હતા. ચુકાદો બીજે દિવસે આપવાનું કહ્યું. લોકો ન્યાય સાંભળવા ઉત્સુક હતા.

ન્યાયાધીશે કહ્યું : આખી ઘટના ઉપર મેં પૂરેપૂરો વિચાર કર્યો છે. બિલાડીના પાટાવાળા પગને લીધે ગોડાઉન સળગ્યું તે વાત ખરી, પરંતુ પ્રશ્ન એ છે કે બિલાડીએ કયા પગથી દોડાદોડી કરી ? જે પગ ઘવાયેલો હતો તે પગથી તો દોડાદોડી કરી નથી ! બાકીના ત્રણ પગથી તે દોડી છે. માટે ત્રણ પગના જે માલિકો છે તેમણે ચોથા ભાગીદારને નુકસાન ભરપાઈ કરી આપવું.

દરેક એકબીજાનો વાંક કાઢે છે. પોતપોતાનું ખેંચે છે. પરંતુ પોતાની ભૂલ જોવા કોઈ તૈયાર જ નથી.

એક નાનકડી વાર્તા જાણવા જેવી છે.

એક રાજા સવારના પહોરમાં પોતાના મહેલના ઝરૂખામાં બેઠેલો. સવારના પહોરના જ વણજારાની પોઠનો એક વેપારી મહેલ નીરખતો હતો. રાજાનાં પણ તેને દર્શન થયાં ને રાજાની દૃષ્ટિ પણ આ વેપારી ઉપર પડી.

દૈનિકવિધિ પરવારી રાજા શિકારે ઊપડ્યો. હરણને પકડવા મરણિયા પ્રયાસો કર્યા પરંતુ હરણ ન જ પકડાયું. રાજા ભૂખ્યો-તરસ્યો થાકી ગયેલો. રઝળપાટને અંતે પણ શિકાર ન પકડાવાથી રાજા ગુસ્સે થયો. એને પેલો વેપારી યાદ આવ્યો. એ વેપારી જ અપશુકનિયાળ છે, સવારના પહોરમાં એનું મોં જોયું તેથી જ મારી આ દશા થઈ છે, એનું મુખ જોવાથી મારે આખો દિવસ અન્નજળ વગર કાઢવો પડ્યો - આમ વિચારી વેપારીને પકડી મંગાવ્યો ને ફાંસીની સજા ફરમાવી. વેપારીના તો હોશકોશ ઊડી ગયા. ફાંસીની સજામાંથી મુક્ત કરાવવા તેણે રાજાના વજીરને ખૂબ વિનંતી કરી.

વજીર બુદ્ધિશાળી હતો. તેણે રાજાની પાસે જઈ ધીમેથી કહ્યું, 'મહારાજ ! સવારના

પહોરમાં વેપારીનું મોઢું જોવાથી આપ આખો દિવસ ભૂખ-થાકથી પીડાયા ને શિકાર ન કરી શક્યા. તેથી આપ તેને અપશુકનિયાળ કહો છો. તેનાથી પણ સવારમાં આપનું મુખ જોવાઈ ગયું અને આપનું મુખ જોવાથી તે પોતાનો જાન ગુમાવે છે. એનું મુખ જોવાથી ફક્ત આપનો દાડો બગડ્યો અને આપનું મુખ જોવાથી એનો ભવ બગડે છે. તો આપ જ ન્યાય કરો કે બેમાંથી કોનું મુખ વધારે અપશુકનિયાળ ?' રાજા કંઈ ન બોલ્યો. વેપારીને મુક્ત કરી દીધો.

પોતાનું મુખ કોઈને અપશુકનિયાળ લાગતું જ નથી. બધા પોતાને જ સાચા ગણે છે. પોતાને સાચા સાબિત કરવામાં જ ઘરમાં અથડામણો શરૂ થઈ જાય છે. પરંતુ લોકો એટલું નથી વિચારતા કે સંબંધવિહોણા માણસો રસ્તા ઉપર વાહન ચલાવતાં જરૂર પ્રમાણે તેની ગતિમાં વધઘટ કરી અકસ્માત ટાળે છે, તો એક જ ઘરના સભ્યો પરસ્પર અથડામણ ન થાય તે માટે સ્વભાવમાં બાંધછોડ કેમ ન કરી શકે ?

આજે ઘરનું વાતાવરણ વિચિત્ર છે. ક્યાંય એવું વાહન જોયું કે જેમાં એક સાયકલનું... બીજું સ્કૂટરનું... ત્રીજું ખટારાનું... ચોથું ગાડાનું ને પાંચમું ટ્રેક્ટરનું વ્હીલ હોય ? અને એવું વાહન હોય તો તે કેવું ચાલે ? આજે કેટલાંય ઘરની પરિસ્થિતિ આવા વાહન જેવી છે. અલગ અલગ પૈડાં ભેગાં થયાં છે તેથી સંસારરથ બરાબર ચાલતો નથી.

દરેકનાં મન જુદાં... વિચારો જુદા... સબ અપની અપની ગતમેં...

ગાફિલ કહે છે : જુદી જિંદગી છે મિજાજે મિજાજે...

લોહીનો રંગ એક જ પરંતુ બ્લડગ્રુપ જુદાં... તેમ એક જ વંશના સભ્યો પરંતુ વિચારો નોખા નોખા... પરંતુ એક જ વૃક્ષ પર પાકેલાં ફળોનો સ્વાદ જુદો જુદો હોય એવું ક્યાંય જોયું ? તો પછી એક જ કુટુંબના સભ્યોમાં કેમ આવી વિસંવાદિતા ? વળી આશ્ચર્યની વાત તો એ છે કે આજકાલ લોકો મેચિંગ કપડાં, મેચિંગ ઘડિયાળ, મેચિંગ બૂટચંપલ... બધું જ મેચિંગ રાખે છે તો પછી મન મેચિંગ કેમ નથી રાખતા ?

ગની દહીંવાલાએ ખૂબ સુંદર વાત કરી છે :

ન ધરા સુધી ન ગગન સુધી નહિ ઉન્નતિ ન પતન સુધી
અહીં આપણે તો જવું હતું ફક્ત એકમેકના મન સુધી.

ચંદ્ર ઉપર પહોંચવાની વાત જવા દો... એકબીજાના મન સુધી પહોંચાય તો પણ ઘણું છે ! ઘરમાં બધાં ભેગા જ રહીએ છીએ છતાંય પાણી અને તેલની જેમ શરીર ભેગાં પણ મન નોખા ! પરંતુ યાદ રાખવું ઘટે કે A House is built by hands and A Home is built by hearts. હૃદય ભેગાં હોય તે ઘર આ તો કૂતરો તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી જેવી દશા આજે ઘરની છે.

પરિવાર તો આપણો સુંદર બગીચો છે. કુટુંબજીવનની ફૂલવાડી ન ખીલે તો બંગલાનો શો અર્થ ? આપણો બગીચો જંગલ ન બની જાય તે જોવાનું છે. કુટુંબમાં જો એકરાગ

હોય તો કુટુંબ એક બાગ બની જાય, પછી એમાં આગ ન ઝરે.

વૈજ્ઞાનિકો કહે છે : 'સમગ્ર વિશ્વ એકબીજાના ગુરુત્વાકર્ષણથી ટકી રહ્યું છે. તમામ ગ્રહો-ઉપગ્રહો એકબીજાના ગુરુત્વાકર્ષણથી ટકી રહ્યા છે. તેમ આપણું કુટુંબ પણ એકબીજાના આકર્ષણથી જ અર્થાત્ હૃદયના તાણાવાણાથી જ ટકી રહે છે. અને એટલા માટે તો ઋષિમુનિઓએ કુટુંબની... પરિવારની... સમાજની સુંદર રચના કરી.

શાસ્ત્રો કહે છે - **'जीवो जीवस्य जीवनम् ।'**

એકબીજાની હૂંફ અને પ્રેમથી જ દરેક જીવ ટકી શકે છે. Man is a social animal. માનવી સામાજિક પ્રાણી છે. સમાજ વગર એને ચાલતું નથી.

'ધ હીલીંગ બ્રેઈન' નામના પુસ્તકમાં રોબર્ટ ઓર્નેસ્ટેઈન (Robert Ornstein) અને ડેવિડ સોબલ (David Sobel) નામના લેખકે 'No man is an Island' નામના પ્રકરણમાં સંયુક્ત જીવન અંગેની ખૂબ સુંદર છણાવટો કરી છે. સમૂહજીવનનું મહત્ત્વ સુંદર રીતે સમજાવ્યું છે.

જ્હોન એન્ડરસન નામના એક ભાઈની પત્ની ૩૭ વર્ષ પછી કેન્સરથી મરી ગઈ. પત્નીના મૃત્યુ બાદ એન્ડરસનને ગંભીર હાર્ટએટેક આવ્યો. કારણ, પત્નીનો સાથ ગયો.

સોલી બીડર મેયર (Sally Biedermeyer) નામની અમેરિકન બાઈને દમનો રોગ હતો છતાંય સ્વસ્થ હતી. પરંતુ ૨૬ વર્ષ પછી છૂટાછેડા લીધા બાદ બે મહિનામાં જ દમના ગંભીર હુમલાને કારણે બે વાર દવાખાનામાં દાખલ થવું પડ્યું. કારણ, પતિનો સંગાથ છૂટ્યો.

માસા યામાટાહો (Masa Yamamoto) ૫૫ વર્ષનો ઈલેક્ટ્રોનિક કામદાર પોતાનો દેશ જાપાન છોડી અમેરિકાના સાનફ્રાન્સીસ્કોમાં આવ્યો. અહીં ખોરાક તો જાપાન જેવો જ લેતો હતો, પરંતુ તેને હૃદયરોગની તથા છાતીના દુખાવાની બીમારી ઊભી થઈ. કારણ, પોતાના દેશ અને સમાજથી તે દૂર પડી ગયો હતો.

કૌટુંબિક, સામૂહિક કે સામાજિક સંબંધોથી વ્યક્તિને હૂંફ, હિંમત, આશ્વાસન, પીઠબળ અને રક્ષણ મળે છે.

બન્ને લેખકોએ સંશોધન કરતાં નોંધ્યું છે કે જે લોકો એકલા હતા, જેઓ સમૂહજીવનથી દૂર હતા, અથવા વિધુર કે વિધવા હતા તેઓનો મૃત્યુઆંક બીજાં બધાં કરતાં બેથી ત્રણ ગણો વધારે અને ત્વરિત હતો. વળી, માનસિક બીમારી પણ સામાન્ય કરતાં વધારે હતી. ઉપરાંત હૃદયરોગ, ડાયાબિટિસ, કેન્સર, ટી.બી. તથા વા જેવા રોગોનો ભોગ પણ વહેલા બન્યા હતા. સામૂહિક જીવનની જ્યાં ઊણપ હતી ત્યાં આત્મહત્યાનો આંક પણ વધારે હતો.

એમિલી ડર્ખેઈમ (Emile Durkheim) નામના ફ્રેન્ચ સમાજશાસ્ત્રીએ આપઘાત વિષે સંશોધન કરેલું. તેમાં તેમણે જણાવેલું કે યહુદીઓ અને ખ્રિસ્તીઓ આત્મહત્યાને

અયોગ્ય ગણે છે. તેમ છતાંય ખ્રિસ્તીઓ કરતાં યહુદીઓમાં આત્મહત્યાનું પ્રમાણ ઓછું હતું. કારણ, ખ્રિસ્તીઓ કરતાં યહુદીઓનું સામાજિક સંગઠન વધુ સારું ને મજબૂત હતું. યહુદીઓનું જીવન એકતાવાળું હતું. ખ્રિસ્તીઓ કરતાં તેમનું સમાજિક માળખું વધુ સંગઠિત હતું.

૧૯૭૨માં મિ. બોક અને વેબર (Mr. Bock and Webber) નામના સમાજશાસ્ત્રીઓએ વધુ સંશોધન કરી પ્રયોગો ને અભ્યાસ દ્વારા એમિલી ડર્ખેઈમની વાતને વધુ પુષ્ટ કરી. તેમણે વિધવા થયેલ મહિલાઓનું સંશોધન હાથ ધર્યું. જે વિધવાઓ પોતાના સંબંધીઓની નજીક રહેતી હતી અથવા તો એક યા બીજી રીતે કોઈ સંસ્થા સાથે સંકલાયેલી હતી તેમનો આપઘાતનો દર એકલી રહેતી વિધવાઓની અપેક્ષાએ ઓછો હતો. વળી નોર્થ કેરોલિના (યુ.એસ.એ.)માં અશ્વેત સમાજના પુરુષોનો અભ્યાસ કરતાં માલુમ પડ્યું હતું કે અવ્યવસ્થિત અને વિભક્ત કુટુંબમાં ઊછરેલા અશ્વેત પુરુષોમાં હૃદયરોગ તેમજ બ્લડપ્રેશર જેવા રોગોનું પ્રમાણ ઊંચું હતું.

આ બધી વાતનો વિચાર કરતાં માલુમ પડે છે કે માણસને સમાજ વિના ચાલતું નથી. સમાજથી છૂટો પડતાં તેનું સ્વાસ્થ્ય અને જીવન જોખમાય છે. અન્યોન્ય એકબીજાનું આલંબન રહે છે. સામાજિક સંબંધો ફક્ત આપણને બીમારીથી જ રક્ષતા નથી પરંતુ તેનાથી માનસિક સંરક્ષણ પણ મળે છે. કુટુંબ ને સમાજમાંથી મળતાં બળ, આશ્વાસન, હિંમત, પીઠબળ ને હૂંફ આપણા જીવનને સારી રીતે ટકાવી રાખે છે. એટલા માટે તો આપણા પૂર્વજોએ સંયુક્ત કુટુંબની રચના કરી.

વિભક્ત કુટુંબમાં માનનારા પશ્ચિમી દેશોને પણ હવે સંયુક્ત કુટુંબની વાત ધીરે ધીરે સમજાતી જાય છે.

આપણે ત્યાં સંયુક્ત કુટુંબો ભાંગી રહ્યાં છે ત્યારે વિદેશમાં હવે પરણિત યુગલોને, ખાસ કરીને બાળકો ધરાવતાં દંપતીઓને સાસુ-સસરાની મહત્તા સમજાવા લાગી છે. પોતાના જ કાર્યમાં વ્યસ્ત રહેતાં યુગલો બાળઉછેરમાં ઉણાં ઊતરતાં હોવાથી નિવૃત્ત માતાપિતાની ખોટ સાલવા લાગી છે. પરિણામે ત્યાં અત્યારે પરણ્યા પછી પણ માબાપને સાથે રાખવાની રીત શરૂ થઈ ગઈ છે.

જોકે પોણા ભાગની જિંદગી વીતાવી ચૂકેલાં કયારેક અનુભવી માબાપને સાથે રાખવા છતાં બાળઉછેરનું કામ પૂરું થઈ જતું નથી. કારણ કે કયારેક આ દાદા-દાદીનેય બાળઉછેરની કુદરતી સૂઝ હોતી નથી. આવી પરિસ્થિતિમાંથી બ્રિટનની એક ટ્રેનિંગ કોલેજે તોડ કાઢ્યો છે. લંડન નજીક આવેલા બર્કસમાં 'નોર બેબી નર્સરી' નામની ટ્રેનિંગ કોલેજ શરૂ થઈ છે, જ્યાં વૃદ્ધ સ્ત્રી-પુરુષોને નાના-નાની કે દાદા-દાદી બનવાની રીતસર તાલીમ અપાય છે ! બાળક નાનું હોય ને તેનાં મમ્મી-પપ્પા ઘરમાં હાજર ન હોય તો બાળકને કેવી રીતે નવરાવવું-ખવરાવવું, રમાડવું, સાંજે બાબાગાડીમાં કઈ રીતે ફરવા લઈ જવું, રાત્રે કેવી રીતે પરીકથા કે હાલરડાં ગાઈને પોઢાડવું તેની તબક્કાવાર તાલીમ

અપાય છે. બ્રિટનમાં સંયુક્ત પ્રથા જીવિત થઈ હોવાથી આ કોલેજમાં દાદા-દાદીની ટ્રેનિંગ લેવા માટે અહીં વૃદ્ધજનોનો ભારે ધસારો થવા લાગ્યો છે. આવા દસેક હજાર વિદ્યાર્થીઓને એડમિશન આપ્યા પછી કડક પરીક્ષા લેવાય છે. તેમાં દર વર્ષે લગભગ સાતેક હજારને પાસ કરી દાદા-દાદીની ડિપ્લોમા ડીગ્રી આપવામાં આવે છે.

આ જાણીને કદાચ હસવું જરૂર આવે. ભલે કદાચ દાદા-દાદીની જરૂર સ્વાર્થ પૂરતી લાગે. પરંતુ સંયુક્ત પ્રથાની જરૂરિયાત છે તેવું તારણ તો જરૂર નીકળે જ, કારણ કે પરિવાર એકબીજાના આધારે જ ટકી રહે છે. મોટા મશીનમાં નાનામોટા દાંતાવાળાં ચક્રો હોય છે જે એકબીજાને આધારે ચાલે છે. તેમ પરિવાર એકબીજાના સહકારથી ચાલે છે.

અમેરિકાના લેખક શ્રી એલેક્સ હેઈલીએ 'રૂટસ' નામના પ્રખ્યાત પુસ્તકમાં લખ્યું છે કે આપણે મૂળ વગરના થતા જઈએ છીએ. વૃદ્ધોથી દૂર દૂર થતા જઈએ છીએ. કારણ, ભૌતિકતા- ભૌતિકતા-ભૌતિકતા છે. ભૌતિકતા ખૂબ વધી ગઈ છે. બટનો દબાવવાનો જમાનો છે. પરંતુ આને નિવારવા માટે :

૧. ઘરડાં દાદા-દાદી પાસે જવાનો આગ્રહ રાખો. ૨. કુટુંબનો ઈતિહાસ લખો. ૩. કુટુંબમેળા ગોઠવતા રહો.

યુનોએ આજની પરિસ્થિતિને લક્ષ્યમાં લઈ ૧૯૯૪ના વર્ષને 'પરિવાર વર્ષ' તરીકે ઘોષિત કર્યું છે. પરંતુ આપણા જીવનમાં તો દરેક વર્ષ પરિવારનું વર્ષ જ છે. આ કંઈ એક વર્ષ પૂરતી રમત નથી. આયુષ્ય રહે ત્યાં સુધી સૌએ પરિવારમાં જ જીવવાનું છે.

પરિવારમાં આપણને સદાય તહેવારનો અનુભવ થવો જોઈએ. વાર એ રોજિંદી ઘટના છે. તહેવાર એ આનંદની લહેરખી છે. સામાન્ય દિવસ કરતાં તહેવારને દિવસે ઘરનું વાતાવરણ અને આનંદ જુદાં જ હોય છે. આમ, આપણા ઘરમાં કાયમ તહેવારનું વાતાવરણ રહેવું જોઈએ.

રોજિંદી ઘટમાળમાં સમય પિલાય છે ને તેલને બદલે ખોળ નીકળે છે. ક્ષણને નીચોવીને મેળવીએ છીએ કંટાળો. હાશ ને બદલે કડવાશ જ અનુભવાય છે. ઘરમાં એકબીજાના સંબંધો જલેબીના ગૂંચળા જેવા જટિલ બની ગયા છે. જીવનનો વિકાસ થવાને બદલે રકાસ થાય છે. પ્રગતિ ને તાણ એકબીજાના પર્યાય બની ગયા છે.

દવાઓ વધી પણ રોગ નથી ઘટ્યા. નિશાળો વધી પણ નિરક્ષરતા નથી ઘટી. તેમ આરામ ને સુખસગવડનાં સાધનો વધ્યાં પરંતુ રઘવાટ, ઉકળાટ, કચવાટ, ઘોંઘાટ ને અજંપો નથી ઘટતાં. છેવટે એકબીજાના પ્રશ્નોથી તંગ આવી જઈને ઘરનું કોઈ સભ્ય ઘરમાં ટૂંપો ખાઈ લે છે, કાં તો ઘરમાં જ સળગીને મરી જાય છે. સ્મશાનમાં બળવાને બદલે ઘરમાં જ બળી મરે છે. ઘરને સ્મશાનગૃહમાં ફેરવી નાખે છે. સળગતા ઘરમાં વધુ એક પ્રશ્ન સળગાવીને વિદાય લે છે.

ઘરમાં શાંતિ નથી, આનંદ નથી, માણસ શાંતિ શોધવા પ્રયત્ન કરે છે અને કયારેક

શાંતિ મેળવે છે પણ ખરો, પરંતુ ક્ષણિક શાંતિ. વજનનું પોટલું માથેથી હાથે ને હાથેથી માથે લે તેથી રાહત અનુભવાય પણ તે ભાર આખરે તો શરીર ઉપર જ છે એ ભૂલી જવાય છે. અંગ્રેજીમાં Interchange of problem કહે છે. તેમ મનોરંજનનાં હળવાં માધ્યમો દ્વારા આનંદ ને શાંતિ મળ્યાનો આભાસ માણસ અનુભવે છે. પરંતુ આખરે વો હી રફતાર...

શાંતિ માટે આપણે ઉપાયો કરીએ છીએ પરંતુ 'દુઃખે પેટ ને કૂટે માથું' જેવા. ગૃહશાંતિ માટે ગ્રહશાંતિ કરાવે પણ ગૃહશાંતિ થતી નથી. તો શાંતિ મળે ક્યાંથી ? વિજ્ઞાને પણ એવી કોઈ ટીકડી શોધી નથી કે જેનાથી વૈમનસ્ય દૂર થઈ જાય ને શાંતિ રહે... એવી કોઈ પ્રવાહી દવા પણ નથી કે જેથી સમાધાનવૃત્તિ કેળવાય... એવું કોઈ ઇન્જેક્શન પણ નથી કે જેનાથી પરિવારમાં ઝઘડો જ ન થાય... તો

- કુટુંબને સુખી કરવાનો કોઈ ઉપાય છે ખરો ?
- કુટુંબના પ્રશ્નોનો અંત લાવવા માટે કોઈ ઉકેલ છે ખરો ?
- કુટુંબના દરેક સભ્યોના એકરાગ માટે કોઈ માર્ગ છે ખરો ?
- બરબાદ થતા કુટુંબને બચાવવાની કોઈ દવા છે ખરી ?
- બળતા ઘરને ઉગારવાનો કોઈ ઈલાજ છે ખરો ?

હા.

આપણા જીવનના તમામ પ્રશ્નોનો અંત લાવવા,

આપણા સળગતા ઘરને બચાવવા,

આપણી ફૂલવાડીને લીલી રાખવા,

આપણા છિન્નભિન્ન થતા કુટુંબને અટકાવવા,

આપણા જીવનને નંદનવન બનાવવા,

આપણા જીવનને સંપૂર્ણ સુખશાંતિમય ને આનંદમય બનાવવા માટે પ્રમુખસ્વામી મહારાજે સચોટ, સરળ અને અકસીર દવા બતાવી છે.

તે દવાનું નામ છે - ઘરસભા.

આપણા પરિવારની ચિંતા કોણે કરી ? પ્રમુખસ્વામી મહારાજે.

'સંસાર છોડીને સંસારીની ચિંતા કરે તેનું નામ સંત.'

'વિખરાયેલાને ભેગા કરે ને વિફરેલાને શાંત કરે તે સંત.'

પ્રમુખસ્વામી મહારાજે આપણા કુટુંબની ચિંતા કરી અને મૂંઝવણમાંથી મુક્ત થવાનો માર્ગ શોધી આપ્યો.

ઘરસભાનો આદેશ તો સ્વામીશ્રીના મુખમાંથી નીકળેલું અમૃત છે.

સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત એવી પરિચિત, અપરિચિત, સત્સંગી કે

બિનસત્સંગી દરેક વ્યક્તિ પોતાના પ્રશ્નો, મુશ્કેલીઓ, દુઃખો, મૂંઝવણો, બળતરા વગેરે પોતાના પત્રોમાં ઠાલવીને સ્વામીશ્રી પાસેથી આશીર્વાદ અને માર્ગદર્શન ઝંખે છે. દિનપ્રતિદિન આવા પત્રો વધતા જ રહે છે. સ્વામીશ્રી પણ અતિ વ્યસ્ત હોવા છતાં દરેકની વેદનાઓ ને પ્રશ્નો વાંચી પ્રત્યુત્તર દ્વારા યોગ્ય માર્ગદર્શન, હૂંફ, બળ અને સંતોષ આપે છે.

૧૯૭૭માં સ્વામીશ્રી મુંબઈ ખાતે બિરાજમાન હતા. પત્રો વાંચી રહ્યા હતા. બીજા વાંચવાના પત્રોની ઢગલી બાજુમાં પડી હતી. આટલા બધા પત્રો વાંચતા જોઈ એક વાર ધીરેન્દ્ર વીંછીએ જિજ્ઞાસાથી સ્વામીશ્રીને પૂછ્યું, 'આપ આટલા બધા પત્રો લખો છો પણ એમાં આવે છે શું ? બધી ટપાલોમાં શું શું હોય છે ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'બીજું શું હોય ? દુકાન ચાલતી નથી, કોર્ટમાં કેસ ચાલે છે, પત્ની માંદી છે, દીકરીનું સગપણ થતું નથી, ઉઘરાણી ભરાઈ ગઈ છે, દીકરો ગાંઠતો નથી, ભાઈ માનતો નથી... વગેરે, વગેરે.'

ધીરેન્દ્રભાઈ કહે : 'બાપા, અમારે આવા પત્રો લખવા જ ન પડે ને પ્રશ્નો ઊભા જ ન થાય તેવો કોઈ ઉપાય બતાવોને !'

સ્વામીશ્રી બોલ્યા : 'રોજ રાતે જો ઘરના બધા ભેગા થઈને થોડી કથાવાર્તા કરે તો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય ! થાય તો પણ તેને ઉકેલવાનું બળ મળે અને તેના દુઃખનો ભાર ન લાગે. બધા પ્રશ્નોના જવાબમાં ઘરસભા છે.'

ઘરસભા તો 'માસ્ટર કી' છે. દરેક પ્રકારના પ્રશ્નો, મૂંઝવણો ને મુશ્કેલીઓ ઉકલી જાય તેવી માસ્ટર કી છે.

ઘરસભામાં એવું તે શું છે કે બધા પ્રશ્નો હલ થઈ જાય ?

જોકે સામાન્ય લાગતી આ દવા કોઈને ઝટ ગળે ઊતરે તેવી નથી. આમ જુઓ તો ઘરસભા ખૂબ સરળ છે. તેમાં કંઈ મૂડીરોકાણ કરવાની જરૂર નથી. મફતની દવા છે. પરંતુ આ દવાનો પ્રયોગ ખૂબ કઠિન લાગે છે.

જેમ ભમરો ગમે તેવા મજબૂત લાકડાને કોરી નાખે પરંતુ ફૂલમાં બિડાયા પછી તે ફૂલને કોરીને બહાર નીકળી શકતો નથી. લાકડાની દૃષ્ટિએ ફૂલ કેટલું કોમળ ગણાય ! તેમ છતાં ભમરો લાકડાને વીંધી શકે છે, ફૂલને નહિ ! તેમ ઘણા લોકો કઠિન એવાં વ્રત, તપ, ધ્યાન, યાત્રા વગેરે કરે છે પરંતુ અત્યંત સરળ એવી ઘરસભા કરી શકતા નથી.

દવા સામાન્ય છે પરંતુ તેની અસર સામાન્ય નથી. સાધારણ લાગતી ઘરસભા અસાધારણ પ્રશ્નો ઉકેલી શકે છે.

માથાના દુખાવાની ગોળી કંઈ માથા જેવડી નથી હોતી. પગના કે પેટના દુખાવાની ગોળી પગ કે પેટ જેવડી નથી હોતી. ઘરના તાળાની ચાવી કંઈ ઘર કે બારણા જેવડી નથી હોતી. સામાન્ય લાગતી ટેબ્લેટ આપણા શરીરની મુશ્કેલી દૂર કરે છે તેમ સામાન્ય

લાગતી ઘરસભા, નાનાં કે મોટાં તમામ પ્રકારનાં દુઃખ દૂર કરી શકે છે.

જેણે જેણે આ દવા અજમાવી છે તેણે કેવી રાહત અનુભવી છે તે એમના જ શબ્દોમાં જોઈએ :

✿

હું મારા પિતાજી સાથે ૧૯૮૫માં ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવની સેવામાં ગયો હતો. એક રાત્રે હું મિત્ર સાથે સિનેમા જોવા જતો રહ્યો. ઉતારાના તંબૂમાં પિતાજી મારી રાહ જોઈને ધૂંઆંપૂંઆં થઈ રહ્યા હતા. રાત્રે ૧૨ વાગ્યા હશે. છેવટે તેઓ મને શોધવા નીકળ્યા. મારો પત્તો ન લાગતાં નિરાશ થઈને સૂઈ ગયા.

મોડી રાત્રે મને તંબૂમાં આવતો જોઈ તેમને રાહત થઈ પણ ગુસ્સો ભભૂકી ઊઠ્યો. સલામતીના સ્વયંસેવક પાસેથી બળતું લાકડું લઈ મને મારવા દોડ્યા. બૂમબરાડાથી જાગી ગયેલા સ્વયંસેવકોએ તેમને રોક્યા.

થોડા દિવસ બાદ હું સ્કૂટર લઈ મિત્ર સાથે ખરીદી કરવા ગયેલો. તેમાં પાછા વળતાં મોડું થયું ને તેમણે મારા ચંપલ વડે જ મને આખા શરીરે ઢોરમાર મારેલો. આવો હતો મારા પિતાજીનો ગુસ્સો.

સમૈયા પછી અમે ઘેર આવ્યા. એક દિવસ રાત્રે ૧૧-૩૦ વાગ્યે સંબંધીને મૂકવા જતાં નવા જ સ્કૂટરને અકસ્માત થયો અને બહુ જ નુકસાન થયું. આ વાતની જાણ થતાં જ પિતાજી દોડયા. મને થયું કે આજે તો મારું આવી જ બન્યું. પણ આશ્ચર્ય ! પિતાજી કાંઈ ન બોલ્યા. પાસે આવી શાંતિથી પૂછપરછ કરી, 'જેવી મહારાજની ઈચ્છા' તેમ કહી ઘરે પાછા વળ્યા.

આ પ્રતાપ હતો છેલ્લા ૩ મહિનાથી ઘરમાં શરૂ થયેલી ઘરસભાનો. ઘરસભાના પ્રતાપે જ પિતાજીનો ગુસ્સો ગાયબ થઈ ગયો.

-માંડવી

✿

ઘરસભા પહેલાં મારો ગુસ્સો આસમાને હતો. રસોઈમાં ભૂલ કરનારને ખૂબ જ ધમકાવી નાખતો. ઘરસભા શરૂ કરી. સવારે ૫-૩૦ વાગ્યે ગૃહશિબિર શરૂ થઈ જાય. ગુસ્સો ગાયબ થઈ ગયો. રસોડાની દીવાલ પર લખ્યું છે - 'ક્રોધ ન કરવો. મૌન રાખવું.' ઘરસભા આશીર્વાદરૂપ નીવડી.

-ભાલચંદ્ર સીતાપરા

✿

મારાં પત્ની સત્સંગમાં બિલકુલ માનતાં નહિ. માને નહિ એટલું જ નહિ પરંતુ વિરોધ પણ એટલો જ કરે. મારે ઘણી વાર ગઢડા, સારંગપુર સત્સંગ અર્થે જવાનું થાય તો મારી પત્ની જવાની ના પાડે. પણ હું તો નીકળી જાઉં. એથી મારા ઘરની અંદર કાયમ ઝઘડા રહેતા. ઝઘડા એટલા બધા થતા હતા કે અમારા બન્ને વચ્ચે અઠવાડિયાઓ સુધી અબોલા રહેતા. આનાથી કંટાળીને મેં વિચાર કર્યો કે આનું હવે શું કરવું ?

એકાએક મને સ્વામીબાપાનો આદેશ યાદ આવ્યો : ઘરસભા. મેં અને મારા બન્ને

છોકરાઓએ શરૂ કરી. પણ ઘરસભા વખતે મારાં પત્ની ઘરકામ કાઢીને ઘરસભા ટાળવાનો પ્રયત્ન કરે. પરંતુ આવી રીતે અમે બે માસ સુધી સભા ચાલુ જ રાખી.

ત્રીજા મહિને આ શબ્દોની અસર થઈ. તે ઘરકામ પતાવીને જલ્દીથી ઓસરીએ આવીને બેસી જાય. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તે અમારી નજીકમાં આસન નાખીને બેસતી થઈ.

એક દિવસ મેં કહ્યું, 'આજે હું ખૂબ થાકી ગયો છું. આપણે સભા નથી કરવી.' તો તેણે કહ્યું, 'ના, સભા તો કરવી જ છે. પરાણે સભા કરાવી. આજે તેણીએ મારા કરતાં વધારે મુખપાઠ કર્યો છે.

જેમ દૂધની અંદર ઘી છે તે આપણને દેખાતું નથી તેમ આ ઘરસભાની અંદર અદ્‌ભુત તાકાત છે. ઘરસભા અંદરોઅંદરનો કુસંપ નાશ કરે છે. આજે મારે સત્સંગ અર્થે ગમે ત્યાં જવાનું હોય તો મારે સાનુકૂળ છે. એવી જડીબુટ્ટી મારા હાથમાં આવી છે. મને પૂ. ડૉક્ટર સ્વામીની આજ્ઞા છે કે મારે ૧૦૧ ઘરસભા શરૂ કરાવવાની છે. હું તો મારો સંકલ્પ આનંદથી પૂરો કરીશ. -ઓધવજીભાઈ

✿

સ્વામીબાપાના આદેશ પ્રમાણે સત્સંગના કાર્ય માટે વધુ સમય ફાળવવાનું શરૂ કર્યું. પત્નીને આ જરાય ન ગમે. કચકચ કરે. આ રોજની કડાકૂટ થઈ. ઘરસભા શરૂ કરી. પત્ની શરૂઆતમાં ન બેસે. પરંતુ ધીરે ધીરે રસ પડ્યો. સત્સંગમાં સમકક્ષ થવા માંડી, સહકાર સાંપડ્યો. સત્સંગનું કાર્ય નિર્વિઘ્ન બન્યું. હવે પત્ની મહિલા મંડળમાં વચનામૃતનું નિરૂપણ કરે છે. ઘરસભા વગર આ શક્ય ન બન્યું હોત. -ગોરધનભાઈ ચૌહાણ

✿

અમારે એક વાતનું કાયમ દુઃખ રહે. છેલ્લાં ઘણાં વર્ષોથી મારાં પત્ની અને મારાં બાને રોજ કંકાસ થાય. જો હું પત્નીનું તાણું તો બાને વાંકું પડે અને જો 'બા'નું તાણું તો પત્ની વિફરે. ધંધેથી આવ્યા પછી થાક ઉતારવા બાંધેલું ઘર સદા થાક અને તાણ વધારતું જ રહેતું.

એવામાં સંતો પાસેથી સાંભળ્યું કે ઘરસભા પારસમણિ જેવું કાર્ય કરે છે. તેના સેવનથી પરિસ્થિતિ બદલાય જ છે. આવી લોભામણી વાતો સાંભળી મને થયું કે લાવને, ઘરસભાનો પ્રયત્ન કરીએ.

સભા શરૂ કરી. શરૂઆતમાં હું ને મારી પત્ની બેસીએ તો મારાં બા બહાર જાય ને હું તથા બા બેસીએ તો પત્ની બહાર જાય. પણ હું મંડ્યો રહ્યો. ચાર મહિને સૌ ભેગાં થયાં. અદ્‌ભુત ચમત્કાર થવા માંડ્યો.

હવે તો હું બહાર હોઉં તો મને ઘરની ચિંતા નહિ. સાસુ વહુ જ સંપીને રોજ સભા કરે. સભા બાદ ચેષ્ટાગાન પણ ખરું અને છેલ્લે તો સત્સંગ પરીક્ષાનું બેય સાથે વાંચે.

તૈયારી કરે ને પરીક્ષામાં બેઠાં ય ખરાં. - **લલિત ભામોદરા**

✿

મારા ઘરમાં મારાં બા તથા મારાં પત્નીને બને જ નહિ. સંબંધો વધુ તૂટતા ગયા. બન્નેમાંથી કોઈને કંઈ કહી શકાય નહિ એવી મારી પરિસ્થિતિ થઈ ગઈ. વિભાજિત કુટુંબ કરવું પણ અશક્ય હતું. એવામાં સ્વામિનારાયણ પ્રકાશમાં 'ઘરસભા એટલે ઘરશોભા' એ લેખ વાંચ્યો. ઘરસભાનો ઉપાય અજમાવ્યો. ખૂબ ટૂંકા ગાળામાં જ પરિણામ મળી ગયું. પત્ની તથા બાના કથળેલા સંબંધો સુધરી ગયા. અમારું તૂટતું ઘર બચી ગયું. ઘરસભાનો ખૂબ ખૂબ આભાર. - **નટવરભાઈ એન. કાપડિયા (રાજકોટ)**

✿

મેં ઘરસભાનો નિયમ લીધો. ઘરમાં હું ને મારી પત્ની બે જ. પત્ની અભણ, તેને કીર્તન પણ ન આવડે. બધું મારે જ વાંચવું પડે.

મેં કહ્યું : 'ભણવા માંડ.' એ હસવા માંડી, કહ્યું : 'આ ઉંમરે ?'

મેં કહ્યું : 'સંત સ્વામી આ ઉંમરે પણ બધાં શાસ્ત્રોનો નિત્ય અભ્યાસ કરે છે. નવું નવું શીખે છે તો આપણે પણ શીખવું જોઈએ.'

તેણે હા પાડી. મેં 'ફૂલપાંદડી' ચોપડીનો સેટ લાવી કક્કો શિખવાડવાની શરૂઆત કરી. રોજ કામ પર જાઉં એટલે લેસન આપતો જાઉં. પાંચ સ્વામીની વાતો લખવાની આપું. તે કંટાળે તો કહું : 'જો આપણે હમણાં એકલાં છીએ ત્યાં સુધી શીખી લે, પછી શિખાશે નહિ.'

બપોરે લખેલી સ્વામીની વાતો રાતે સભામાં બોલાવું. આમ કરતાં કરતાં તેને વાંચતાં આવડી ગયું. પછી લેસનમાં વચનામૃત, કીર્તન ચાલુ કર્યાં. વળી સારા અક્ષર નીકળે તે માટે ડબલ લીટીવાળી નોટ લાવી આપેલી. બધું આવડી ગયું. હવે ઘરસભામાં તે જ ધૂન, પ્રાર્થના, કીર્તન, વચનામૃત વાંચે છે. - **પ્રફુલ્લભાઈ ચલોડિયા (સુરત)**

✿

મેં ઘરસભા શરૂ કરી એ સમયે મારાં પત્નીને પૂરું વાંચતાં પણ આવડતું નહોતું. ફક્ત બે ચોપડી ભણેલાં. પરંતુ ઘરસભામાં વચનામૃત તથા સત્સંગસાહિત્ય તેમની પાસે વંચાવતો. હવે વાંચતાં તો સંપૂર્ણ આવડી ગયું પરંતુ નિરૂપણ કરતાં પણ આવડી ગયું. આજે મારાં પત્ની બે ગામનાં મહિલામંડળનાં નિરીક્ષિકા છે. નબળા દેશકાળમાં પણ અમને દૃઢતા રહે છે. પહેલાં બે ચોપડી ભણેલ પત્ની એ મારું દુર્ભાગ્ય સમજતો હતો પરંતુ ઘરસભાને પ્રતાપે આ મારું સદ્‌ભાગ્ય બની ગયું છે. - **વજુભાઈ પટેલ (વાવેરા)**

✿

વાવેરા ગામમાં દુલાભાઈ સોંડાગર નામના જૂના મંદિરના એક હરિભક્ત. કથાવાર્તામાં રુચિ હોવાથી આપણી સત્સંગસભામાં આવે. ધીરે ધીરે તેમણે પણ ઘરસભા શરૂ કરી. તેમનો ૧૬ વર્ષની ઉંમરનો પુત્ર દિલ્હીમાં એમ્બ્રોઇડરીનું કામ શીખવા ગયો.

ત્યાં ફિલ્મ તથા એવા પ્રકારના સાહિત્યમાં રુચિવાળો બની ગયો. કામ શીખીને ગામ આવ્યો. ગામમાં પણ ફિલ્મમાં તથા તે અંગેના સાહિત્ય અને ફોટાઓમાં જ મશગુલ રહેતો. દુલાભાઈએ યોગીબાપાના તથા પ્રમુખસ્વામી મહારાજના ફોટા બતાવી કહ્યું, 'આમનાં દર્શન કરીશ તો બુદ્ધિ સારી થશે.' પુત્ર કહે, 'આ તો ટકા (મુંડન)વાળા છે. તેમાં શું જોવું ?' પિતાએ પુત્રને ઘરસભામાં સાથે બેસાડી વચનામૃત, સ્વામીની વાતો, પ્રકાશ-પત્રિકા વગેરે વંચાવવાનું શરૂ કર્યું. બે મહિનામાં જીવનપરિવર્તન થયું. પૂજા કરતો થઈ ગયો. પછી પુત્રને ધંધાર્થે મુંબઈ જવાનું થયું. તો ત્યાં પણ સત્સંગસભામાં દર અઠવાડિયે જાય છે. પિતાને ખૂબ સંતોષ અને આનંદ છે. **-વજુભાઈ પટેલ (વાવેરા, અમરેલી)**

✿

ઘરસભા શરૂ કરી. એમાં યોગીજી મહારાજનો પ્રસંગ આવ્યો : 'પરીક્ષામાં ચોરી ન કરવી ને ન કરવા દેવી.' આ પ્રસંગ મારા મોટા દીકરાને અસર કરી ગયો.

૧૯૮૮ના માર્ચમાં એસ.એસ.સી.ની બોર્ડની પરીક્ષામાં સુપરવાઈઝર તરીકે મારા મિત્ર જ હતા. મારા પુત્રને તે ઓળખે. સામેથી તેમણે મારા પુત્રને કહ્યું, 'બાજુમાંથી જોઈ લે અથવા બહાર જઈને કામ પતાવી આવ.'

પુત્રને યોગીજી મહારાજ યાદ આવ્યા. તે કહે : 'જે આવડશે તે લખીશ. ભલે ઓછા ટકા આવે કે નપાસ થાઉં.' સુપરવાઈઝરને આશ્ચર્ય અને ગર્વ અનુભવાયાં. મને તેમણે આ પ્રસંગ કહ્યો. મને પ્રશ્ન થયો, મારા દીકરાને નૈતિકતાનો પાઠ કોણ પઢાવી ગયું ? પછી સમજાયું કે પુત્ર ઘરસભામાં નિયમિત બેસતો તેનો જ આ પ્રતાપ છે.

વિના ઉપદેશે જીવનના ઉચ્ચ પાઠોને આત્મસાત કરવાની આરાધના એ જ ઘરસભા.

-પૂનમભાઈ, દાહોદ

✿

ઘરમાં એકલો જ પૂજા કરતો. ઘરસભા શરૂ કરી. બાળકો અને પત્નીને મહિમા સમજાયો. બાળકોએ તિલક-ચાંદલા સહિત પૂજા શરૂ કરી. દીકરો કોન્વેન્ટ સ્કૂલમાં ભણે. ટીચરે માર્યો ને તિલક-ચાંદલો કાઢી આવવા કહ્યું. બાબો મક્કમ રહ્યો. ટીચરે નમતું જોખ્યું. ઘરસભાથી બાળકોને સારા સંસ્કાર મળ્યા.

-સુરેશભાઈ પરમાર (દહીસર, મુંબઈ)

✿

અમે ઘરસભા યોગી શતાબ્દી મહોત્સવ પહેલાં શરૂ કરેલી, પરંતુ નિયમિતતા નહોતી. પરંતુ ઘરસભામાં રસ વધતાં બાળકો સભા કરવા માટે જીદ કરે. કોઈ વાર સભા કર્યા વિના સૂઈ જઈએ તો બાળકો હઠ કરે ને તેથી અનિચ્છા હોવા છતાં સભા કરીને જ સૂવાનું થાય. કોઈ વાર ધૂન-કીર્તન કરીને સભાને પૂરી કરી દઈએ તો બાળકો વચનામૃત વાંચવા કહે. ન વાંચું તો રડીને પણ વંચાવે. આને કારણે અમારી ઘરસભા નિયમિત થઈ ગઈ.

હવે સભામાં એક બાળક ધૂન કરે, બીજું કીર્તન-પ્રાર્થના કરે, પછી બાળસભાનું એક

પુષ્પ વાંચે. પછી વચનામૃત, સ્વામીની વાતો કે બ્રહ્મોપનિષદ વાંચીએ. સમય ૩૦ મિનિટ અથવા વધુ પણ થાય. બાળકો વારાફરતી બાળઘનશ્યામની વાર્તા કહે. પહેલાં હું બાળકોને અભ્યાસ કરાવવા માટે ગુસ્સે થતો ને મારતો પણ ખરો. હવે બાળકો જાતે જ અભ્યાસ સારી રીતે કરે છે ને ખૂબ જ સુંદર પરિણામ લાવે છે. મારા ગુસ્સામાં બ્રેક વાગી. બાળકો નિત્યપૂજા કરતાં થયાં. પત્ની પોતે કાર્યકર બન્યાં. ઘરમાં આરતી, થાળ, પૂજા વગેરે નિયમિત થવા માંડ્યું. ઘરનું વાતાવરણ આનંદમય બન્યું.

- ગૌરાંગ પટેલ (આણંદ)

✿

અમારી ઘરસભામાં યોગીગીતા વંચાતી હતી. એમાં વાત આવી કે 'કોઈ વાળે તો કટ વળી જવું...'

મારી બેબીને કોઈ પણ કામ બતાવીએ તો દરેક વખતે કચવાટ કરે તથા કામ ન પણ કરે. આ માટે ક્યારેક તેને માર પણ ખાવો પડતો.

પરંતુ યોગીગીતાની કટ વળવાની વાત સાંભળીને તે તરત બોલી : 'આજથી હું કટ વળવાનો નિયમ લઉં છું.'

નિયમ લીધા પછી તેને કોઈ પણ કામ બતાવવામાં આવે તે આનંદથી કરી નાંખે છે. પરંતુ કોઈ વાર જૂનો સ્વભાવ આવી જાય ને કામ ન કરે તો બધા 'કટ' એમ યાદ કરાવે એટલે તરત જ સરળતાથી કામ કરે.

મારી પુત્રીના સ્વભાવપરિવર્તનમાં ઘરસભારૂપી દવાએ જ કામ કર્યું છે.

- હરિભાઈ પી. ચૌહાણ (વડોદરા)

✿

અમારું ઘર નાનું. એક રૂમ-રસોડું. ઘરસભાનો સમય જ ન મળે. એવામાં યુવા મહોત્સવ આવ્યો. મેં પૂર્ણ મુખપાઠમાં ને પત્નીએ કીર્તન મુખપાઠમાં ભાગ લીધો. રોજ સવારે હું મોટેથી વચનામૃત બોલું ને મારાં પત્ની કીર્તન ગાય. આમ બન્નેના પાઠ થઈ જાય.

યુવક મહોત્સવ તો ગયો પણ ઘરસભાના સ્વરૂપે અમને કાયમ નજરાણું આપતો ગયો. નિત્ય ઘરસભાના પ્રતાપે અમારી ત્રણ વર્ષની બેબીને આરતી, થાળ મોઢે થઈ ગયાં. ને હવે તો એવી ટેવ પડી છે કે કીર્તન ગાઉં તો જ સૂએ. **- અમરસિંહ ઝાલા**

✿

સ્વામીબાપાની આજ્ઞાથી ઘરસભા શરૂ કરી. બે ભાઈ પહેલાં ભેગા જ રહેતા. હવે જુદા થયા. ઉપર-નીચે રહીએ. મોટાભાઈને ત્યાં ઘરસભા થાય, મારે ત્યાં નહીં. તેમણે સંતોને વાત કરી. ભેગા બેસવાની આજ્ઞા આવી. નિયમિત બેસતા થયા. ભાઈની ગેરહાજરીમાં જ હું ઘરસભા કરતો. મંડળની સભામાં વચનામૃત નિરૂપણનો પ્રયત્ન

કર્યો પણ નિષ્ફળ ગયો. ઘરસભામાં પ્રેક્ટિસ શરૂ કરી. ઘરના સભ્યો વચ્ચે સંકોચ ન થાય. ફાવટ આવી ગઈ. આજે મંડળમાં પણ વિશ્વાસથી નિરૂપણ કરી શકું છું. આમ ઘરસભાથી વક્તૃત્વશક્તિ ખીલી. **-રાજેશભાઈ પીપળિયા (સુરત)**

✿

અમે ૨૬ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ ઘરસભા શરૂ કરી. પ્રથમ દિવસે ઘરના ફક્ત પાંચ જ સભ્યો હતા. પરંતુ બીજે દિવસે પાડોશીઓનાં બાળકો પણ આવી ગયાં ને ૧૨ જણની સંખ્યા થઈ. કીર્તન-ધૂન વગેરેને કારણે અમારા મકાનમાલિકને ખૂબ દિવ્ય વાતાવરણ લાગ્યું અને તેમની પુત્રી પણ આવવા માંડી.

ઘરસભાને કારણે મારી બે નાની પુત્રીઓને ટી.વી. જોવાનો શોખ ઓછો થઈ ગયો. લગભગ ટી.વી. જોવાનું માંડી વાળ્યું. વળી પત્નીમાં ઉત્સાહ વધ્યો. સ્વામીબાપાનો મહિમા સમજાયો. મારે શિબિરમાં આવવાના સમયે જ તેને બીમારી આવી પડી છતાં તેણે હિંમત રાખી મને શિબિરમાં જવા જણાવ્યું ! **-કંચનભાઈ પટેલ (આણંદ)**

✿

બે વર્ષ પહેલાં ઘરસભા શરૂ કરી. પાડોશીઓને નવાઈ લાગી કારણ કે તેઓને રવિસભા વિષેનો ખ્યાલ ખરો પરંતુ ઘરસભા વિષે જાણ નહોતી. ઘરસભામાં પાડોશીઓનાં બાળકો આવતાં થયાં. કોઈ વાર ઘરસભામાં વિલંબ થાય તો પાડોશીઓનાં બાળકો પૂછે કે ધૂન ક્યારે થશે ? ઘરસભા વખતે મહેમાન આવે તો તેને પણ બેસવાનું જ. એક વાર અમારી જ્ઞાતિના લોક-કલાકાર શ્રી જગમલભાઈ બારોટ આવેલા. ઘરસભામાં બેઠા. તેમણે પણ કહ્યું કે 'આ ભજન જ સાચાં છે. અમે જે પૈસા લઈને ગાઈએ છીએ તે તો એક દેખાવ છે.' પાડોશનાં બાળકો હવે તો હાલતાં-ચાલતાં ધૂન બોલે અથવા જય સ્વામિનારાયણ બોલે.

અમારા પાડોશી ધોબી છે. અમે ડુંગળી-લસણ ખાતા નથી. તે જાણી તેમણે માંસાહાર છોડી દીધો. **-જયસુખભાઈ બારોટ (ધોરાજી)**

✿

હું છેલ્લાં ત્રણ વર્ષથી ઘરસભા કરું છું. એક દિવસ ફક્ત કસોટી કરવા ખાતર મારાં પત્ની તથા બાળકોને મેં પૂછ્યું, 'આપણે કયું ટી.વી. લાવવું છે, કલર કે બ્લેક એન્ડ વ્હાઈટ ?' ત્યારે બાળકોએ કહ્યું, 'ટી.વી. આપણાથી લવાય જ નહિ.'

એક દિવસ ઠાકોરજીને થાળ ધરાવેલો નહિ તો મારો પુત્ર પ્રફુલ્લ કહે, 'આપણે ભગવાનને ભૂખ્યા રાખીએ તો આપણાથી કેમ ખવાય ?'

બાળકો સંસ્કારી બન્યાં... માતાપિતાને પંચાંગ પ્રણામ કરે છે. કોઈ જ પ્રકારની હઠ કે જીદ નહિ... આ બધું ઘરસભાના પ્રતાપે. **-અમરસિંહ સિંધા (ગાંધીનગર)**

✿

૧૯૮૭થી દરરોજ ઘરસભા ચાલુ જ છે. અત્યાર સુધીમાં ઘરસભામાં વચનામૃત, સ્વામીની વાતું, ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર, ગુણાતીતાનંદ સ્વામી જીવનચરિત્ર, ભગતજી મહારાજ જીવનચરિત્ર, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં જીવનચરિત્રો અને બ્રહ્મોપનિષદ વગેરે ગ્રંથોનું વાંચન પૂર્ણ કરેલ છે.

પ્રતિવર્ષ લેવાતી સત્સંગ શિક્ષણ પરીક્ષાના કાર્યક્રમ માટે ઘરસભામાં ચાર મહિના અગાઉ પરીક્ષાનાં પુસ્તકોનું વાંચન ચાલુ કરવામાં આવે છે, જેને લીધે પરીક્ષામાં ઘણી સરળતા રહે છે. આના પરિણામે સુંદર પરિણામ પણ પ્રાપ્ત થયાં છે.

મારાં પત્ની સત્સંગ શિક્ષણ પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં પ્રારંભ પરીક્ષામાં તૃતીય નંબરે આવેલાં ને મને દરેક પરીક્ષામાં વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત થયેલ છે.

વળી યુવક અધિવેશનમાં દ્વિતીય શ્રેણીનું ઈનામ સ્વામીબાપાના હસ્તે પ્રાપ્ત થયું. આ બધું ઘરસભાને આભારી છે. **- રમેશભાઈ પટેલ (ઘાટલોડિયા, અમદાવાદ)**

✿

૧૯૮૬માં ઘરસભા શરૂ કરી. બાળકોએ ટી.વી. જોવાનો ત્યાગ કર્યો. નિયમિત ત્રણ કલાક વાંચન કરી સ્કૂલમાં પ્રથમ નંબર લાવવાની દૃઢતા કરી. બન્ને બાળકો નંબર લે છે. બાળમહોત્સવમાં વિજયે ભાગ લીધેલો. રોજનું એક કીર્તન પાકું કરવાનું નક્કી કર્યું. ૬૦ કીર્તનો મુખપાઠ કરી ધંધુકા ક્ષેત્રમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલો.

- રામસંગ નારણભાઈ (કમિયાળા, તા. ધંધુકા)

✿

ઘરસભા શરૂ કર્યા બાદ અમારા ઘરમાં વાતાવરણ બદલાઈ ગયું છે. બધા એકાદશી કરે છે. રવિસભામાં જાય છે. પરાસભામાં પણ બધા જાય છે. દરેક સમૈયાનો લાભ લેવા જવાનું. પૂનમે પ્રભાતફેરીમાં જાય. મારાં બા-બાપુજી તો દરરોજ મંદિરે ચાલતાં જાય. મંદિર ત્રણ કિ.મી. દૂર છે. ઘરમાં બધાં જ પૂજા કરે છે. ઘરસભાને લીધે કેસર કેરી જેવું સુખ આવે છે. **- ઘનશ્યામ એચ. પટેલ (ભાવનગર)**

✿

અમારા મંડળમાં વિજયભાઈ દેવચંદભાઈ લાડ નામના યુવક. તેઓએ વારંવાર ઘરસભા અંગેની વાતો સાંભળી. તેથી ઘરસભા કરવાની ઇચ્છા થઈ. તેમણે ઘરસભા શરૂ કરી પણ તેમને વાંચતાં કે કીર્તન ગાતાં પણ ન આવડે. તેથી બાળમંડળમાં આવતા તેમના કાકાના છોકરા પાસે ધૂન, પ્રાર્થના, કીર્તન, વાંચન બધું કરાવે. એમ કરતાં કરતાં તે પણ શીખી ગયા. તેમનાં માતા પણ શીખી ગયાં. એમના પિતાને દારૂનું વ્યસન. સંતોએ બળની વાતો કરી છોડાવેલ છે. **- હસમુખભાઈ ડી. લાડ (સુરત)**

✿

અમારા વિસ્તારનો એક યુવક ભણવામાં નબળો હતો. વાંચનમાં ખૂબ કંટાળો આવે. યુવક અધિવેશનમાં ભાગ લીધેલો પરંતુ પ્રાથમિક મુખપાઠ ફરજિયાત હતો તેથી તે

આળસી ગયો. તેના પિતાએ ઘરસભામાં બેસવાની આજ્ઞા કરી.

ઘરસભામાં ફક્ત પ્રાથમિક મુખપાઠની પુસ્તિકા લઈને આરતી, અષ્ટક, થાળ, વિદાયપ્રાર્થના વગેરેનું સમૂહગાન કરવાનું ચાલુ કર્યું. આમ કરતાં કરતાં તે યુવકને પ્રાથમિક મુખપાઠ તૈયાર થઈ ગયો ને યુવા મહોત્સવમાં ભાગ લઈ શક્યો.

- કનુભાઈ ટી. પટેલ (ચાંદખેડા)

✿

મને એક વાત ખટક્યા કરે. મારા પિતા મુમુક્ષુ ખરા પણ સત્સંગી નહિ. પૂજામાં કે ક્રિયાકાંડમાં માને જ નહિ. આવી સર્વોપરી વાત ને સર્વોપરી ગુરુ મળ્યા પણ પિતા કોરા રહી ગયાનો અસંતોષ મને કાયમ ખૂંચતો. નિત્યપૂજા જેવી પ્રાથમિક વાત સ્વીકારવા પણ તૈયાર નહિ તો પછી ઉપાસનાની ઘેડ તો ક્યાંથી બેસે ? અને ઉપાસના વિના કલ્યાણ પણ ક્યાંથી થાય ?

ત્યાં મારી મદદે આવી ઘરસભા. ગુણાતીત દ્વિશતાબ્દી(૧૯૮૫)એ ઘરસભાનો નિયમ લીધો. ઘરસભાએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું.

પિતાએ પૂજા શરૂ કરી. સર્વોપરી નિષ્ઠા પણ થઈ. તેઓ બધા જાતજાતના દેવોની માળા કરતા. હવે ફક્ત સ્વામિનારાયણ મંત્રની માળા કરે છે. વળી, પહેલાં મંગળ, ગુરુ ને શનિ આ ત્રણ વાર કરતા, હવે ફક્ત એકાદશી જ કરે છે.

પિતાના મુખે સર્વોપરી ઉપાસનાની વાત તેમજ નિશ્ચય અંગેની વાત જ્યારે જ્યારે સાંભળું છું ત્યારે મને એ દેવી વારંવાર યાદ આવી જાય છે, જેનું ઋણ હું ક્યારેય નહિ ચૂકવી શકું. એ દેવી તે ઘરસભા.

- રાહુલ બોદાણી

✿

અમે બહુ જૂના સત્સંગી, પણ પપ્પાને બીડી તથા દારૂનું વ્યસન. ઘરનું વાતાવરણ તંગ હતું છતાં ઘરસભા શરૂ કરી. પહેલાં એકલો બેસતો. દશ દિવસ પછી બહેનને પ્રેરણા થઈ. પંદર દિવસ પછી એક વખત મમ્મીએ આરતી તૈયાર કરી આપી. તેઓ પણ રોજ બેસતા થયા. પપ્પાને બીમાર થવાથી હોસ્પિટલમાં દાખલ કર્યા. ડોક્ટર પણ સત્સંગી. તેમણે બીડી-દારૂ છોડવા સમજાવ્યા. ઘરે આવ્યા પછી અમેય સમજાવ્યા પણ પિતાએ ના પાડી. મારાથી રહેવાશે નહિ એમ કહ્યું. અમે ઘરસભામાં બેસવાની વાત કરી. ઘરસભામાં બેસતા થયા. તેનાથી મનને શાંતિનો અનુભવ થયો, વ્યસન મૂક્યાં, ઘરમાં શાંતિ છવાઈ ગઈ. આ પ્રસંગથી પાડોશીઓને પણ ઘરસભાની પ્રેરણા થઈ ને શરૂ કરી.

-સંજય પટેલ

✿

હું દરરોજ અડધો કલાક પૂજા કરતો. મારી બા ચાલુ પૂજાએ વઢવા માંડે કે આવી રીતે પૂજા ક્યાંય જોઈ છે ? આખો મલક પૂજા કરે છે પણ તારા જેવી ટાઢી પૂજા કોઈ નહીં કરતું હોય... પરંતુ ઘરસભા શરૂ કરી. તેમાં બધા બેસવા મંડી ગયા. મહેમાનને

પણ બેસાડી દઈએ. ઘરના બધા સભ્યો વારાફરતી ધૂન, પ્રાર્થના, કીર્તન, વાંચન કરે. બધાને સત્સંગ વધ્યો. હવે મને ચાલુ પૂજાએ કોઈ વઢતું નથી કે બોલાવતા પણ નથી. ને હવે તો મારાં બા મારાં કરતાં પણ વધારે સમય પૂજા કરતાં થઈ ગયાં છે.

- મૂકેશ પ્રેમજીભાઈ ચૌહાણ (ગઢડા સ્વામીના)

✿

અમે બન્ને ભાઈ એક જ મકાનમાં ઉપર-નીચે રહીએ છીએ. અમે ઘરસભા શરૂ કરીએ. ત્યારે નાનાભાઈનાં પત્ની મોટા અવાજે ટી.વી. ચાલુ કરી દે. તેથી ઘરસભામાં વિક્ષેપ પડતો. તેમ છતાંય સભા ચાલુ રાખી. તેમાં નાનાભાઈનાં બાળકો આવતાં થયાં. ધૂન ચાલુ થાય કે તરત આવે. ધીરે ધીરે નાનાભાઈની પત્નીએ ટી.વી.નો અવાજ ધીમો કર્યો. હવે તે પણ ઘરસભામાં આવતાં થઈ ગયેલ છે. અમારો નાનોભાઈ પણ સભામાં આવે છે.

- નરેન્દ્રભાઈ બી. ચોકસી (વીસનગર)

✿

અમે આઠ વર્ષથી ઘરસભા કરીએ છીએ. આને લીધે સંબંધીઓનો સત્સંગ સારો થયો. મારી પત્ની સત્સંગી થઈ. તેણે તેના પિયર જામવદરમાં મંડળ શરૂ કર્યું. તેના ભાઈને સત્સંગ કરાવ્યો. હાલ ૫૦ની સંખ્યા થાય છે.

પછી મારી ત્રણ બહેનો ને તેમનાં બાળકોને સત્સંગ થયો. એક બહેને તેમના સાસરે સાંબલપુરમાં મંડળ શરૂ કર્યું. બનેવી પણ રંગાયા. ત્યાંય ૫૦-૫૫ની સંખ્યામાં સંયુક્ત સભા થાય છે. મારો બાબો સેન્ટ્રલ સ્કૂલ વાલિયામાં છે. તેણે ત્યાં બાળમંડળ ખોલ્યું ને દસ બાળકોને પૂજા કરતા કર્યા. ને બાવીસ જણની સભા થાય છે.

આ રીતે અમારી ઘરસભા તો સ્વામીશ્રીનો મહિમા વધારવામાં મહત્ત્વનો ફાળો આપી ગઈ. અમારી ઘરસભા વીયાઈ ને બીજી ત્રણ સભાને જન્મ આપી ગઈ.

- કાન્તિભાઈ, હુબલી

✿

દરરોજ એકલો ઘરસભા કરતો એક રાવળનો છોકરો તેના મોટાભાઈને ઘરસભામાં બેસાડવા સફળ થયો. પછી તો મોટાને પણ આમાં રસ પડ્યો. તેમાં બીજા પ્રકરણની ૪૮મી વાત 'ફિરંગી નિત્ય કવાયત...' બોલે. મુખપાઠ થઈ ગઈ. જીવમાં ઊતરી ગઈ. કોલેજમાં દાખલ થયો. અને સાવ નાના ગામડાગામનો છોકરો વક્તૃત્વ ક્ષેત્રે મહાદેવ દેસાઈ ટ્રોફી (યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધા) જીતી ગયો !

રૂપાપુરા ગામમાં એક ટ્રક ડ્રાઈવર હરિભક્ત ભીખાભાઈ ગોહિલ રોજ ઘરસભા કરે છે. ટ્રક લઈને બહાર જાય તોય કલીનર સાથે બેસી ટ્રકમાં ઘરસભા કરે. સીધું પણ જોડે રાખે. ટ્રકમાં બનાવીને જમે. આજદિન સુધી કોઈ તકલીફ પડી નથી.

- જે. એલ. મકવાણા (આણંદ)

✿

સાવરકુંડલાના કાર્યકર ઘનશ્યામભાઈ મજીઠિયાનો નાનો પુત્ર હોસ્પિટલમાં દાખલ કર્યો. રાત્રે ૮-૦૦ વાગ્યે ગ્લુકોઝનો બાટલો ચાલુ હતો. ઘરસભાનો સમય થતાં દાદીમાને પૂછયું, 'ડોક્ટરે મને બોલવાની હા પાડી છે ?' 'હા.'માં જવાબ મળ્યો એટલે તેણે ઘરસભા શરૂ કરી. ધૂન, પ્રાર્થના, સ્વામીની વાતો બોલ્યો, અશક્તિને લીધે થાકી ગયો. દાદીમાએ ઘરસભા પૂરી કરી. નાનપણથી પડેલા સંસ્કાર વિકટ પરિસ્થિતિમાં પણ અડગ રહ્યા.

- હરિકૃષ્ણ જાદવ (રાજુલા સીટી)

✿

ખરેખર ચમત્કારી અને અણકલ્પ્યાં પરિણામો લાવનારી ઘરસભા કેવી શક્તિશાળી છે તે આપણે અજમાવનાર વ્યક્તિઓના શબ્દોમાં જ જોયું.

ઘ... ર... સ... ભા... ચાર જ અક્ષરના ટૂંકા આદેશમાં શાશ્વત શાંતિની બાંહેધરી છે.

ધરતીકંપ, જળહોનારત કે કુદરતી પ્રકોપને કારણે ઘણા લોકો બેઘર થઈ જાય છે. ઘરવિહીન થઈ જાય છે. એવા લોકો માટે તો સરકાર પણ ચિંતિત હોય છે ને ઘર બાંધી આપે છે. પરંતુ દીવાલો પડ્યા વગરનાં કેટલાંય અકબંધ ઘરો આજે પણ ભાંગેલાં છે.

ભૂકંપને કારણે ભાંગેલાં ઘર તો કડિયો પણ બાંધી દેશે. પરંતુ એકબીજાના વિચિત્ર સ્વભાવને કારણે તૂટતા ઘરને કોણ ઊભું કરશે ?

કડિયો ઘર બાંધે છે, ઘરસભા ઘર સાંધે છે. શણગારે છે.

ઈંટ, રેતી અને સીમેન્ટથી બંધાતા ઘરની જાહેરાતો ઘણી આવે છે. પરંતુ લાગણી, પ્રેમ અને હૃદયથી બંધાતા ઘરને કોણ ઊભું કરશે ? ઘ... ર... સ... ભા...

ખરેખર પ્રમુખસ્વામી મહારાજ પ્રેરિત ઘરસભા એટલે -


સુખી કુટુંબની રચના : કુટુંબનો સ્થિર પાયો : શાંતિમય સમાજનું સર્જન : દરેક પ્રશ્નોને ઉકેલવા માટેની માસ્ટર કી : બળતા ઘરને નંદનવનમાં પલટાવવાનો એકમાત્ર ઉપાય : દાઝેલાં હૈયાંને હાશ આપતું અમૃતસમ ઔષધ : મૂંઝવણમાંથી મુક્ત થવાનો માર્ગ : કલિયુગમાં સતયુગની અનુભૂતિ : કુટુંબને ઉજ્જ્વળ, ઉન્નત, આબાદ ને સમૃદ્ધ કરવાનો એકમાત્ર રાજમાર્ગ : આપણા સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરતી સત્સંગ-ગંગા : આપણને સંતાનોની ચિંતામાંથી મુક્ત કરવાની ઉત્તમ દવા : એકબીજાના હૃદયમાં રચાયેલી દીવાલોને તોડીને સેતુ બાંધતી કડી : આધિ, વ્યાધિ ને ઉપાધિમાં પણ સમાધિ જેવું સુખ અનુભવવા માટેનો સહજ-સાધ્ય ઉપાય છે ઘરસભા...

યોગીજી મહારાજ ઘણી વાર વાત કરતા કે 'દૂબળા વાણિયાને અજમે હાથ. તેમ બધા જ પ્રશ્નોનું એક જ નિવારણ - ઘરસભા.

એક રાજાએ પંડિતને પ્રશ્નો પૂછ્યા, 'ઘોડો અટક્યો કેમ ?, પાન બગડ્યું કેમ ?, રોટલો બળ્યો કેમ ?'

પંડિતે એક જ વાક્યમાં ઉત્તર આપ્યો, 'ફેરવ્યા નહીં એટલે.' ઘોડો, પાન અને રોટલા વારંવાર ફેરવવાં પડે.

રાજાના દરેક પ્રશ્નોનો ઉકેલ પંડિતે એક જ વાક્યમાં આપ્યો. તેમ વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક કે રાષ્ટ્રીય કોઈ પણ પ્રકારના પ્રશ્નોને દૂર કરવાનો એકમાત્ર ઉપાય છે ઘરસભા.



ઘરસભા એટલે...

દરરોજ સાંજે થોડોક સમય ઘરના તમામ સભ્યો દ્વારા થતી આધ્યાત્મિક ગોષ્ઠિ કે સંસ્કારગોષ્ઠિ એટલે ઘરસભા.

ઘરસભા એ ઘરશોભા છે. ઘરસભા એ ઘરપ્રભા છે. ઘરસભાથી ઘરની પ્રભા (તેજ) વધી જશે.

જે ઘરમાં ઘરસભા થતી નથી તે ઘર નહિ પણ ઘોર (કબર) છે.

આ કોઈ નવી વાત નથી. સંત કબીરે પણ આ જ વાત કરી છે :

જા ઘેર હરિકથા કીર્તન નાહી સંત નહિ મીજમાના
તા ઘેર જમડા ડેરા દેવે સાંજ પડે સમશાના

જ્યાં કોઈ પ્રકારની અધ્યાત્મવાર્તા, કીર્તન કે ગોષ્ઠિ નથી કે જ્યાં સંતને આદર નથી તે ઘર મહેલ હોવા છતાં સ્મશાનથી અધિક કાંઈ જ નથી. ઘરને સ્મશાનગૃહ બનતું અટકાવવાનો ઉપાય છે ઘરસભા. છિન્નભિન્ન થતા કુટુંબને બચાવવાનો ઉપાય છે ઘરસભા.

ઘરસભા સરળ હોવા છતાં એનું પાલન ખૂબ અઘરું લાગે છે. પરંતુ આ અઘરી લાગતી વાત સમજ્યા વિના છૂટકો જ નથી. કુટુંબને કુટુંબના સ્વરૂપમાં અનુભવવું હોય તો આ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી.

A Family; stays together, prays together, plays together, sits together, eats together.

સાથે રહે, સાથે પ્રાર્થના કરે, સાથે રમે ને સાથે જમે તેને જ કુટુંબ કહેવાય. અને એ પણ એટલું જ નિશ્ચિત છે કે -

A family that prays together, Plays together, Sits together,

Eats together

Also stays together

જે કુટુંબ સાથે પ્રાર્થના કરે, સાથે રમે, સાથે જમે ને સાથે બેસે તે કુટુંબ જ ભેગું રહી શકે.

'શિવાઝ રીગલ' નામની વ્હીસ્કી બનાવનારી મશહૂર કંપનીએ અમેરિકનોનું સર્વેક્ષણ હાથ ધર્યું. ૫૦ વર્ષથી નીચેના કુટુંબના સભ્યોને પૂછવામાં આવ્યું, 'તમારી દૃષ્ટિએ અમેરિકન હીરો કોણ છે ?' તો ૧૦૦૦ (એક હજાર) જેટલા અમેરિકનોએ લગભગ એકી અવાજે કહ્યું, 'અમારે માટે અમેરિકન હીરો એ છે કે જે ધંધા, ઓફિસનું કામ જલદી પતાવીને ઘેર આવી જાય ને કુટુંબ સાથે નિયમિત સાંજ ગાળે. આવા ધંધાદારી માણસને અમે એન્ટરપ્રેન્યોર નહીં પરંતુ એકસ્ટ્રાપેન્યોર કહીશું.'

વ્યક્તિ આજે પૈસાના ચિંતવનમાં પરિવારને ભૂલી ગઈ છે. પૈસા ભેગા કરવાની દોડધામમાં માણસ પરિવાર ભેગો રહી શકતો જ નથી. અને જ્યારે પૈસો ભેગો થાય છે ત્યારે પરિવાર છૂટો થઈ ગયો હોય છે.

સ્વામીશ્રી કહે છે કે આપણને ટાઈમ ઈઝ મની સમજાય છે પણ ફેમીલી ઈઝ મની સમજાય છે ખરું ? ચાઈલ્ડ ઈઝ મની થાય છે ખરું ?

ધંધામાંથી ઘેર આવીએ તો પણ આપણે ટેલીફોનના ગૂંચળામાં જ ગૂંચવાયેલા હોઈએ છીએ. પરિવારના સભ્યો સાથે તો સમય જ મળતો નથી. અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહીને આપણે પરિવારને નષ્ટ કરીએ છીએ.

ઘરસભા બધા સભ્યોને ભેગા કરે છે, નજીક લાવે છે, એકતા સાધે છે, સંવાદિતા રચે છે.

પાણીને ઠંડું કરવા ફ્રીજની જરૂર છે, ઘરને ઠંડું કરવા એરકન્ડીશનરની જરૂર છે તેમ હૃદયને ઠંડું કરવા ઘરસભાની જરૂર છે. ઘરના સભ્યો ભેગા મળી ઘરસભા કરે તો ઘર એ નંદનવન બની જાય છે. ઘરને નંદનવન બનાવવા માટે આપણા ઋષિમુનિઓએ પણ આ જ માર્ગ બતાવ્યો છે.

सहनाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्विनावधीतमस्तु । मा विद्विषावहै...

બધા સભ્યો સાથે મળીને જીવન વીતાવે તો શાંતિ આપમેળે આવીને જ વસે છે. પછી ૐ શાંતિઃ શાંતિઃ... ના ઉદ્‌ઘોષની જરૂર પડતી નથી.

દરરોજ સાંજે ઘરના સભ્યો ભેગા મળી થોડોક સમય આધ્યાત્મિક ગોષ્ઠિ કરે તો ઘરનું વાતાવરણ ધીરે ધીરે બદલાતું જાય છે.

શ્રી ભાગવત માહાત્મ્યમાં પણ કહ્યું છે -

कथा भागवतस्यापि नित्यं भवति यद्‌गृहे ।
तद्‌गृहं तीर्थरूपं हि वसतां पापनाशनम् ॥

(ભાગવત માહાત્મ્ય ૩/૨૯)

જે ઘરમાં નિત્ય ભગવાનની કથા થાય છે તે ઘર તીર્થરૂપ-પવિત્ર બની જાય છે અને ઘરમાં રહેનારનાં પાપ, અશુદ્ધિ, મલિનતા, કચરો બધું દૂર થાય છે.

ઘરસભામાં શાસ્ત્રોનું તેમજ સુંદર પુસ્તકોનું વાંચન થાય, સૌ તેનું શ્રવણ કરે, તેનાથી દરેકના જીવનમાં પરિવર્તન આવે છે. કારણ કે વારંવાર જેવું સાંભળે તેવું જ આચરણમાં આવે તે સ્વાભાવિક છે.

એવું કહેવાય છે કે -

કેટલાંક પુસ્તકોને માણસ બનાવે છે.

કેટલાંક પુસ્તકો માણસને બનાવે છે.

સદ્‌ગ્રંથો આપણું ઘડતર કરે છે.

ગાંધીજી કહેતા : 'મારી બે માતાઓ છે એક પૂતળીબાઈ તો સ્વર્ગે સિધાવી છે. પણ બીજી ગીતારૂપી માતા હયાત છે. મૂંઝવણના સમયમાં એની પાસે જાઉં છું ત્યારે મને એ કદીય નિરાશ કરતી નથી. અપેક્ષિત માર્ગદર્શન કરાવે જ છે. હતાશ હૈયામાં હામ ભરે છે.'

વળી સીતા, દ્રૌપદી જેવાંનાં આખ્યાનો સાંભળવાથી સ્ત્રીઓમાં પતિવ્રતાપણું ને સહનશીલતા કેળવવાનું બળ મળે છે. જીવુબા, લાડુબા, રાજબાઈ, લાધીબાઈ જેવાં શ્રીજીપરાયણ બાઈ હરિભક્તોની વાતો સાંભળવાથી હૃદયમાં ભક્તિ ઉત્પન્ન થાય છે.

જનક, અંબરીષ જેવા રાજાઓ તથા દાદાખાચર, પર્વતભાઈ, ગોવર્ધનભાઈ, જેવા હરિભક્તોનાં ચરિત્રોથી ગૃહસ્થાશ્રમમાં રહી કેવી રીતે મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરાવી તેનું માર્ગદર્શન મળે છે. વળી રામ, લક્ષ્મણ, ભરત વગેરેની વાતો સાંભળવાથી બંધુપ્રેમની ભાવના દૃઢ થાય છે.

ધ્રુવ, શ્રવણ, પ્રહ્‌લાદ, નામદેવ જેવા બાળભક્તોનાં જીવનમાંથી આપણાં બાળકો માતાપિતાની આજ્ઞા પાળવાનું તેમજ સેવાભક્તિ કરવાનું ભાથું મેળવે છે. પછી બાળકો અંગેની ફરિયાદ કરવાનું રહેતું નથી.

કૃષ્ણ-સુદામાના પ્રસંગ ઉપરથી મૈત્રીનું ઉત્તમ ઉદાહરણ પ્રાપ્ત થાય છે. રંતિદેવ વગેરેનાં આખ્યાનોમાંથી અતિથિધર્મની ભાવના દૃઢ થાય છે.

વળી ગુરુપરંપરાનાં જીવનચરિત્રોથી આદર્શ જીવન જીવવાની ઉત્તમ પ્રેરણા મળે છે.

જેવા શબ્દો સાંભળે તેવા વિચારો થાય છે ને જેવા વિચારો આવે તેવું જ વર્તનમાં આવે છે. જેવા શબ્દો સાંભળે તેવું અંતઃકરણ થાય છે.

હિટલરને એક જ શબ્દે ઝનૂની બનાવી દીધો હતો. હિટલરની આત્મકથા : 'Mine kemp (My life)માં નોંધ્યું છે કે તેને સ્કૂલમાં એક ઠીંગણો માસ્તર ભણાવતો, તે કહેતો : 'જર્મનોના વિકાસમાં યહૂદીઓ અવરોધરૂપ છે.'

તે કહેતો કે ઉચ્ચ જ્ઞાતિના લોકો નીચ જાતિના લોકોની સાથે રહે તો ઉચ્ચ જાતિની

પ્રજામાં ખરાબ સંસ્કારો આવે છે. અને ધીરે ધીરે સંસ્કૃતિ નાશ પામે છે. જેટલી સારી સંસ્કૃતિઓ નષ્ટ થયેલી છે તે બધામાં નિમ્નકક્ષાની જાતિ જવાબદાર છે. આપણે બધા આર્યજાતિના છીએ અને યહૂદીઓ અનાર્ય છે. તેઓ આપણા દેશમાં રહેશે તો આપણી સંસ્કૃતિ ને આપણો દેશ બરબાદ થશે ને આપણી આર્યપ્રજાના સંસ્કારો નાશ પામશે... આવી રીતે તે સીધી અથવા આડકતરી રીતે વારંવાર એક વાત દોહરાવતો કે 'જર્મનોના વિકાસમાં યહૂદીઓ અવરોધરૂપ છે.'

આ વાત હિટલરે પકડી અને બીજા વિશ્વયુદ્ધનું એકમાત્ર કારણ બન્યો. ઈતિહાસનું સૌથી ગોઝારું યુદ્ધ એટલે બીજું વિશ્વયુદ્ધ. જેમાં પાંચ કરોડ માણસો મરાયા.

આ પુસ્તકની કથા અનેક ખતરનાક અનિષ્ટોમાંનું એક ગણાય છે. આ પુસ્તક બહાર પડ્યું ત્યારે તેના પ્રકાશક તથા અમુક જર્મન લેખકોને ખૂબ જ બીક હતી. તેઓ કહેતા કે આ પુસ્તક પ્રકાશિત કરતાં અમને ખૂબ દુઃખ થાય છે. કદાચ આ પુસ્તક વાંચીને કોઈ અવળી પ્રેરણા લેશે તો ? કોઈ બીજો હિટલર પાકશે તો ?

આવું ન થાય એટલા માટે જ મહાપુરુષો સંસ્કારપ્રેરક સાહિત્યનું વાંચન કરવાનું કહે છે, જેથી જીવન સંસ્કારી ને સદ્‌ગુણી બને.

અમેરિકાના નામાંકિત ન્યૂરો સર્જન Dr. Ben Carson (બેન કાર્સન)ની વાત પણ જાણવા જેવી છે. તેઓ નાનપણમાં તોફાની અને ઝનૂની સ્વભાવના હતા. એક વાર તેના મિત્રને જ ચપ્પુ માર્યું હતું. સદ્‌ભાગ્યે મિત્ર બચી ગયેલો. આ વાતની જાણ માતાને થઈ. તેને આંચકો લાગ્યો. પોતાના દીકરાને સુધારવાનો વિચાર કર્યો. માતાએ કાર્સનને બાઈબલ અને સારી વ્યક્તિઓનાં પુસ્તકો નિયમિત વંચાવ્યાં. માતા કાર્સનને કહેતી કે તારે દરેક પુસ્તક વાંચીને એમાંથી મને બધા જ પ્રસંગો કહેવાના. મેં આ બધાં જ પુસ્તકો વાંચેલાં છે. (જો કે તેની માતાએ કોઈ પુસ્તકો વાંચેલાં નહોતાં તેની જાણ તેને પાછળથી થયેલી) કાર્સન દરરોજ સારાં પુસ્તકો વાંચે અને તેનો સાર માતાને કહે. સારા વાંચનથી એનામાં ધીરે ધીરે પરિવર્તન આવ્યું. આ વાંચનને લીધે તેને ડોક્ટર થવાનો સંકલ્પ જાગ્યો. આજે તે અમેરિકાનો શ્રેષ્ઠ ન્યુરોસર્જન છે.

એની સફળતાનું કારણ : તેની માતાની સંભાળ અને સારાં પુસ્તકોનું વાંચન.

સારા ગ્રંથો ચારિત્ર્યને ઉન્નત કરે છે રુચિને શુદ્ધ કરે છે ને આપણને ઉકરડામાંથી બહાર ઊંચકીને જીવનની ઉચ્ચ ભૂમિકા ઉપર મૂકી દે છે.

થેબ્સની લાઈબ્રેરીના દરવાજા ઉપર લખેલું છે :

Books are indeed an imperishable friends of man and the medicine for the soul.

પુસ્તકો, મનુષ્યના ત્રિકાલાબાધિત સનાતન મિત્રો છે અને આત્માના દર્દના ઓસડ સમાન છે.

સદ્‌ગ્રંથો-પુસ્તકોના શબ્દો જીવનપર્યંત આપણા સ્મૃતિપટ ઉપર રમ્યા કરે છે ને પળે

પળે સાચું માર્ગદર્શન આપતા રહે છે. વળી આત્મા ઉપર થયેલા ઘાવને રુઝવવા એક ઉત્તમ દવા પણ છે. તેથી તો ઉપનિષદો વાંચીને શોપનહોવરે કહેલું કે -

'Upanishads are the solace of my life and the solace of my death.'

ઉપનિષદો મારા જીવનના અને મારા મૃત્યુના સાંત્વન બન્યા છે.

વળી, સંતો કે મહાપુરુષોની સાથે કાયમ રહેવાનું શક્ય નથી બનતું. પરંતુ તેમના જ ગ્રંથો દ્વારા આપણે દરરોજ તેમના સંપર્કમાં રહી શકીએ તેમ છીએ. ગ્રંથો દ્વારા આપણે સંતો કે મહાપુરુષોને સતત મળી શકીએ છીએ.

સંત સ્વામી ઘણીવાર કહેતા : 'મેં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી આ ત્રણનો સમાગમ કર્યો છે. વચનામૃતનું વાંચન એટલે શ્રીજીમહારાજનો સમાગમ, સ્વામીની વાતોનું વાંચન એટલે ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ અને ભક્તચિંતામણિ અથવા નિષ્કુળાનંદ કાવ્યનું વાંચન એટલે નિષ્કુળાનંદ સ્વામીનો સમાગમ.'

કવિ એરિક ફ્રોમ પણ કહેતા : 'કોઈ ઉત્તમ પુસ્તકને મળું ત્યારે વિભૂતિને મળ્યો હોઉં એટલો આનંદ થાય છે.'

પુસ્તકોનું વાંચન કરીએ છીએ ત્યારે તે તે પાત્રો સાથેની મુલાકાત શરૂ થાય છે.

વળી તત્ત્વચિંતક થોરો કહેતા : 'જે પુસ્તકોને પ્રેમ કરે છે તે સહુથી સમૃદ્ધ ને સુખી થશે.'

સારાં પુસ્તકોમાંથી આપણને સાચી સમજણ પ્રાપ્ત થાય છે ને સમજણ આવે એટલે સુખની શરૂઆત થાય છે. સુખને પૈસા કે સગવડો સાથે કોઈ જ સંબંધ નથી. ઘણા પૈસાદાર હોય છે પણ સુખી નથી હોતા. સમજણ હોય તો સાધનો વગર પણ સુખી રહી શકાય છે.

'એન એન્ચાર્ટેડ શર્ટ' નામના કાવ્યમાં ખૂબ સુંદર વાર્તા છે. એક રાજા ખૂબ બીમાર પડયો. તેને સાજો કરવા માટે વૈદ્યોએ ઘણા જ ઉપાયો કર્યા પરંતુ નિષ્ફળ.

એવામાં એક વૈદ્ય આવ્યો. તેણે કહ્યું, 'મહારાજા સાહેબ ! આપને હું હમણાં જ સાજા કરી દઉં પરંતુ એક શરત.'

'કઈ શરત ?'

'શરત એટલી જ કે તમારા રાજ્યમાં કોઈ સુખી માણસ હોય તેનું શર્ટ તમારે પહેરવાનું - તો તમે પણ સાજા થઈ જશો. રાજા કહે મારા રાજ્યમાં તો લાખો લોકો છે. તમે કહો તેટલા શર્ટ મંગાવી દઉં.

વૈદ્ય કહે, 'એકની જ જરૂર છે.'

રાજાએ તો પોતાના સિપાઈઓને આખા રાજ્યમાં ખૂબ દોડાવ્યા પરંતુ ક્યાંય શર્ટ ન

મળ્યો. શર્ટ ઘણા મળ્યા પણ સુખી માણસનો શર્ટ ન મળ્યો ! છેવટે રાજા નિરાશ થઈને જાતે જ સુખી માણસની શોધમાં ઉપડ્યો. રાજ્યમાં ફરીને ઉદાસવદને પાછો ફરી રહ્યો હતો તે વખતે રાજાએ એક માણસને શિયાળાની કડકડતી ઠંડીમાં, ઉઘાડે શરીરે, ખેતરમાં કામ કરતા જોયો. તે માણસ ખૂબ આનંદથી કામ કરી રહ્યો હતો.

રાજાને લાગ્યું કે ખરેખર આ સુખી માણસ હોવો જોઈએ. રાજાએ તેને કહ્યું, 'તું ખૂબ સુખી લાગે છે.'

'હા, દુઃખી થવા માટે મારી પાસે સમય નથી.' ખેડૂતે કહ્યું.

'જો તું સુખી હોય તો તારું પહેરણ આપ.' રાજાએ કહ્યું.

'પણ મારી પાસે પહેરણ જ નથી.' આટલું બોલીને તે ખેતરમાં કામ કરવા લાગ્યો.

સુખ પૈસો નથી માંગતું. મનની શાંતિ માંગે છે. ઘરસભા મનની શાંતિ આપે છે.

Money can give an assurance of food but not hunger
Money can give a luxurious bedroom but not good sleep
Money can give medicine but not a healthy body
Money can give amusment but not happiness
Money can give surance but not solutions.

પૈસો ખોરાકની ખાત્રી આપે; ભૂખની નહિ, સુંદર બેડરૂમની ખાતરી આપે; ઊંઘની નહિ, દવાની ખાતરી આપે તંદુરસ્તીની નહિ, પૈસો આશ્વાસન આપે સમાધાન નહિ.

ઘરસભા આપણને ભૂખની, ઊંઘની, સુખની, અને તંદુરસ્તીની ખાતરી આપે છે. એટલું જ નહિ. સમાધાન પણ આપે છે.

ઘણા ફરિયાદ કરે છે કે - 'ફલાણાએ મને દુઃખી કરી નાખ્યો. ફલાણાને લીધે હું દુઃખી થઈ ગયો.' પરંતુ ઘરસભાથી એટલું સમજાય છે કે -

सुखस्य दुःखस्य न कोऽपि दाता परो ददातती कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमान स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥

(સુખ અને દુઃખનો દેનારો કોઈ નથી. બીજા ઉપર દોષારોપણ કરવું તે કુબુદ્ધિ છે. 'હું કરું છું' એમ માનવું તે મિથ્યા અભિમાન છે. કારણ કે દરેક વ્યક્તિ પોતાના કર્મ અનુસાર બંધાયેલી છે.)

વળી, પ્રખ્યાત વૈજ્ઞાનિક પાસ્કલે (Pascal) વાત કરી છે કે 'You can not make man happy but he must learn how to be happy.'

તમે માણસને સુખી બનાવી નહીં શકો, પરંતુ માણસને જરૂર શીખવી શકશો કે સુખી કેવી રીતે થવું.

ઘરસભા આપણને સુખી થતા શીખવે છે. ચીનના મહાત્મા લાઓત્ઝે (Laotzu) Tao-te-ching (તાઓ-તે-ચિંગ) નામના ગ્રંથમાં કહે છે -

'Those who know others are intelligent. Those who know themselves are insightful.'

જેઓ બીજાને સમજે છે તેઓ બુદ્ધિશાળી છે. જેઓ પોતાને જાણે છે તેઓ પ્રબુદ્ધ છે. ઘરસભા આપણને શાણા બનાવે છે. ઘરસભા આપણને અંતર્દૃષ્ટિ કરાવે છે. ઘરસભા અરીસો છે. જેમાં પોતાના સ્વભાવનું દર્શન થાય છે તેમાં આપણે આપણી જાતને જોઈ શકીએ છીએ. દુનિયાના અરીસામાં આપણે દેહ જોઈ શકીએ છીએ. ઘરસભારૂપી અરીસામાં આપણે પોતાના દોષ જોઈ શકીએ છીએ. ઘરસભા દોષ બતાવે છે અને દોષ દૂર પણ કરે છે.

ઘરસભારૂપી દર્પણ જુદા જુદા પ્રકારનું કાર્ય કરે છે. ડાઘ બતાવે પણ છે ને દૂર પણ કરે છે. દુનિયાના દર્પણમાં ફક્ત ડાઘ જોઈ જ શકાય છે. પરંતુ એટલું તો નક્કી છે કે કદરૂપી વ્યક્તિને અરીસો ગમતો નથી.

અમેરિકાના ૨૮મા પ્રેસિડન્ટ થોમસ વુડ્રો વિલ્સન (1856-1924) કહે છે : 'The whole problem of life is to understand one another.'

ઘરસભા એકબીજાને સમજતાં શીખવે છે.

'Quite often we change jobs, friends, spouses instead of ourselves.' - Akbarli Jet

મોટે ભાગે આપણે આપણી જાતને બદલવાને બદલે વારંવાર નોકરી, મિત્રો ને ઘર વગેરે બદલીએ છીએ ! પરંતુ, ઘરસભાથી આપણામાં પરિવર્તન આવે છે. ઘરસભાથી આપણે બદલાઈ જઈએ છીએ. આપણો અભિગમ બદલાય છે પછી આપણે મિત્રો, કે ઘર બદલવાની જરૂર પડતી નથી.

વળી Cryil Cannolly કહે છે -

'The Secret of happiness and therefore of success is to be in harmony with existence, to be always calm and always willing to be joined to the universe and to let each wave of life wash a little further up the shore.'

સુખ અને શાંતિનું રહસ્ય : (માનવે) બધાની સાથે, આજુબાજુનાં વાતાવરણ સાથે સંવાદિતા સાધવી. શાંતિપૂર્વક અને મહેચ્છાપૂર્વક સંસાર સાથે જોડાવું. અને એ રીતે જિંદગીના મહાસાગરમાં સ્નાન કરતાં રોજ થોડા સ્વચ્છ બની પરમેશ્વર પાસે જવું તે જ મોટી સફળતા છે. આવી સફળતા આપણને ઘરસભાથી પ્રાપ્ત થાય છે.

ગુજરાતના સાક્ષર ડૉ. ગુણવંત શાહ કહે છે : પ્રવાસમાં ભક્તિ ભળે તો તે યાત્રા બને છે. ભોજનમાં ભક્તિ ઉમેરાતાં તે પ્રસાદ બને છે. શ્રમમાં ભક્તિ ઉમેરાતાં તે શ્રમયજ્ઞ (સેવા) બને છે. નિરાહારમાં ભક્તિ ભળતાં તે ઉપવાસ બને છે. ઘરમાં ભક્તિ ભળતાં તે ઘરમંદિર બની જાય છે.

ઘરસભા આપણા ઘરને મંદિર બનાવી દે છે. મંદિર કોને કહેવાય ? જ્યાં અખંડ પ્રભુનો વાસ હોય તે મંદિર. અખંડ પ્રભુનો વાસ ક્યાં હોય ? તે બતાવતાં કોઈએ કહ્યું છે : જ્યાં આતિથ્ય એ ઘરનો વૈભવ છે, પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે, વ્યવસ્થા એ ઘરની શોભા છે, સમાધાન એ ઘરનું સુખ છે, સદાચાર એ ઘરની સુવાસ છે :

આવા ઘરમાં સદા પ્રભુનો વાસ છે

ઘરસભાથી, આતિથ્ય, પ્રેમ, વ્યવસ્થા, સમાધાન, સદાચાર અને સંસ્કાર બધું જ વૃદ્ધિ પામે છે. જેને કારણે ઘરનો વૈભવ, પ્રતિષ્ઠા, શોભા, સુખ અને સુવાસ વિસ્તાર પામે છે.

We are born crying, we live complaining and we die disappointed.

આપણે રડતાં રડતાં જન્મીએ છીએ. ફરિયાદ કરતાં કરતાં જીવીએ છીએ ને હતાશ થતાં થતાં મરીએ છીએ... પરંતુ ઘરસભા આપણું રુદન, ફરિયાદ ને હતાશા દૂર કરી દે છે.

ઘરસભા તો એન્ટીકોટ છે. આજના ઝેરી વાતાવરણનું મારણ છે. સૂંઠ એ કેરીના રસનું મારણ છે તેમ ઘરસભા એ કલુષિત સંસ્કારોનું મારણ છે.

જેમ ઠંડીથી રક્ષણ પામવા ગરમ કપડાં અને વરસાદથી બચવા છત્રી કે રેઈનકોટ જરૂર છે તેમ જમાનાની હવાથી બચવા ઘરસભાની અત્યંત જરૂર છે.

જો કે છત્રી ઓઢવાથી કે રેઈનકોટ પહેરવાથી વરસાદ બંધ થઈ જાય છે એવું નથી. વરસાદ તો ચાલુ રહે છે પણ આપણે ભીંજાતા નથી તેમ ઘરસભા કરવાથી પ્રશ્નો બંધ થઈ જશે એવું નથી પરંતુ પ્રશ્નો નહીં લાગે તે ચોક્કસ છે.

પ્રશ્નો તો ચાલુ જ રહે છે... સંઘર્ષ તો ચાલુ જ રહેવાનો... મહાભારતનું યુદ્ધ તો ૧૮ દિવસ જ ચાલ્યું. પરંતુ આપણો સંઘર્ષ તો જીવનપર્યંતનો છે. એટલે પ્રશ્નો અને સંઘર્ષ તો ચાલુ રહેવાના જ. પરંતુ ઘરસભાથી આ સંઘર્ષમાં પણ હર્ષ અનુભવાશે. ઘર્ષણમાં પણ એકબીજાનું આકર્ષણ રહેશે. ઘરસભામાં ભગ્ન હૃદયની મરામત કરવાની કરામત છે. ઘરસભા નીરસને સરસ કરે છે. શ્રાન્તને શાંત કરે છે. દૂષિતને ભૂષિત બનાવે છે. હસ્તમેળાપ બ્રાહ્મણ કરાવી આપે હૈયામેળાપ ઘરસભા કરાવી આપે.

ઘરસભા નિત્ય શા માટે ?

ઘરસભા દરરોજ શા માટે ? અઠવાડિયે એક વાર કરીએ તો ન ચાલે ?

ના. કારણ કે આજે નિશદિન એટલો બધો કચરો આપણા હૃદયમાં ઠલવાય છે કે જો તેને દરરોજ સાફ કરવામાં ન આવે તો આપણું હૃદય ઉકરડો જ બની જાય. એટલે રોજનો કચરો રોજ સાફ કરી દેવો જોઈએ. ઘરસભા તો પ્રમુખસ્વામી મહારાજે આપેલી સાવરણી છે. દરરોજ આપણો કચરો દૂર કરી દે છે. ઘરસભા તો પ્રમુખસ્વામી મહારાજે

શરૂ કરેલું સર્વિસ સ્ટેશન છે. દરરોજ આપણી 'સર્વિસ' થઈ જાય. દિવસ દરમ્યાન જે કંઈ કચરો ચોંટયો હોય તે ધોવાઈ જાય.

એક દિવસ રામકૃષ્ણ પરમહંસે તેમના ગુરુ સંન્યાસી તોતાપુરીને નમ્રભાવે પૂછયું : 'આપ બ્રહ્મજ્ઞાની હોવા છતાં નિયમિત ધ્યાન શા માટે કરો છો ?'

'જો આ લોટો' તોતાપુરીજીએ એક ચકચક્તિ લોટો બતાવીને કહ્યું. 'આને નિયમિત સાફ ન કરું તો ? માનવમનનું પણ એવું જ છે. નિયમિત પ્રાર્થના, સ્મરણ, ધ્યાન ભજન વિના તે મેલું બની જાય છે.'

રોજ વપરાતી ચાવી વધુ ચમકે છે.

ઘરસભા કેવી રીતે કરવી ?

પ્રથમ તો ઘરના બધા જ સભ્યોએ રાત્રિનો અનુકૂળ સમય નક્કી કરવો. ૨૫ થી ૩૦ મિનિટ ઘરસભાનો કાર્યક્રમ ગોઠવવો. જેમાં -

ધૂન, કીર્તન, ગ્રંથવાંચન, અને અન્ય કાર્યક્રમો ગોઠવવા.

આ તો કાર્યક્રમની સામાન્ય રૂપરેખા છે એમાં ઘણા સુંદર અને વિશિષ્ટ કાર્યક્રમો થઈ શકે છે.

ઘરસભામાં ઘરના બધા સભ્યોને સામેલ કરવાથી દરેકને ખૂબ મઝા પડે. એક વ્યક્તિ ધૂન બોલાવે. બીજો કીર્તન. ત્રીજો વાંચન કરે. વળી બીજે દિવસે વ્યક્તિ બદલાઈ જાય. આમાં દરેકની વિવિધ શક્તિઓ બહાર આવે છે. ઢોલક મંજીરા ને ખંજરી સાથે ધૂન કરવાથી વાતાવરણ સુંદર બને છે.

જેનું ગળું સારું હશે તેનું ગળું ગાતાં ગાતાં કેળવાશે. ગાનારને ગાવાની છૂટ પણ થશે. ઢોલક કે તબલા વગાડનાર થોડો વધુ આગળ વધશે. વળી, ગાનાર એક પ્રકારની તૈયારી કરીને ગાય જેથી તાલીમ પણ મળે. અને બધા સભ્યો ધૂન, કીર્તન ઝીલે તો વાતાવરણ સૂરીલું બને છે.

વળી, નાનો બાળક વાર્તા કહે ને બધા પ્રેમથી ઉમંગથી સાંભળે, આ રીતે બાળકની કદર થવાથી તેની રજૂઆત ખીલે છે.

વળી, ઘરની વડીલ વ્યક્તિ મુખ્ય ગ્રંથમાંથી થોડું વાંચન કરે ને સરળ શૈલીમાં સચોટ રીતે બધાને સમજાવે. અને બીજે દિવસે પ્રશ્નો પણ પૂછી શકાય જેથી બધાં સજાગ રહે.

પ્રાથમિક તબક્કામાં યોગીજી મહારાજની બોધકથાઓ, સ્વામિનારાયણ કથામંગલ, અક્ષરબ્રહ્મ કથામંગલ, સત્સંગ શિક્ષણ પરીક્ષાની પુસ્તિકાઓ ગુરુપરંપરાનાં જીવનચરિત્રો, ભાગવત, મહાભારત, રામાયણની બોધકથાઓ જેવાં પુસ્તકોનું વાંચન કરવું જેથી બધાંનો રસ જળવાઈ રહે. પછી ધીરે ધીરે વચનામૃત, સ્વામીની વાતો વગેરે ગ્રંથોની શરૂઆત કરવી.

અઠવાડિયામાં એકાદ વિશિષ્ટ સભા પણ કરી શકાય. તેમાં વિશિષ્ટ પ્રવચન, પ્રસંગ,

કથન, સુંદર મઝાનો ચુંટેલો લેખ, પ્રશ્નોત્તરી ક્વીઝ, અંતકડી જેવા કાર્યક્રમો પણ રાખી શકાય. બાળક સ્વયંરચિત જોડકણું બોલે અથવા વાર્તા કહે. વડીલો સત્સંગનો ઇતિહાસ કહે. પુત્ર કે પુત્રી પોતે તૈયાર કરેલી કોઈ ડિઝાઇન કે ચિત્ર, એકાદ ગૂંથણ કે કૃતિ બતાવે. તે જોઈને બધાં હરખ પામે જેથી પુત્ર-પુત્રીની કળા વિકસે.

એકાદશીના દિવસે એકાદશીનાં ભજનો ગાઈ શકાય. સત્સંગ કથાની કેસેટનું પણ શ્રવણ કરી શકાય. યોગીબાપાનાં કે પ્રમુખસ્વામી મહારાજનાં અમૃતવચનોની કેસેટ પણ સાંભળી શકાય. કોઈક દિવસ સત્સંગના વડીલ હરિભક્તને પણ કથાવાર્તા માટે બોલાવી શકાય. જેથી એક નવી વ્યક્તિનો લાભ મળે. વળી સત્સંગશિક્ષણ પરીક્ષાના દિવસો નજીક આવતા હોય ત્યારે તે પુસ્તકોનું વાંચન વિશેષ થઈ શકે.

દરરોજ કાર્યક્રમના અંતમાં ઘરનાં કામોની વહેંચણી પણ કરી શકાય. આવતીકાલનાં કામો સોંપી દેવાય ને ગઈકાલ તથા આજનાં થયેલ કામોને તપાસી લેવાય.

વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો જેવા કે વસંતપંચમી, ફૂલદોલોત્સવ (હોળી), હરિજયંતી, (રામનવમી) રથયાત્રા, ગુરુપૂર્ણિમા, જન્માષ્ટમી, શરદપૂર્ણિમા તથા ગુરુહરિ જયંતી મહોત્સવ વગેરેની પ્રતીક ઉજવણી પણ ઘરસભામાં કરી શકાય. જે દિવસે ઘરમાં ઉત્સવની પ્રતીક ઉજવણી કરવાની હોય તે દિવસ જેને કલાની સૂઝ હોય તેની કલા ભક્તિરૂપ થઈ જાય. ત્યાર બાદ ઉત્સવને અનુરૂપ ઘરસભાનો કાર્યક્રમ શરૂ કરી શકાય.

વસંતપંચમીનો ઉત્સવ હોય તો તેને અનુરૂપ કીર્તનો ગવાય. શિક્ષાપત્રી વિષે પ્રવચન થાય. કાં તો શિક્ષાપત્રીના થોડાક શ્લોકોનું વાંચન થાય. વળી શાસ્ત્રીજી મહારાજના જીવન વિષે પ્રકાશ પાડી શકાય. સદ્. નિષ્કુળાનંદ સ્વામી કે સદ. બ્રહ્માનંદ સ્વામીના જીવનની વાત પણ કરી શકાય. કાં તો તેમનાં રચેલાં કીર્તનો પણ ગાઈ શકાય.

હોળીનો ઉત્સવ હોય તો પ્રહલાદ-હોલિકાનું આખ્યાન વાંચી શકાય. મહાબળવંત માયા... એ પ્રકરણ ભક્તચિંતામણિમાંથી વાંચી શકાય. ફૂલદોલ ઉત્સવની વીડીયો કેસેટ હોય ને સાનુકૂળતા હોય તો તે પણ જોઈ શકાય. શ્રીજીમહારાજ જ્યાં હોળી રમ્યા હોય ને વિશિષ્ટ લીલા કરી હોય ને વિશિષ્ટ પ્રસંગો બન્યા હોય તે પણ વર્ણવી શકાય.

હરિજયંતી ઉત્સવમાં જનમંગલ નામાવલિનો પાઠ થઈ શકે. અથવા જનમંગલનામાવલિમાં જણાવ્યા પ્રમાણે શ્રીજીમહારાજના એક એક નામ અને ગુણ વિષે વિશિષ્ટ વાત થઈ શકે. શ્રીહરિનું ચરિત્ર વાંચી શકાય. શ્રીરામની પિતૃભક્તિ, ત્યાગ, બંધુપ્રેમ વગેરે ગુણોનું વિશિષ્ટ દર્શન કરવી શકાય.

ગુરુપૂર્ણિમા હોય તો વ્યાસજીનું પ્રદાન... ગુરુની આવશ્યકતા... આદર્શ ગુરુનાં લક્ષણો... તેમજ પ્રગટ ગુરુહરિ સ્વામીશ્રીના મહિમા વિષયક પ્રવચનો થઈ શકે. સભાના અંતમાં વડલાના પાનમાં વિશિષ્ટ રીતે આરતી પણ ઉતારી શકાય. ત્યારબાદ સૌ ગુરુહરિની મૂર્તિનું પૂજન કરે.

જન્માષ્ટમી ઉત્સવમાં ભાગવતમાંથી ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર વંચાય. પાંડવોના

રક્ષક, અસુરોના ભક્ષક, સુદામાના પરમમિત્ર, અર્જુનના પ્રિય સખા, વિદૂરનો કૃષ્ણપ્રેમ, જેવા વિષયોના ઉપર ટૂંક પ્રવચન પણ બધા કરી શકે. વળી, ભગવદ્‌ગીતાનો એક અધ્યાય પણ વાંચી શકાય.

શરદપૂનમ હોય તો - અક્ષરબ્રહ્મ કથામંગલનાં કે ગુણાતીતાનંદ સ્વામીના જીવનચરિત્રનાં અમુક પ્રકરણ વાંચી શકાય. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના વિશિષ્ટ પ્રસંગોની સુંદર છણાવટ થઈ શકે.

દરેક પ્રતીક ઉત્સવની ઊજવણીમાં ઉત્સવને અનુરૂપ પ્રસાદ પણ બનાવી શકાય. દા.ત. શરદપૂનમ હોય તો દૂધપૌંઆ, જન્માષ્ટમી હોય તો પંચાજીરીનો પ્રસાદ વગેરે અને પાડોશીઓને પણ આમંત્રણ આપી શકાય.

આવું તો ઘણું થઈ શકે. આ તો ફક્ત દિશાસૂચન છે.

જ્યારે વિશિષ્ટ ઉત્સવો ઉજવવાના હોય ત્યારે દરેકની પાસેથી અભિપ્રાય લેવો. ક્યા પ્રકારના કાર્યક્રમો કરવા તે અંગે દરેકને પૂછવું જેથી સુંદર સર્જનાત્મક વિચારો પણ મળે.

ઘરસભાને અંતે દરેકના સદ્‌બુદ્ધિ, સદૃઢ સ્વાસ્થ્ય ને સુખકારી જીવન માટે ધૂન, પ્રાર્થના પણ કરવાં. વળી કોઈ બીમાર હોય, કોઈની પરીક્ષા હોય, કાં તો કોઈ પ્રકારની મુશ્કેલી હોય તો તે માટે પણ પ્રાર્થના કરવી.

આમ ઘરસભા કરવાથી,

- બાળકો સંસ્કારી ને ગુણિયલ બને છે.

- બાળકોની ટી.વી. જોવાની કુટેવ દૂર થાય છે, તેઓ અભ્યાસમાં તેજસ્વી બને છે.

- યુવાનોમાં નમ્રતા આવે છે. વડીલો માટે માન વધે છે, વ્યસનો દૂર થાય છે.

- દરેકની કલા અને સૂઝ વિકાસ પામે છે. દરેકની વિશિષ્ટ આવડતની કદર થાય છે તેથી તેના ઉત્સાહ ને ઉમંગ વધે છે.

- કુટુંબીઓમાં આત્મીયતા થાય છે. દરેક સભ્યોમાં એકતા દૃઢ થાય છે. દરેકના અંતરાયો દૂર થાય છે. ઘરમાં સંવાદિતા સ્થપાય છે.

- દરેકની અણસમજણ ને ઝઘડા દૂર થાય છે. એકબીજાના પ્રશ્નોનું સમાધાન મળી જાય છે. ઘરસભામાં વંચાતા પુસ્તકમાંથી જ દરેકને પ્રેરણા મળે છે. પ્રશ્નો ઉકલી જાય છે. કોઈને ઉપદેશ આપવાની જરૂર પડતી નથી.

- ક્રોધ, સ્વાદ, ઈર્ષ્યા, માન જેવા દુઃખકારી સ્વભાવો ટળે છે.

- વ્યવહારના સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા રહે છે.

- નિષ્ઠા અને નિયમધર્મની દૃઢતા થાય છે.

- વ્યવહાર સુધરે છે, જીવન સાદું બને છે, ખોટા ખર્ચા ઘટે છે. રંગરાગ ઘટે છે.

- ઘરમાં અખંડ શાંતિ રહે છે.

આ રીતે પ્રમુખસ્વામી મહારાજે આપેલી **ઘરસભા** એટલે -

- દરેક પ્રશ્નોના ઉકેલ માટેની માસ્ટર કી.

- દરેક પ્રકારના વેદનાભર્યા દર્દને દૂર કરવાની અકસીર દવા, 'સબ દર્દો કી એક દવા'

એક દવાની દુકાનમાં ગ્રાહક દવા લેવા ગયો. માલિકે દવાના ખૂબ વખાણ કર્યા. ગ્રાહકે પૂછ્યું, 'તમારી દવા સારી છે એવું તમે શા પરથી કહો છો ?'

'જે એકવાર લઈ જાય છે તે ફરીવાર લેવા આવતો નથી' દુકાનદારે કહ્યું.

આપણી દવા આવી નથી.

એક વ્યક્તિ અજમાવે ને બીજાને પણ લલચાવે એવી આ દવા છે.

વળી આપણી દવા ગેરંટીવાળી છે, ખાતરીવાળી છે.

કાચના ગ્લાસ બનાવતી એક કંપનીએ જાહેરખબર આપી : અમારા ગ્લાસ મજબૂત હોય છે. ૧૦૦ ફૂટની ઊંચાઈએથી ફેંકો તો પણ ૯૯ ફૂટ સુધી ન તૂટવાની અમે ગેરંટી આપીએ છીએ !

આ દવા આવી ગેરંટીવાળી નથી. સો ટકા ખાતરીવાળી આ દવા છે.

આ દવાનો અખતરો પણ કરવા જેવો છે. જો કે મોટા ભાગના ખતરા અખતરામાંથી જ ઊભા થાય છે. પરંતુ આ દવાનો તો અખતરો પણ અવશ્યપણે લાભદાયી છે.

વળી દરેક દવાની 'એક્સ્પાયરી ડેઈટ' હોય છે. ફક્ત આ જ દવા એવી છે કે જેની 'એક્સ્પાયરી ડેઈટ' નથી. ગમે તે વ્યક્તિ, ગમે ત્યારે, ગમે ત્યાં આ દવા લઈ શકે.

આ દવાનું કોઈ રિએક્શન (વિપરીત અસર) પણ નથી.

સુગ્રીવના બંધુ વાલીએ પોતાના પુત્ર અંગદનું કાંડું ભગવાન શ્રી રામના હાથમાં સોંપીને પોતાની ફરજ બજાવી, તેમ આપણા સંતાનોનું કાંડું પકડીને તેને સંસ્કાર તથા અધ્યાત્મ માર્ગે લઈ જવાં તે વાલી તરીકે આપણી ફરજ છે.

ઘરસભાથી આપણા સંતાનોની અધ્યાત્મયાત્રા જળવાઈ રહેશે. આપણા પરિવારમાં સંસ્કાર ગંગા વહેતી રહેશે. આપણા કુટુંબની ફૂલવાડીમાં સંસ્કાર સૌરભ પ્રસરતી રહેશે. જેનાં સ્વાદિષ્ટ ફળ આપણે ખૂબ આનંદથી ભોગવી શકીશું. નહિ તો પશ્ચાત્તાપ, વસવસો, દુઃખ, હતાશા ને નિરાશા સિવાય કાંઈ જ નહિ મળે.

માટે હજુ ચેતવાનો સમય છે, અત્યારથી જ દવાની શરૂઆત કરીએ, પછી રોગ કાબૂ બહાર ગયો હશે ત્યારે ખૂબ મુશ્કેલી પડશે, ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

ઘર બળે ત્યારે કૂવો ખોદવાથી શું વળે ?

ગજબ હાથે ગુજારીને પછી નાસી ગયાથી શું ?

સૂકાણા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું ?

જબ ચિડિયાં ચૂગ ગઈ ખેત, ફિર પછતાયે ક્યા હોવત હૈ ?


આપણે પણ દુઃખી થવાનો તેમજ પસ્તાવાનો વારો આવે તે પહેલાં ચેતી જવાની જરૂર છે.

ત્રણ કલાક વહેલાં હોવું સારું પણ એક મિનિટ મોડા પડવું સારું નહિ.

- શેક્સપિયર

તો ચાલો આજથી જ અજમાવીએ : સબ દર્દોકી એક દવા - ઘરસભા

અને અનુભવીએ : ગૃહસ્થાશ્રમનું ધન્યજીવન.



સમૂહભોજન-સમૂહપ્રાર્થના

ઘરસભાની સાથે સાથે ઘરની શોભામાં અભિવૃદ્ધિ કરનારાં બે અંગો છે : સમૂહભોજન અને સમૂહપ્રાર્થના.

સમૂહભોજન

આજે દિનપ્રતિદિન કુટુંબો છિન્નભિન્ન થતાં જાય છે. એકલવાયાં હૃદય જ ખૂબ વધી પડ્યાં છે. સામાજિક અને કૌટુંબિક તકો ઓછી થવા માંડી છે. જલસાઓ, મેળાવડાઓ, પિકનિકો, મિટીંગો અને ડિનરો વધી ગયાં છે. તેમાં હાજરી જ પુરવાર થાય છે. કોઈ કોઈને દિલથી મળતું નથી. વિઝિટિંગ કાર્ડ્ઝની આપ-લે થાય છે. હૃદયની આપ-લે થતી નથી. ઘરમાં પણ એ જ પરિસ્થિતિ છે. લાગણી, પ્રેમ અને હૃદય વગરનું ઘર આજે પંખી વગરના આકાશ અને માછલી વગરના તળાવ જેવું નિર્જીવ લાગે છે.

બધું જ રેડીમેઈડ મળે, ઈન્સ્ટન્ટ-તાત્કાલિક મળે છે, પણ હૈયાની ઉકેલાતો કે ઘરના પ્રશ્નોના જવાબો રેડીમેઈડ છે ? રોજબરોજ ભાંગતાં પરિવારોને બચાવવા કોઈ રેડીમેઈડ ઉપાય છે ખરો ?

હા, હજી પણ ઘરનું ડાઈનિંગ ટેબલ ભાંગતા પરિવારોને બચાવી શકે તેમ છે. જો તેનો સમૂહમાં ઉપયોગ થાય તો. જો સમૂહભોજન થશે તો ડાઈનિંગ ટેબલના ચાર પાયા કુટુંબની એકતાના પાયારૂપે પુરવાર થશે.

ઘણા ઠેકાણે તો ઘર એક હોટેલ અને માતા એ વેઈટરના સ્વરૂપમાં જોવા મળે છે.

હોટેલની જેમ કુટુંબના સભ્યો વારાફરતી ઘરમાં આવીને જમી જાય અને મા વેઈટરની જેમ પીરસતી રહે ! આવા ઘરમાં સત્ત્વ ક્યાંથી હોય ?

ઘરમાં સાથે બેસીને જમવાનું ભુલાતું જાય છે. શહેરોમાં તો જાણે રજાના દિવસ ઉપરાંત અવારનવાર બહાર હોટલમાં જમવાનો રિવાજ થઈ ગયો છે. કદાચ હોટેલની

રસોઈ ઘર કરતાં સ્વાદિષ્ટ હોય તો પણ એક આદર્શ ગૃહિણી પરિવારના સભ્યો માટે પ્રેમપૂર્વક રસોઈ બનાવે તે હોટેલમાં ક્યાંથી મળશે ?

પોતાના આપ્તજનો માટે રસોઈ બનાવતી ગૃહિણીનું દૃશ્ય વર્ણવતાં થોમસ વુલ્ફ (Thomas Wolfe) કહે છે -

There is no spectacle on earth more appealing than that of a beautiful woman in the act of cooking dinner for someone she loves.

'પૃથ્વી ઉપરનું સુંદરમાં સુંદર દૃશ્ય જો કોઈ હોય તો, એક સારી ગૃહિણી પોતાનાં સ્નેહીજનો માટે પ્રેમથી ભોજન બનાવે છે તે.'

હોટેલમાં ડાઘાડૂઘી વિનાનાં ઊજળાં કપડાં પહેરીને પીરસતા વેઈટર પાસે વાત્સલ્ય હશે ખરું ? માતા જેવું વાત્સલ્ય હોટેલમાં મળશે ખરું ?

કદાચ ફાઈવ સ્ટાર હોટેલની રસોઈ સ્વચ્છ હશે ખરી પરંતુ પવિત્ર નહિ હોય. સ્વચ્છતામાં ને પવિત્રતામાં ઘણું અંતર છે. વેશ્યાની સાડી સ્વચ્છ કહેવાય, પવિત્ર ન કહેવાય ! અને માતાની સાડી, કદાચ સ્વચ્છ ન હોય પરંતુ વાત્સલ્યની ગંગાથી પવિત્ર જરૂર હોય છે.

હોટેલમાં કદાચ સાથે જ બેસીને જમતા હોઈએ તો પણ તે સમૂહભોજન ન કહેવાય. એને પાર્ટી કહેવાય. સમૂહભોજનમાં તો એક અલૌકિક શક્તિ છે. તેની એક જાદુઈ અસર છે પરંતુ આપણને આ અનુભવ કરવાનો સમય જ ક્યાં છે ?

એક બાબત ખાસ અવલોકનીય અને નોંધનીય છે કે જ્યારે આપણે જમીએ છીએ ત્યારે જ હાથની પાંચેય આંગળીઓ ભેગી થાય છે. એ સિવાય બીજા કોઈ કાર્ય માટે પાંચ આંગળીઓ ભેગી થતી નથી ! ભોજનના સમયે ભેગી થતી પાંચેય આંગળીઓ આપણને પણ સમૂહભોજનનો નિર્દેશ તો નહિ કરતી હોય ને ! આપણને પણ ભેગા મળીને જમવાનું તો નહિ સૂચવતી હોય ને ? (હવે તો ચમચીથી ખાવાને લીધે બે આંગળી પણ ભેગી થતી નથી !)

કવિ શેષ કહે છે,

એકલ ખાવું, એકલ જોવું, એકલ રમવું ઈશ
એકલ વાટ વિચરવું, કરમ ન કદી લખીશ.

શરીરની જરૂરિયાત છે એટલે ખાવું પડે પણ એનાથી હૃદયની ભૂખ ભાંગતી નથી. એકલા ખાતા હોઈએ ત્યારે ચોરીનો માલ ખાતા હોઈએ તેવું લાગે છે. કોઈની સંગાથે ખાઈએ ત્યારે કોળિયો મીઠો લાગે છે.

રવિશંકર મહારાજ કહેતા -

ભેગું કરીને ખાય તે શહેરની સંસ્કૃતિ.
ભેગાં મળીને ખાય તે ગામડાની સંસ્કૃતિ.

કવિ રમેશ (આરસ)ની પંક્તિ અહીં યાદ આવે છે -

ગામડાંઓ ભાંગ્યાં ને શહેરો કદાવર થઈ ગયાં
શહેરમાં વસીને માણસો જનાવર થઈ ગયા.

આપણી ગામડાની સંસ્કૃતિ જાળવી રાખવાની વાત અહીં સ્પષ્ટ થાય છે. ભેગા મળીને જમવાની વાત સામાન્ય લાગે પરંતુ તેનું પરિણામ સામાન્ય નથી.

એક અંગ્રેજ મહિલા પત્રકાર મેરિ કેનીએ કહ્યું છે : 'આજકાલ જગતનો દરેક માનવી અલગ અલગ, ઊભો ઊભો, ચાલતાં ચાલતાં ને એકલો એકલો જમે છે. આને કારણે જ માનવીના પેટમાં અન્ન ઠરતું નથી ને તેથી તે અશાંત રહે છે. સતત અશાંતિ એ કંકાસનું મૂળ છે. આજકાલ લોકો ખાય છે, જમતા નથી. આજકાલ કુટુંબો અલગ પડતાં જાય છે, કારણ કે માણસો ભેગાં બેસીને જમતાં નથી.'

યહૂદી લોકો શુક્રવારની શબ્બાતની રાત્રે ફરજિયાત ભેગાં મળીને જમે છે. જુવાનિયાઓ ત્યારે વૃદ્ધોની વાતો સાંભળે છે.

જી. કે. ચેસ્ટરટન જેવા વિદ્વાન કહે છે : 'કુટુંબમાં સામૂહિક ભોજનની શોધ પ્રેમ વધારવા થઈ હતી. આજે સૌ પોતપોતાની મેળે ફ્રીજ ખોલે છે. ડીપ ફ્રીજનો ખોરાક ગરમ કરીને પતિ ડ્રોઈંગરૂમમાં જાય છે. બાળક ટી.વી. જોતાં જોતાં જમે છે. આવા અલગ અલગ ચોકાએ જ જગતમાં અશાંતિ ફેલાવી છે.'

એટલે જ આ કહેવતો પ્રચલિત થઈ છે કે -

'જેનાં અન્ન જુદાં તેનાં મન જુદાં.'
'ભેળા જમે તે ભેરુ.'
'એકલા એકલા ખાય તેને ગાલપચોળાં થાય.'

સાથે જમીએ તો પ્રેમ વધે છે. આજે માણસ ઘોડાની માફક ઊભી બજારે ઊભો ઊભો ખાય છે. પાટલાની આજુબાજુ રંગોળી પૂરીને, અગરબત્તીની સુગંધ ફેલાવીને, બધું પીરસાઈ જાય પછી શ્લોક બોલીને થતાં સામૂહિક ભોજનો હવે બંધ થયાં છે. ઉચાટમાં એકલું જમનારો જગતમાં ઉચાટ જ ફેલાવશે.

એટલે તો કોઈએ કહ્યું છે કે *'કાગડા થજો પણ કૂતરા નહિ'* જરા વિચિત્ર લાગે તેવું આ વાક્ય છે. પરંતુ તેમાં પણ ગૂઢાર્થ રહેલો છે. કૂતરો જાતનું કરે. કૂકડો કુટુંબનું કરે ને કાગડો નાતનું કરે. કાગડા જેવા થવાનું કહીને અહીં સમૂહભોજનનો નિર્દેશ કરાયો છે.

વિદેશમાં પણ કુટુંબને સંગઠિત રાખવા સમૂહભોજનની આવશ્યકતા સમજાતી જાય છે. રિડર્સ ડાયજેસ્ટ - માર્ચ, ૧૯૯૪ના અંકમાં હેરીઅટ વેબ્સ્ટરે (Harriet Webster) 'મોસ્ટ ઈમ્પોર્ટન્ટ અવર ઈન અ ચાઈલ્ડ્સ ડે' નામના લેખમાં આ જ વાતો ખૂબ સુંદર રીતે રજૂ કરી છે. જેના કેટલાક અંશો આપણે જોઈશું :

Recapture that special time when families gather to share today's

news and plan for tomorrow.

અર્થાત્ જે સમયે આખું કુટુંબ ભેગું મળી આજના સમાચાર જાણે છે ને આવતીકાલનું પ્લાનિંગ કરે છે તે સમૂહભોજનના અગત્યના સમયને ફરીથી મેળવો.

If family ties are weakening, the key reason is the demis of the family dinner hour.

અર્થાત્ કુટુંબો આજે તૂટતાં જાય છે તેનું એક મુખ્ય કારણ છે કુટુંબના ભોજનસમયનું મૃત્યુ.

અમેરિકાના એક પત્રકાર એન લેન્ડર્સ ની વાતનો ઉલ્લેખ કરતાં વેબ્સ્ટર હેરીઅટ કહે છે :

In the past that's where family members always connected. That's where children learned most of their values. Sad to say, too many kids now come to an empty house and find a note saying, "Won't be home till later. There's food in the fridge for supper."

અર્થાત્ પહેલાં કુટુંબના બધા જ સભ્યો એકબીજા સાથે જોડાયેલા હતા. તેને કારણે મોટે ભાગે જીવનનાં નૈતિક મૂલ્યો બાળકો કુટુંબમાંથી શીખી જતા. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આજે તો છોકરાઓ બહારથી ઘેર આવે ત્યારે ઘર ખાલી હોય. તેમાં એક ચિઠ્ઠી પડેલી હોય. તેમાં લખ્યું હોય કે 'મારે કદાચ ઘરે આવવાનું મોડું થશે. ભોજન ફ્રીજમાં મૂકેલું છે તો તમે ભોજન કરી લેશો.'

ભોજનનો સમય તો પારસમણિ તુલ્ય છે. સારા માઠા પ્રસંગોએ એકબીજાને જાણવા માટે આ સમય ખૂબ મહત્ત્વનો છે. નોકરી-ધંધામાંથી થોડી વાર રાહત અનુભવવા, નવા સમાચાર જાણવા, હૈયાની વરાળ ઠાલવવા, આજનાં કાર્યો પર દૃષ્ટિ કરવા અને આવતીકાલના કાર્યક્રમો નક્કી કરવા માટે સમૂહભોજનનો સમય ઘણો ઉત્તમ છે.

કેટલાક મુદ્દાઓ :

૧. સમૂહભોજનને દરેકની એક જવાબદારી તરીકે કેળવો.

૨. ભોજનના સમયે મૈત્રીભર્યું, હળવું, આનંદમય વાતાવરણ કેળવો.

• ભોજન સમયે બાળકને લેસન ન પૂછવું. એને ઉતારી ન પાડવો. ઠપકો ન આપવો.

• રસોઈના સ્વાદ અંગે ફરિયાદ કે ઝઘડો ન કરવો. બાળકોની હાજરીમાં પત્નીને કહેવામાં વિવેક રાખવો.

• ભોજન સમયે પ્રેમભર્યું પ્રસન્ન વાતાવરણ રાખો.

અમેરિકાના ચિંતક Alan Walts (એલન વોલ્ટ્સ) કહે છે -

'My faith in human nature tells me that our very being will force us to realise that there can be no taste at the table without love in the kitchen.'

અર્થાત્ સ્વાદ કે આનંદ પદાર્થ કરતાં વિશેષ આજુબાજુના વાતાવરણમાં છે. પ્રસન્ન ચિત્તે જમતાં સૂકો રોટલો પણ પુષ્ટિ ને તુષ્ટિ આપશે. ઉદ્વિગ્ન મને જમવામાં ખોરાક પણ ઝેર બની જાય છે ને શરીરમાં પણ નુકસાન થાય છે.

તેથી તો ડૉ. જોસેફ મોન્ટેગ્યુ (Dr. Josph F. Montegue) કહે છે -

You do not get stomach ulcers from what you eat but from what is eating you.

આપણને હોજરીમાં ચાંદા કે અન્ય રોગો થાય છે તેનું કારણ આપણે શું ખાઈએ છીએ તેના પર નથી પરંતુ આપણને કોણ ખાય છે તેના ઉપર છે. ચિંતા આપણને કોરી ખાય છે, માટે ચિંતા છોડી દેવી.

૩. સમૂહભોજનમાં ભંગાણ પડે તેવું કાર્ય ન કરો. ફોન વગેરે ન કરો.

૪. ભોજન સમયે ટેલિવિઝન બંધ રાખો. ટેલિવિઝન ભોજનમાં ભંગાણ પાડતું એકદમ પાયાનું તત્ત્વ છે.

૫. કુટુંબના અમુક નિયમો બનાવવા. ભોજનનો સમય નક્કી કરવો. એ સમયે બધાએ ગમે ત્યાંથી ઘેર આવી જ જવું.

૬. ભોજન સમયે સુંદર પ્રેરણાદાયી વાતો દરેક સભ્ય કરે તેવું આયોજન કરો.

૭. ભોજન કરતાં કરતાં બધા જ સભ્યો સામેલ થઈ શકે ને દરેકને રસ પડે તેવી ચર્ચા કરો.

૮. ભોજન સમયે પણ રમત રમો. એકબીજાને ઉખાણાં પૂછી શકાય. અઘરા પ્રશ્નો પણ પૂછી શકાય.

૯. કોઈ દિવસ નવી વ્યક્તિનને જમવા માટે આમંત્રણ પણ આપો.

હેરીઅટ વેબ્સ્ટર નોંધે છે કે - Times change and families change, but one of the constants is the importance of the family dinner.

અર્થાત્ સમાજ બદલાય છે. કુટુંબો બદલાય છે પરંતુ જીવનમાં કુટુંબભોજનનું મહત્ત્વ હંમેશા એકસરખું જ રહે છે. પહેલાં સમૂહભોજનનું જે મહત્ત્વ હતું તેટલું જ મહત્ત્વ આજે પણ છે. આજે પણ સમૂહભોજનની એટલી જ જરૂર છે.

એર્મા બોમબેક (Erma Bombeck) તેના બાળપણના ભોજનસમયની વાત નોંધતાં કહે છે, 'We argued, we sulked, we laughed, we appealed for favours we shouted, we listened. It is still our family's finest hour.'

મહાન ફિલસૂફ શ્રી પ્લેટોના 'The Republic' નામના પુસ્તકમાંથી એવિન મૂલ્હોલન (Evin Mulhollan) નામની વિદ્યાર્થિનીએ ગૂઢ રહસ્યોનું વિશિષ્ટ દર્શન કરાવ્યું છે. પોતાના મૌલિક વિચારો પણ નોંધ્યા છે. જ્યારે Patrick Welsh નામના શિક્ષક અને લેખકે તેણીને પૂછ્યું કે આટલા સુંદર વિચારો તું કેવી રીતે લખી શકી ? ત્યારે તેણીએ

કહ્યું : 'ભોજન સમયે હું અને મારા પિતા ઘણીવાર ચર્ચા કરીએ છીએ. ધર્મ અને રાજકારણ વિષે પણ ચર્ચા કરીએ છીએ. ઘણીવાર એકબીજા સાથે અસહમત પણ થઈએ પરંતુ મનદુઃખ થતું નથી... હું મારી માતા સાથે પણ ચર્ચા કરું છું. પિતા ડેન મલ્હોલન (Dan Mulhollan) ખૂબ જ વ્યસ્ત હોય છે. તેઓ ઘણી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. તેમ છતાં તેઓ આજે પણ દરરોજ સાંજે કુટુંબના સભ્યો સાથે જ ભોજન કરે છે.'

આમ, સમૂહભોજનથી ઉન્નત વિચારો, ઉમદા ગુણો અને કુટુંબની એકતા વૃદ્ધિ પામે છે.

વળી, ભોજન તો માનવી અને પશુપંખી સૌ કોઈ કરે છે પરંતુ તે અનાજનો કણ કેવો છે ? નીતિ કે અનીતિનો ? કોઈની હાશનો છે કે હાયનો ? તે પણ વિચારવું જરૂરી છે.

આ અંગે વર્ષો પૂર્વે ચરકમુનિ અને વાગ્ભટ્ટ વચ્ચે થયેલો પ્રશ્નવિમર્શ અગત્યનો છે.

વાગ્ભટ્ટે પૂછ્યું : 'નિરોગી કોણ ? નિરોગી કોણ ? નિરોગી કોણ ?'

ચરકમુનિએ જવાબ આપ્યો : 'હિતભુક્- હિતકર આરોગનારો, મિતભુક્- મિતાહારી, ઋતભુક્- ન્યાય, નીતિ અને સત્યનું આરોગનારો.'

આપણા તેમજ આપણા કુટુંબીજનોના શરીરમાં જતો દરેક કણ નીતિનો કે અનીતિનો છે તે પણ જાણવું જોઈએ.

વળી, ભોજન પહેલાં અચૂક ભગવાનને યાદ કરી તેમનો આભાર માની ભોજન કરવું જોઈએ.

એર્મા બોમબેક (Oliver Cromwell) (યુ.કે. લશ્કરના કર્નલ) જમતી વખતે દરરોજ પ્રાર્થના કરતા : 'પ્રભુ કેટલાક માણસોને ખાવાનું મળે છે ત્યારે ભૂખ નથી લાગતી અને કેટલાકને ભૂખ લાગે છે ત્યારે ખાવાનું નથી મળતું. મને ભૂખ પણ લાગે છે ને ખાવાનું પણ મળે છે. આભાર તારો !'

ક્રોમવેલ એક વાર જમતાં પહેલાં પ્રાર્થના કરતા હતા. તેમના મિત્રએ પૂછ્યું 'તમે શું કરો છો ?'

'ભગવાનની પ્રાર્થના. ભગવાને ખાવાનું આપ્યું ને ખાઈ શકાય તેવું શરીર પણ આપ્યું તેથી ભગવાનનો આભાર માનું છું.'

મિત્રએ કહ્યું : 'હું તો આવું કાંઈ પણ કરતો નથી. પ્રાર્થના કર્યા વગર સીધું જ જમી લઉં છું.'

ક્રોમવેલે કહ્યું : 'મારો કૂતરો પણ એવું જ કરે છે.'

ભોજન પહેલાં ભગવાનનું સ્મરણ કે પ્રાર્થના ન કરીએ તો પશુમાં ને આપણામાં કોઈ ફેર નથી.

અને સૌથી મહત્ત્વનું એ છે કે ભોજન તૈયાર થયા પછી ઘરમંદિરમાં ભગવાનની

મૂર્તિ સમક્ષ થાળ ધરાવીને પછી જ જમવું જોઈએ.

ભગવાનને ધરાવવાથી ભોજન એ પ્રસાદ બની જાય છે. ખોરાક સાત્ત્વિક આહાર બની જાય છે. ભોજન નિર્ગુણ બની જાય છે. અન્નમય બ્રહ્મ બની જાય છે. આનું પરિણામ પ્રયોગશાળામાં બતાવી શકાતું નથી પરંતુ આનું ખૂબ જ મહત્ત્વ છે.

જે ભગવાને આપણને ધનધાન્ય આપ્યું, સુંદર અને નીરોગી શરીર આપ્યું, તેની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં સૌ પ્રથમ ભગવાનને ધરાવ્યા પછી ભોજન કરવાથી ઘરમાં અલૌકિક શાંતિ પથરાય છે. બધું ભગવાનનું જ છે **ईशावास्यमिदं सर्वम्...** પ્રભુનું પ્રભુને જ અર્પણ કરીને આપણે તેમનો પ્રસાદ લેવાનો હોય છે.

'Ancient Education and Today' (પ્રાચીન શિક્ષણ અને આજ)નામના પુસ્તકમાં શ્રી E.B. Castle લખે છે કે - રોમન પ્રજામાં ખાસ પ્રથા હતી. ભોજન તૈયાર થયા પછી ઘરના બધા જ સભ્યો ગૃહદેવતા (Vesta) ને ધરાવીને જ સમૂહમાં ભોજન લેતા. આ ગૃહદેવતા આગળ અગ્નિકુંડ હંમેશાં પ્રજ્જ્વલિત રહેતો. જે રોમન પ્રજા માટે સમૂહપ્રાર્થનાનું કેન્દ્ર અને પરિવારની એકતાનું પ્રતીક હતો. કોઈ પણ કાર્ય તેઓ આ દેવતાની પ્રાર્થના કરી અનુજ્ઞા લઈને જ કરતા.

કુટુંબની જે એકતા ને સંગઠન જળવાતું તેનું મૂળ કારણ આ ગૃહદેવતા Vesta અને અગ્નિકુંડવાળી પવિત્ર જગ્યા Shrine ને જ ગણતા.

આપણા કુટુંબની એકતા ને સંગઠન માટે આપણને પણ ઘરમંદિરની ખૂબ આવશ્યકતા છે. કર્ણાટકમાં તો કોઈ પણ આર્કિટેક મકાનનો નકશો તૈયાર કરે તેમાં સૌ પ્રથમ દેવમંદિરનો ખંડ નક્કી કરે અને તે પણ વ્યવસ્થિત જગ્યા પર દેવ બિરાજે એવું આયોજન કરે. ગમે ત્યાં ખૂણામાં ગોખલામાં કે સીડી નીચે બૂટચંપલ ઉતારવાની જગ્યાએ દેવ બેસાડી દેવા એમ નહીં.

આપણા મકાનમાં આપણે માસ્ટર બેડરૂમ... ચિલ્ડ્રન રૂમ... સ્ટોર રૂમ... ગેસ્ટરૂમ બધાનું પ્લાનિંગ કરીએ છીએ પરંતુ 'ગોડરૂમ' નું પ્લાનિંગ ભૂલી જવાય છે. અરે, ઘણા બંગલાઓમાં તો સ્પેશ્યલ ડોગ રૂમ પણ હોય છે પરંતુ ગોડ રૂમ નો કોઈ વિચાર જ નહિ.

Today people are forgetting God and keeping dogs.

આજે લોકો ભગવાનને ભૂલીને કૂતરાને રાખવા લાગ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજ પાસે એક ભાઈ આવ્યા. મકાનનો નકશો બતાવ્યો. મકાનમાં સંડાસ-બાથરૂમ ક્યાં કરવા તે મૂંઝવણ હતી. સ્વામીશ્રી પાસે ઉકેલ માગ્યો. સ્વામીશ્રીએ યોગ્ય જગા સૂચવી પછી પૂછ્યું, 'ઘરમંદિર માટે કઈ જગ્યા વિચારી છે ?' પેલા ભાઈ નિરુત્તર રહ્યા. એમણે ઘરમંદિર માટેનો કોઈ વિચાર જ નહોતો કર્યો. સ્વામીશ્રીએ મકાનના પ્લાનિંગમાં ઘરમંદિરનો ઉમેરો કરાવ્યો.

આપણને સંડાસ-બાથરૂમ જેટલાં અગત્યનાં લાગે છે તેટલું ઘરમંદિર અગત્યનું લાગતું

નથી. પરંતુ શરીરનો મળ દૂર કરવા માટે શૌચાલયની જરૂર છે તેમ અંતરનો મેલ દૂર કરવા ઘરમંદિરની જરૂર છે.

શરીરશુદ્ધિ માટે શૌચાલય અને અંતરશુદ્ધિ માટે દેવાલય.

સર્વ સુખ અને શાંતિનું મૂળ પરમાત્મા છે. એમને ઘરમાં પધરાવીએ એટલે આપોઆપ ઘરમાં શાંતિ સ્થપાય છે ને આનંદ છવાય છે.

સમૂહપ્રાર્થના

સુંદરતા સૌ કોઈને ગમે છે.

જીવનમાં સુંદરતા લાવવા માટે પરમાત્મા સાથે એકતાર થવાની જરૂર છે, કારણ કે પરમાત્મામાં જ પરિપૂર્ણ સૌંદર્ય રહેલું છે. તેની સાથે જોડાવાથી આપણામાં પણ સૌંદર્ય પ્રગટે છે.

If you want to be beautiful
Spend a minute before the mirror
Spend five minutes before your soul and
Spend fifteen minutes before God.

અર્થાત્, જો તમારે સુંદર બનવું હોય તો એક મિનિટ અરીસા સામે ગાળો, પાંચ મિનિટ તમારા આત્મા માટે ગાળો અને પંદર મિનટ પરમાત્મા પાસે ગાળો.

સુંદર બનવા માટે પ્રભુનું સાન્નિધ્ય જ આવશ્યક છે. અર્થાત જો તમારે સુંદર બનવું હોય તો એક મિનિટ અહીંસા માટે ગાળો, પાંચ મિનિટ તમારા આત્મા માટે ગાળો અતે પંદર મિનિટ પરમાત્મા પાસે ગાળો.

ખલિલ જિબ્રાને નરકની વ્યાખ્યા કરી છે :

The definition of hell : an empty heart is hell.

નરક એટલે ખાલી હૃદય. પરંતુ પ્રાર્થના આપણા હૃદયને પરમાત્માના પૂર્ણ આનંદથી ભરી દે છે ને આપણે નરકમાંથી મુક્ત થઈ જઈએ છીએ.

એક વાર અબ્રાહમ લિંકનને તેમના સૈનિકે કહ્યું : 'Don't worry. God is with us.' ચિંતા ન કરશો. ભગવાન આપણી સાથે જ છે.

લિંકને કહ્યું : 'It's O.K. but how far are we with God ?' ભગવાન તો આપણી સાથે છે પરંતુ આપણે કેટલા પ્રમાણમાં ભગવાનની સમીપ છીએ તે મહત્ત્વનું છે.

ભગવાનની સમીપ જવા માટેનું માધ્યમ છે પ્રાર્થના.

પ્રાર્થના એટલે પરમાત્મા સાથે ગોષ્ઠિ...

પ્રાર્થના એટલે અંતર્યામી સાથેનો સંવાદ...

પ્રાર્થના એટલે પરમાત્મા સાથેનો હસ્તમેળાપ...

મહંમદ સાહેબે કહ્યું છે : પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે.

'પ્રાર્થના સવારની ચાવી અને સંધ્યાકાળની સાંકળ છે ' - જયશંકરપ્રસાદ કહેતા.

ગાંધીજી પ્રાર્થનાને ઘણું મહત્ત્વ આપતા.

એક વાર તેઓ રાત્રે બે વાગે ઊઠ્યા ને રડતાં રડતાં પ્રાર્થના કરવા લાગ્યા. કોઈએ તેનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે જવાબ આપ્યો : 'જેની કૃપાથી હું જીવું છું તે ભગવાનને હું ભૂલી ગયો તેથી મોટી બીજી કઈ ભૂલ હોઈ શકે ?'

પ્રાર્થનામાં શબ્દો કરતાં હૃદય વધુ મહત્ત્વનું છે. પ્રાર્થનામાં હૃદય વગરના શબ્દો કરતાં શબ્દો વિનાનું હૃદય હોય તો વધુ સારું.

વ્યક્તિગત પ્રાર્થના કરતાં સામૂહિક પ્રાર્થનાનો ચમત્કાર જુદો છે. સમૂહપ્રાર્થના તો આધ્યાત્મિક ડાયનેમો છે, જેમાંથી દિવ્યશક્તિ, પ્રેમ અને આનંદ ઉત્પન્ન થયા જ કરે છે.

આપણી વૈદિક પ્રાર્થનાઓમાં પણ સામૂહિક પ્રાર્થનાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ૐ **सहनाववतु... सहनौ भुनक्तु...** અમારું સાથે રક્ષણ થાય.. અમે સાથે જમીએ..

भद्रं कर्णेभिः शृणुयाम देवाः - અમે કાનો વડે સુંદર સાંભળી શકીએ... અમે આંખોથી ભદ્ર જોઈએ...

આવી તો અનેક પ્રાર્થનાઓ છે. આ બધી પ્રાર્થનાઓમાં મોટે ભાગે આપણા ઋષિપુત્રોએ 'હું' કરતાં 'અમે'નો પ્રયોગ વધુ પ્રમાણમાં કર્યો છે. 'અમે' શબ્દ સમૂહ અર્થનો દ્યોતક છે. 'હું'માં સંકુચિતતા સમાયેલી છે. 'અમે'માં હૃદયની વિશાળતા પ્રગટ થાય છે.

સમૂહપ્રાર્થનાએ તો ઘણાં ચમત્કારિક પરિણામો બતાવ્યાં છે.

તા. ૧૧-૪-૧૯૭૦ના રોજ અમેરિકાએ એપોલો-૧૩ છોડ્યું. પૃથ્વીથી ૩,૦૦,૦૦૦ કિ.મી. જેટલે દૂર લગભગ ચંદ્રની કક્ષામાં કંઈક યાંત્રિક ખામીને કારણે ભયાનક અકસ્માત સર્જાયો. આ મુશ્કેલીમાંથી ઊગરવા અમેરિકાના પ્રમુખ રીચર્ડ નિકસને દુનિયાના દરેક નાગરિકને પ્રાર્થના માટે વિનંતી કરી હતી. વિશ્વભરના તમામ લોકોએ આ ત્રણ અવકાશયાત્રીઓને બચાવી લેવા પ્રાર્થના કરી હતી. અને આ સમૂહપ્રાર્થનાના પ્રતાપે જેમ્સ લોવેલ, જ્હોન સ્વાઈગર્ટ અને ફ્રેડ હેઈઝ આ ત્રણ અવકાશયાત્રીઓની અદ્ભુત રક્ષા થઈ.

'ધ પાવર ઓફ પ્રેયર' (પ્રાર્થનાની શક્તિ) - એ શીર્ષક હેઠળ અમેરિકાના તબીબી સમાચાર પત્ર જર્નલ ઓફ ધ અમેરિકન મેડીકલ એસોસિએશન ના જાન્યુઆરી, ૧૯૫૮ના અંકમાં મહત્ત્વપૂર્ણ લેખ પ્રકાશિત થયો હતો.

લંડનમાં જોન જેહૂ નામના એક પોસ્ટમેનને બસ સાથે એક્સીડન્ટ થયો. તેના કપાળમાં ઊંડો ઘા થયો. મગજનો જમણો ભાગ બહુ ખરાબ રીતે ઘવાયો હતો. બધા જ

ડોક્ટરોના મતે તે હવે ક્યારેય ચાલી શકે તેમ નહોતો અને તેનું ડાબું અંગ લકવાનો ભોગ બની રહે તેમ હતું. પરંતુ ઓપરેશન કરનાર સર્જન પ્રાર્થનાશીલ હતો. તેણે પોતાના તમામ સાથીદારો-નર્સો ડોક્ટરો અને હોસ્પિટલના અન્ય દર્દીઓને વિનંતી કરી કે - 'આપણે બધા જોનના સ્વાસ્થ્ય માટે પ્રભુને પ્રાર્થના કરીએ. જ્યાં સુધી જોન સ્વસ્થ ન થાય ત્યાં સુધી પ્રાર્થના ચાલુ રાખીએ.' અને એ સામૂહિક પ્રાર્થનાનો પ્રભાવ જોઈ બધા આશ્ચર્યચકિત થઈ ગયા. જોન ચાલવા લાગ્યો. બોલવાની શક્તિ પણ તેનામાં આવી ગઈ. સર્જને કહ્યું : 'હું અને મારો સ્ટાફ પ્રાર્થનામાં દૃઢ વિશ્વાસ ધરાવીએ છીએ, અને જોનની આ વિકટ પરિસ્થિતિ તથા તેનું દુઃખ દૂર થાય તે માટે પરમાત્મા પ્રત્યેની પ્રાર્થના અમે નિરંતર કરતા રહીશું !'

ત્યાર પછી બ્રિટિશ મેડિકલ એસોસીએશને ધર્મ અને ચિકિત્સાના આ સુમેળને પોતાની હોસ્પિટલમાં આવકાર્યો. એસોસીએશનના ઉપસચિવ ડો. કલેક્સ્ટને કહેલું કે 'આપણે આપણું કાર્ય વધુ ને વધુ સારું બનાવવું હોય તો આધ્યાત્મિક શક્તિ-પ્રાર્થનાની શક્તિનો વધુમાં વધુ ઉપયોગ કરવો અનિવાર્ય છે.'

એક વાર સિંધુ પ્રદેશમાં અતિવૃષ્ટિથી સિંધુનાં પાણી છલકાયાં. ખૂબ નુકસાન થયું. કુદરત આગળ માનવીના હાથ હેઠા પડ્યા. ત્યારે ટોળામાંના મુસ્લિમ ડેપ્યુટી કલેક્ટર સાહેબે કહ્યું : ખુદા મહાન છે. બધા સમૂહમાં તેની બંદગી કરો. સૌએ એકાગ્રચિત્તે પ્રાર્થના કરી તો થોડીક જ ક્ષણોમાં પાણીના પ્રચંડ પૂરે દિશા બદલી.

હમણાં તાજેતરમાં જ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી મુંબઈ ખાતે બાલમંડળ તેમજ બાલિકા મંડળના ૫૦૦ સભ્યોએ વેકેશન દરમ્યાન 'અમૃત સંપર્ક'નું અભિયાન ઉપાડ્યું. મુંબઈની લગભગ ૭૫ જેટલી હોસ્પિટલોના વડા સાથે પત્રવ્યવહાર કર્યો. બધી જ હોસ્પિટલોએ પ્રાર્થના માટે લેખિત પરવાનગી આપી. આયોજન મુજબ પાંચ બાળકો અને પાંચ બાલિકાઓ સતત ત્રણ દિવસ સુધી એક હોસ્પિટલમાં જાય. બાળકો જેન્ટ્સ વોર્ડમાં ને બાલિકાઓ લેડીઝ વોર્ડમાં જાય. દર્દી પાસે જઈને પોતાનો પરિચય આપે પછી સમાચાર પૂછે અને દરદીના સ્વાસ્થ્ય માટે બધા સાથે પ્રાર્થના કરે. આ સમૂહપ્રાર્થનાનો પ્રતાપ દરેક દરદીએ અનુભવ્યો. સામૂહિક પ્રાર્થનાના પ્રતાપે દરદીના સ્વાસ્થ્યમાં ઘણો સુધારો થયો. માનસિક શાંતિ પણ મળી ને હૂંફ પણ મળી.

એક માજીને બાલિકાઓએ પગે લાગીને કહ્યું : 'અમે આવતીકાલથી બીજી હોસ્પિટલમાં જવાનાં છીએ.' ત્યારે માજીએ બૂમાબૂમ કરી. 'ડોક્ટર ! ડોક્ટર ! આ બાળકોને સમજાવો કે મને મળવા આવવાનું ચાલુ રાખે. કાલથી આવવાની ના પાડે છે !' ત્યારે ડોક્ટર અને નર્સોએ બાળકોની પ્રાર્થનામાં રહેલી અમોઘ શકિત પિછાણી. તેમણે માજીને માંડ માંડ સમજાવ્યાં.

એક કિસ્સો તો તદ્દન અલગ પ્રકારનો બની ગયો. પંચાવનેક વરસના સાઉથ ઈન્ડિયન ભાઈ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થઈને ઘેર ગયા. બે દિવસ પછી હોસ્પિટલમાં પાછા

આવીને ડોક્ટરોને પૂછવા લાગ્યા : 'વો સ્વામિનારાયણવાલે બચ્ચે કિધર હૈ ?' ડોક્ટરે સામો પ્રશ્ન કર્યો કે તમારે તેમનું શું કામ પડ્યું ? ત્યારે પેલા મિસ્ટર રાવે કહ્યું કે મારો એક વફાદાર નોકર બીમાર છે તેને માટે પ્રાર્થના કરવા બાળકોને બોલાવવાં છે. મને તેમની પ્રાર્થનાથી ઘણું સારું લાગ્યું હતું.

જોકે આખું વિશ્વ એક હોસ્પિટલ જેવું છે. પ્રત્યેક વ્યક્તિ શારીરિક કે માનસિક રોગથી પીડાતી જ હોય છે. આધિ, વ્યાધિ કે ઉપાધિની પીડામાંથી કોઈ બાકાત નથી. આપણું ઘર પણ આ હોસ્પિટલનો એક ભાગ છે. ઘરના સભ્યો પણ દરદીની જેમ દુઃખી થતા હોય છે. તો ઘરમાંથી આ રોગોને, દુઃખોને દૂર કરવા સમૂહપ્રાર્થનાનો અસરકારક ઈલાજ આવશ્યક છે.

દરરોજ ભોજન સમયે ઘરસભાના પ્રારંભમાં કે અંતમાં અથવા સૂતાં પહેલાં ઘરના બધાં સભ્યો ભેગાં મળી પ્રાર્થના કરે તો ઘણાખરા પ્રશ્નોનું નિરાકરણ આપોઆપ આવી જાય છે.

હેરીએટ વેબ્સ્ટરે (Harriet Webster) નોંધ્યું છે : હાવર્ડ રિચાર્ડસન તેમનાં પત્ની ડાયના પીક અને તેમનો પુત્ર એડમ હંમેશાં ભોજન પહેલાં એકબીજાનો હાથ પકડી મૌન રહી પ્રાર્થના કરતાં. કોઈ વાર પોતાના વિચારો રજૂ કરતાં.

એક રાત્રે પિતા પુત્ર વચ્ચે કંઈક અંતર પડ્યું. પરંતુ બીજે દિવસે દરરોજના નિયમ મુજબ ભોજન પહેલાં એકબીજાના હાથ પકડ્યા ને સુખદ અનુભવ થયો. પિતા હાવર્ડ રિચર્ડસને કહ્યું : 'હું ખુશ છું. અમે એકબીજાને ચાહીએ છીએ. અમારા બેની વચ્ચે શું બની ગયું તે સમજવા પ્રયત્ન કરું છું. પ્રશ્ન દૂર થઈ ગયો. સંબંધો સુધરી ગયા.'

સમૂહભોજન અને સમૂહપ્રાર્થનાથી ઘણા ખરા પ્રશ્નો ઊકલી જાય છે.


હુબલીમાં કુંવરજીભાઈ નામના કચ્છી બંધુ રહે છે. વૈષ્ણવ છે. તેઓ સમૂહપ્રાર્થનાના ખૂબ આગ્રહી છે. તેઓના કુટુંબમાં ૧૬૦ સભ્યો રહે છે. દરેકનાં નિવાસસ્થાન જુદાં પરંતુ સવારની પ્રાર્થના માટે બધા સભ્યો અચૂક ભેગા થઈ જાય. ૧૬૦ માણસો આવી જ ગયા હોય. તેઓએ તે માટે જ રાધાકૃષ્ણ મંદિર જુદું જ બનાવ્યું છે. તેમાં સવારે સમૂહઆરતી ને સમૂહપ્રાર્થના અચૂક થાય. આને પરિણામે તેઓના કુટુંબમાં એકતા પણ જળવાઈ છે.

યોગીજી મહારાજ કોઈ પણ સંકલ્પની સિદ્ધિ માટે કે હરિભક્તોની મુશ્કેલીઓના નિવારણ માટે સમૂહમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરાવતા. પ્રમુખસ્વામી મહારાજ પણ એ જ રીતે બધાને સામેલ કરી ધૂન કરાવે છે, જેનાથી સઘળાં કાર્યો સફળતાપૂર્વક પાર પડે છે. આ ધૂન પણ સમૂહપ્રાર્થનાનો જ એક પ્રકાર છે.

મહાવીર સ્વામી કહેતા : 'જેમ શરીરને સ્વચ્છ રાખવા નિયમિત સ્નાન કરવું જરૂરી છે તેમ અંતઃકરણને સ્વચ્છ રાખવા નિયમિત પ્રાર્થના કરવાની જરૂર છે.'

દરરોજ સવારે કરાતી નિત્યપૂજા અને રાત્રિનું ચેષ્ટાગાન એ પણ પ્રાર્થનાનો જ એક પ્રકાર છે.

આપણા ઘરમાં સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌નો ત્રિવેણી સંગમ રચવા અને ઘરમાં સ્વર્ગનું અવતરણ કરવા ઘરસભાની સાથે સાથે સમૂહભોજન અને સમૂહપ્રાર્થના એ ખૂબ મહત્ત્વનાં અંગો છે. તેથી જ પ્રમુખસ્વામી મહારાજે કુટુંબની આબાદીના મૂળમાં રહેલાં આ ત્રણેય અંગોને દૃઢ કરવા અનુરોધ કર્યો છે.



પ્રેરણામૂર્તિનાં પ્રેરક વચનો

ઘરસભાનો મૌલિક અને ક્રાંતદર્શી વિચાર આપનાર
પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

પહેલાં તો મા-બાપ પણ મહાભારત-રામાયણની વાર્તાઓ છોકરાંઓને કરતાં અને સ્કૂલમાં પણ શિક્ષણ અપાતું, જેથી ધાર્મિક સંસ્કારો સહેજે જ મળતા. જ્યારે આજનું વાતાવરણ જ એવું થઈ ગયું છે કે મા-બાપને પડી નથી અને શિક્ષણમાં ભણાવવામાં આવતું નથી. એટલે બહાર તો ધર્મના સંસ્કાર મળે એવું છે જ નહિ. તેથી ઘરમાં એ સંસ્કાર મળે એ બહુ જરૂરી છે. એટલે જ ઘરસભાની જરૂર છે. 'વાડે વેલો ચઢી જાય' એમ જેવા વાતાવરણમાં છોકરો ઊછરે એવો એ થઈ જાય. કહે છે ને કે 'છોટી વયે પડેલી છાપ છેલ્લી વયે પણ જાય નહિ.'

બાળકો સરળ હોય છે. સારી ટ્રેનિંગ આપો તો સારું કાર્ય થઈ શકે છે. જો સત્સંગનું વાતાવરણ ઘરમાં હોય તો એનાથી સારા સંસ્કારો મળે. પહેલાં આપણે જો વ્યવસ્થિત થયા હોઈએ તો બાળકો પણ વ્યવસ્થિત થાય. ઘરમાં પણ ધાર્મિક વાતાવરણ રાખવું. ઘરમાં ઝઘડા થાય તો છોકરાઓ પણ એ જ શીખે. માટે ખટકો રાખીએ તો જીવનમાં, ઘરમાં અને સમાજમાં દિવ્ય વાતાવરણ થાય.

જુવાની, સત્તા ને પૈસા આ ત્રણ વસ્તુ ભેગી થાય એટલે કોઈની ગરજ ના રહે. કારણ કે જુવાનીમાં કોઈનો આધાર લેવાનો હોય નહિ. ને પાછી સત્તા હોય, ગમે ત્યારે હુકમ કરે ને હાજર થતું હોય એટલે માણસ બેફામ બની જાય છે. 'ગદ્ધાપચીસીમાં હું એકલો જ છું' એમ માનીને નાના-મોટા બધાનો તિરસ્કાર કરી નાંખે. એટલે જોગીબાપાએ જુવાનીમાં સત્સંગ કરાવ્યો. એની શક્તિ સારા માર્ગે જાય એના માટે રવિસભા ચાલુ

કરી. એમાં ઘરસભાની પણ એટલી જ જરૂર છે. બધાં સાથે મળીને સભા કરે, પ્રાર્થના કરે, એનાથી પ્રશ્નો ઘણા હલ થઈ જાય છે. આજે ભેગાં બેસે છે ખરાં પણ શું કરવા ? ટી.વી. જોવા ! મા-બાપ ને વહુ-છોકરી બધાં સાથે બેસે ને પછી ડીસ્કો કરવા ઊભાં થાય. એમાં મર્યાદા શું રહે ? આપણે તો ભેગાં થઈને કથાવાર્તા કરવી. ગ્રંથો વાંચીએ તો જીવન કેમ જીવવું એનું બળ મળે. જેટલું સત્સંગમય જીવન જીવીશું એટલી જુવાની કાબૂમાં રહેશે.

જો સંતોનો સમાગમ અને મંદિરનો યોગ હશે તો જ ટી.વી.ના ઝેરથી બચી શકશો. એટલે ઘરસભા રોજ રાત્રે એક કલાક કરવી. ઘરમાં બધા બેસે. સત્સંગમય વાતાવરણ હશે તો પેલું દૂષણ નહીં વળગે. ટી.વી. જુઓ એટલે સમય બગડે. વિદ્યાર્થીને અભ્યાસ બગડે. લાંબે ગાળે આંખો બગડે, બુદ્ધિ બગડે. ઘરનાં કામ ઠેલાય ને કજિયાકંકાસનો પાર નહિ. ટી.વી. ઘરમાં લાવો એટલે સમાચાર પૂરતું મર્યાદિત નથી રહેતું. બધું જોવાતું થઈ જાય. આજુબાજુનાંય જોવા આવે ને મર્યાદાનો લોપ થાય. અત્યારે તો ટી.વી. માં જ ભગવાનનાં દર્શન સૌ કરી લે છે. એટલે મંદિર, સંતો ને ગ્રંથને ભૂલી જવાય છે ને સંસ્કારો નષ્ટ થતા જાય છે. એટલે જ રવિસભા અને ઘરસભાની વાતો કરીએ છીએ. રોજ સાંજે બાળકો અને ઘરનાં સૌ સાથે કલાક બેસીને શાંતિથી કથા સાંભળે તો ઘણો લાભ થાય.

અત્યારે તો ટી.વી. વગેરે જોયા જ કરે. ઘેર બેઠાં ગંગાસ્નાન બધાં કરે જ રાખે ! તેમાં આંખનાં તેજ ગયાં, માનસિક શક્તિ ગઈ. આપણને લાગે કે આગળ વધીએ છીએ પણ કેટલો બગાડ થયો ? ઋષિમુનિઓએ સંયમના પાઠ આપ્યા. દરેકમાં સંયમ જોઈએ. આવ્યું છે એટલું ભોગવવાનું નથી. ત્યાગ કરતા રહો. ત્યાગના પાઠ ઘરસભામાં શિખાય છે.

રવિસભા અને ઘરસભાનો આરંભ તો ઘરના વડીલોએ જ કરવાનો છે. વડીલો ધીરજથી ચાલુ રાખશે તો બીજાં ઘણાં એની મેળે સમજશે. એમાં કંટાળવાની જરૂર નથી. આજના રજોગુણી વાતાવરણમાં સૌ પોતાની મેળે ખાઈ લે, સૂઈ જાય એટલે એકબીજાને મળવાનું થાય જ નહિ, એટલે ઘરમાં એકતા ને આત્મીયતા જેવું રહેતું નથી. એને લઈને ઘરમાં અણસમજ અને ઝઘડા થાય છે. જ્યારે ઘરસભા કરવાથી આત્મીયતા થાય છે. આ દવા એવી છે કે ખોટું રિએક્શન (વિપરીત આડઅસર) તો નહીં જ આવે. એમાં સુધરવાનું જ છે. માટે મહિમા સમજીને ઘરસભા કરવી.

ઘરમાં બધાં સભ્યો ભેગાં ન થાય એવું નથી. પણ આપણી ઉત્કંઠા નથી એટલે નથી થતું. કોઈ કદાચ ન આવે તો એકલા કરવું. તોય બીજાને પ્રેરણા મળશે. બાળકને આ સંસ્કાર મળે એના માટે કંઈક તો કરવું જ પડશે. નહિ તો જો બાળક હેરોઈનમાં ચઢી ગયો તો ખલાસ. માટે 'ચેતતા નર સદા સુખી.' આના માટે ટાઈમ કાઢવો પડશે. આજે 'ટાઈમ ઈઝ મની' સમજાય છે, પણ Family is money સમજાય છે ખરું ? Child is

money એમ થાય છે ખરું ? આ સમજાશે તો ટાઈમ નીકળશે.

ઘરસભાની વાત કરી પણ એ ઉપાયમાં શ્રદ્ધા ને વિશ્વાસ બેસવો કઠણ. શંકા થઈ જાય કે આમ કંઈ થતું હશે ? પણ દરેક વસ્તુ શ્રદ્ધાથી જ થાય છે. શ્રદ્ધા હોય તો સતત મહેનત થાય. એમ ઘરસભામાં શ્રદ્ધા હોય ને નિયમિત ભેગા થાય તો વરસે-બે વરસે કામ થાય જ. દરેક વસ્તુ સમય માગે છે. બી વાવીએ ને તરત ફળ નથી આવતું. પણ આપણી ધીરજ રહેતી નથી. જેણે જેણે શ્રદ્ધા રાખી તેનું કામ થયું જ છે.

જરૂરિયાત કરતાં વધારે ઈચ્છાઓ થાય એટલે ટેન્શન વધે જ. એટલે આપણે ઈચ્છાઓ ના વધારવી. જરૂરત ઓછી કરીએ એ જરૂરી છે. તો જ કંઈક શાંતિ થાય. આવક ન હોય ને ઘરવાળાં કહે : '૨૦૦૦નાં કપડાં જોઈએ. ભઈ ! પહોંચ છે ? એ તો સો-બસોનાંય ચાલે. અંગ જ ઢાંકવું છે ને ? પણ આવો આત્મવિચાર ઘરસભા વગર ન આવે. ઘરસભા હોય તો વૃત્તિ પાછી વળે. ઘરસભાથી જ સંસ્કાર વધે, માટે આ વસ્તુ ધ્યાનમાં રાખવી.'

ઘરસભા

કાર્યક્રમો અંગે કેટલાંક સૂચનો

ઘરસભા માટે કેટલાંક સૂચિત કાર્યક્રમો
અહીં આપવામાં આવ્યા છે.
આપના પરિવારના સભ્યોની અનુકૂળતા મુજબ આપ કોઈપણ
યોગ્ય સૂચન સ્વીકારી શકો છો.
વિભાગ (અ)માં આપેલાં ઘરસભાના પ્રકારો ખાસ કરીને દેશ-
વિદેશમાં વસતાં બધાં જ પરિવારો માટે છે.
જ્યારે વિભાગ (બ)માં આપેલા સૂચનો, મોટાં શહેરો કે ખાસ
કરીને વિદેશમાં વસતાં પરિવારો માટે છે. અનુકૂળતા હોય તો
કોઈપણ પરિવાર એ સૂચનોને અમલમાં મૂકી શકે છે.

વિભાગ - (અ)

ઘરસભા : પ્રકાર-૧

(જે ઘરમાં બાળકો હોય ત્યાં આવો કાર્યક્રમ રાખી શકાય)

ધૂન	૫ મિનિટ
પ્રાર્થના	૫ મિનિટ
બાળક દ્વારા બાળ સાહિત્યનું વાચન	
અથવા સત્સંગ પરીક્ષાના પુસ્તકનું વાચન	૫ મિનિટ
બાળક સાથે પ્રશ્નોત્તરી (વાચન થયું તેના આધારે)	૫ મિનિટ
અમૃત મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત થયેલ સાહિત્યનું વાચન.	૫ મિનિટ
	૨૫ મિનિટ

ઘરસભા બાદ બાળકને અભ્યાસ અંગે પૂછપરછ કરવી.
(બાળ સાહિત્યની યાદી માટે જુઓ પરિશિષ્ટ.)

ઘરસભા : પ્રકાર-૨

(જે ઘરમાં કિશોરો-વિદ્યાર્થીઓ હોય ત્યાં આવો કાર્યક્રમ રાખી શકાય)

ધૂન	૫ મિનિટ
પ્રાર્થના	૫ મિનિટ
સત્સંગ શિક્ષણ પરીક્ષાના પુસ્તકોનું વાંચન અથવા વચનામૃત (૧ પાન અથવા એથી ટૂંકાં) અથવા સ્વામીની વાતો (૧ પાન)	
સ્વામિનારાયણ પ્રકાશના લેખનું વાંચન	૫ મિનિટ
અમૃત મહોત્સવ ઉપક્રમે સ્વામીશ્રીનાં પુસ્તકોનું વાચન.	૧૦ મિનિટ
	૨૫ મિનિટ

ઘરસભા બાદ વિદ્યાર્થી પુત્ર-પુત્રીને અભ્યાસ અંગે પૂછપરછ કરવી તથા ગૃહકાર્યની ચર્ચા અને વહેંચણી કરવી.

(સ્વામીશ્રીનાં પુસ્તકોની યાદી માટે જુઓ પરિશિષ્ટ.)

ઘરસભા : પ્રકાર-૩

(જે ઘરના સભ્યોને આધ્યાત્મિક ચર્ચામાં રસ હોય તેવા કુટુંબો માટે)

ધૂન	૫ મિનિટ
વચનામૃત/સ્વામીની વાતોનું નિરૂપણ	૧૫ મિનિટ
ચર્ચા	૫ મિનિટ
અમૃત મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત સાહિત્યનું વાચન	૧૦ મિનિટ
	૩૫ મિનિટ

આ ઉપરાંત આપના કુટુંબના સભ્યોને રસ પડે
તે રીતે યોગ્ય ફેરફાર આપ કરી શકો છો.

વિભાગ - (બ)

ધૂન અને પ્રાર્થના અથવા કીર્તન બાદ કેટલુંક નિત્યક્રમ મુજબનું ધારાવાહી વાંચન કરીને જુદા જુદા વારે ઘરસભાને નીચે પ્રમાણે પણ રસપ્રદ કરી શકાય.

સોમવાર	:	જ્ઞાન ગમ્મત દિન	*Fun Day*
મંગળવાર	:	સત્સંગ દિન	*Satsang Day*
બુધવાર	:	પ્રાર્થના દિન	*Prayer Day*
ગુરુવાર	:	ગુરુભક્તિ દિન	*Guru Day*
શુક્રવાર	:	અભ્યાસ દિન	*Education Day*
શનિવાર	:	પરિવાર દિન	*Family Day*
રવિવાર	:	*Sunday for Swamiji*	

સોમવાર : જ્ઞાન - ગમ્મત - દિન

૧. સ્ક્રીન ટેસ્ટ : ૪-૫ મિનિટ સત્સંગની કોઈપણ વિડિયો કેસેટ બતાવી તેમાંથી વિવિધ પ્રશ્નો પૂછી શકાય.

દા.ત. શ્રીજીમહારાજની પાઘનો રંગ કેવો હતો ?
શ્રીજીમહારાજના જમણા હાથમાં શું હતું ?
સ્વામીબાપાએ આશીર્વચનમાં શું કહ્યું ?....

૨. ફોટોગ્રાફ ટેસ્ટ : ઉપર મુજબ જ પરંતુ વિડિયો કેસેટને બદલે ૨૦-૩૦ સેકન્ડ ફોટોગ્રાફસ અથવા મૂર્તિઓ બતાવી પ્રશ્ન - ઉત્તર કરવા.

૩. ફોટો આલ્બમ : કુટુંબના બધા જ સભ્યો ભેગા થઈ સત્સંગના જુદા જુદા પ્રસંગોએ લીધેલા ફોટોના આલ્બમ જુએ, સ્મૃતિ કરે. આ કાર્યક્રમમાં મોટેરા સંતો હરિભક્તોની ઓળખાણ તથા વિશેષતા પણ કહી શકાય.

ફોટો આલ્બમ દ્વારા મંદિર, મૂર્તિઓ, આપણી સંસ્કૃતિ અને પ્રણાલિકાઓનો ખ્યાલ આપી શકાય.

૪. મૂર્તિ ક્વીઝ : ગુરુપરંપરાની કોઈપણ મૂર્તિ બતાવી તેઓ એ મુદ્રા દ્વારા શું કહેવા માગતા હશે તે સૌ લખે.

૫. શોધી કાઢો : કોઈપણ વસ્તુ કે વ્યક્તિનું નામ કાર્ડ ઉપર લખી એક બાળકને ખાનગીમાં બતાવવું. પછી તે બાળક એકશન કરે અને બાકીના સભ્યો તેને ઓળખવા પ્રયત્ન કરે.

દા.ત. નીલકંઠવર્ણી : એક પગે ઊભા રહી તપની માળા કરે.
માણકી ઘોડી : ઘોડાની જેમ ચાર પગે ચાલવું.

આવી જુદી જુદી પ્રેરક પ્રશ્નાત્મક અને પ્રેરણાત્મક રમતોનું આયોજન કરી શકાય.

મંગળવાર : સત્સંગ - પરીક્ષા દિન

સત્સંગ પરીક્ષાનાં પુસ્તકો (ગુજરાતી અથવા અંગ્રેજી) વંચાય, જેનું વાંચન બાળકો જ કરે. વાંચન પછી કોઈપણ એક વ્યક્તિ તેનો એક મિનિટમાં સાર કહે.

નિયમ-ધર્મ દિન

કોઈપણ એક વ્યક્તિને અગાઉથી વિષય આપી દેવો, જેનું તે વ્યક્તિ એક-બે અઠવાડિયામાં સંશોધન કરી ઘરસભામાં રજૂઆત કરે.

- વિષયો : દા. ત. - ટી.વી., મદ્યપાન, ડ્રગ્સ, ધૂમ્રપાન, પૂજા, માનસીપૂજા, શુદ્ધ આહાર-વિહાર, કુસંગ.
- વિષય સોંપાયા પછી જે તે વ્યક્તિ લાયબ્રેરી, સ્વામિનારાયણ પ્રકાશ, સંસ્થાના અન્ય પ્રકાશનો, પોતાના મિત્રો તથા સ્કૂલના શિક્ષકો સહિત અન્ય કોઈની પણ સલાહ-સહાય લઈ શકે.
- ક્યારેક કેસેટો દ્વારા પણ વિષયને રસપ્રદ બનાવી શકાય.

★ **ફાયદા :** - વાંચન-લેખન સુધરે.
- સામાન્ય જ્ઞાનમાં વૃદ્ધિ થાય.
- સંશોધનાત્મક શક્તિ ખીલે.
- ટી.વી. તથા બીજી રમતોમાંથી સમય કાઢી આવી રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાવાથી સમયનો સદ્‌ઉપયોગ થાય.

બુધવાર : પ્રાર્થના દિન

ઘરસભાના અંતમાં પ્રાર્થના કરતાં પહેલાં પ્રેરક પ્રકાશનોનું વાંચન તથા મહિનામાં એક વાર કીર્તન-આરાધના કરવી.

* Bliss, સ્વામિનારાયણ પ્રકાશ, પત્રિકા વગેરેમાંથી કોઈ પણ વ્યક્તિ એક લેખ

શોધી વાંચન કરે. તેના ઉપર વિશેષ વાત કરી શકાય.

* કીર્તન - આરાધનાના દિવસે બાળકો કીર્તનો તૈયાર કરી આરાધના રજૂ કરે. માતા-પિતા કીર્તનનો ઇતિહાસ અથવા તેના અર્થ સમજાવે. કીર્તન બનાવનાર નંદ સંતો-પરમહંસોના પ્રેરણાદાયી પ્રસંગો કહે.

☞ દા.ત. તારો ચટક રંગીલો છેડલો.....

શ્રીજી મહારાજે બેરખો માર્યો ત્યારે શીઘ્ર કવિ બ્રહ્માનંદ સ્વામીએ આ કીર્તન સભામાં જ શીઘ્ર રચેલું તે પ્રસંગ વિસ્તારથી કહેવો.

☞ વંદુ સહજાનંદ રસરૂપ...

પ્રેમાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી બનાવેલ તેઓની મૂર્તિનું વર્ણન કરતું પદ વિસ્તારથી સમજાવવું.

☞ આ સિવાય આરતી-થાળ કોણે, ક્યારે અને કેવી રીતે કેવા સંજોગોમાં રચ્યા તેનો ઇતિહાસ કહેવો.

જુદી જુદી પ્રાર્થનાઓ નીચે મુજબ કરી શકાય :

૧. કૌટુંબિક પ્રાર્થના : કુટુંબના કોઈ સભ્યના જીવનમાં સત્સંગ દૃઢ ન હોય તો દૃઢ થાય, સદ્બુદ્ધિ મળે ને સન્માર્ગે વળે, બિમાર હોય તો મહારાજ-સ્વામી તેમને સાજા કરે. આ પ્રાર્થના કેવળ આપણા ઘર પૂરતી સીમિત નહીં રાખતાં દૂર વસતા બીજા સંબંધીઓ માટે પણ કરવી.

૨. વૈશ્વિક પ્રાર્થના : કુદરતી આફતોથી અસરગ્રસ્ત સહુને માટે પ્રાર્થના કરવી.

દા.ત. - ભારતમાં લાતુર ખાતેનો ધરતીકંપ..., ઇથિયોપિયાનો દુષ્કાળ..., જુદી જુદી જગ્યાએ ચાલતા નાનાં-મોટાં યુદ્ધો ને કારણે ઇજાગ્રસ્ત સૌનું દુઃખ દૂર થાય, એ પરિવાર પર આવી પડેલ આપત્તિને સહન કરવાનું બળ મહારાજ-સ્વામી આપે, વિશ્વમાં શાંતિ રહે તેવી પ્રાર્થના કરી શકાય.

૩. આર્થિક પ્રાર્થના : પરિવારના સભ્યને સારી નોકરી મળે, આવક વધે, બિનજરૂરી ખર્ચ ઓછા થાય, બચત વધે અને સત્સંગમાં વધુ સેવા થાય તેવી પ્રાર્થના મહારાજ - સ્વામીને કરી શકાય.

૪. અભ્યાસ પ્રાર્થના : પરિવારના અભ્યાસ કરતા સભ્યોને પુરુષાર્થ કરવાનું બળ મળે, યાદ શક્તિ વધે, સુધરે અને તેમના અભ્યાસલક્ષી સર્વે મનોરથ ભગવાન પૂર્ણ કરે તેવી પ્રાર્થના કરી શકાય.

૫. આધ્યાત્મિક પ્રાર્થના : આ ઉપરાંત ગ.પ્ર.૪૮ અને ગ.અં.૩૯માં વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે બતાવેલ આધ્યાત્મિક પ્રાર્થના ખાસ કરવી અને સ્વામીશ્રીનું

સ્વાસ્થ્ય સારું રહે તથા એમને રાજી કરવાની પ્રેરણા, બળ, બુદ્ધિ ને આશીર્વાદ સૌને મળે તેવી પ્રાર્થના કરવી.

ગુરુવાર : ગુરુભક્તિ દિન

૧. ગુરુહરિ ચરિત્ર ગ્રંથોનું શ્રવણ :

બ્રહ્મોપનિષદ્ તેમજ તાજેતરમાં પ્રકાશિત થયેલા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન-કાર્યને વર્ણવતાં પુસ્તકમાંથી વાંચન કરી શકાય.

૨. પત્રલેખન

Letter to Swamiji, God or Maharaj

દરેક વ્યક્તિ એક પત્ર શ્રીજી મહારાજ અથવા ગુરુહરિ સ્વામીશ્રીને લખે (ફક્ત ઘરમંદિરમાં મૂર્તિ સમક્ષ મૂકવા માટે) ને અંતે તેનું વાંચન કરે.

પત્રનો વિષય ગમે તે હોઈ શકે. દા.ત.

- why do I love Swami....
- greatness of Swami... વગેરે

૩. **ગુરુપરંપરાના જીવન-ચરિત્રમાંથી** પ્રેરણાદાયી પ્રસંગોનું વાંચન કરી શકાય.

૪. **સ્મૃતિ સભા :** દરેક વ્યક્તિ પોતાના સ્વામીશ્રી સાથેના પ્રસંગો અથવા પોતાને ગમતા પ્રસંગો કહે. ઉપરોક્ત પુસ્તકોના વાંચન અને પ્રસંગકથન બાદ પ્રસંગ ઉપર વિશેષ મનન આપી શકાય.

૫. સ્વામીશ્રીની વિડિયો કેસેટનું દર્શન કરી શકાય. ઓડિયો કેસેટનું શ્રવણ કરી શકાય.

શુક્રવાર - અભ્યાસ દિન

૧. **સમય-પત્રક :** સૌ બાળકો પોતપોતાના ટાઈમ-ટેબલ બનાવે, તપાસે અને સુધારે. સાથે સાથે ટી.વી. માં ક્યા પ્રોગ્રામ જોવાના છે તે પણ નક્કી કરે. (ટી.વી. જોવાનું બિલકુલ બંધ થઈ શકે તો ખૂબ જ યોગ્ય.)

૨. **શાળા :** અઠવાડિયામાં સ્કૂલમાં શું ગમ્યું ? નવું વાંચ્યું કે જાણ્યું હોય તેની ચર્ચા કરી શકાય.

૩. **લેખ વાંચન :** અભ્યાસમાં પ્રોત્સાહન આપે તેવા સારા પ્રેરણાદાયી લેખ અથવા પુસ્તકનું વાંચન કરવું.

૪. **કેસેટ કોર્સ :** Time Management, Memory Improvement વગેરે વિષયોના તૈયાર કેસેટ કોર્સ મળે છે તેનું શ્રવણ ક્યારેક કરી શકાય. વિષયોની પસંદગી પરિવારના યુવા સભ્ય કરે તે વધુ ઇચ્છનીય છે.

૫. **પ્રેરણાત્મક પ્રસંગો :** કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ પામેલા પુરુષોના પ્રસંગો અને તેની પ્રગતિનાં રહસ્યોની ચર્ચા કરવી. દા.ત. અબ્રાહમ લિંકન, થોમસ એડીસન વગેરે જેવા મહાન પુરુષો વિષે પુસ્તકો પણ ક્યારેક વાંચી શકાય.

૬. **પ્રાર્થના :** ધૂન કરતાં કરતાં અભ્યાસમાં પ્રગતિ માટે પ્રાર્થના કરવી.

ખાસ કરીને વિદેશમાં, આ દિવસે કુટુંબના બધા જ સભ્યો અંદરો અંદર ગુજરાતીમાં જ બોલે, માતૃભાષા ગુજરાતીના લેખન તથા વાંચનનો વિશેષ અભ્યાસ કરવા ખાસ સમય ફાળવવો.

શનિવાર : પરિવાર દિન

★ **સમૂહ સેવા :**

પરિવારના સૌ સભ્યો ભેગા મળી વિવિધ સેવા કરે.
દા.ત. ઘરની સાફસૂફી.

દૈનિક સેવા : ઘરસભાના અંતે કુટુંબનાં વિવિધ કામની વહેંચણી કરી શકાય, જે સેવા દર અઠવાડિયે બદલાતી રહે. દા.ત. - ઘરમંદિરના પૂજારી, સભાવ્યવસ્થાપક, વાસણ ઉટકવા, ઘરસભાની ડાયરી લખવી વગેરે સેવાઓ વ્યક્તિની ઉંમર, શ્રદ્ધા અને સમયની અનુકૂળતા પ્રમાણે સોંપવી.

★ **રુચિ ક્વીઝ :** કોઈપણ એક વ્યક્તિની રુચિ જાણવા માટે ઘરના બધા સભ્યો તે વ્યક્તિની રુચિઓ લખે અને અંતે તે વ્યક્તિની સાચી રુચિની યાદી સાથે સરખાવે.
રુચિના વિષયો : સ્પોર્ટ્સ - ગેઈમ્સ, કલર, વાનગી, કીર્તન, સ્વામીની વાત, સ્કૂલનો વિષય, પ્રોગ્રામ... વગેરે વિષયો રાખી શકાય.

★ **ગુણગ્રહણ દિન :** કોઈપણ એક વ્યક્તિના ગુણોનું ગાન વ્યક્તિની હાજરીમાં જ અન્ય સભ્યો કરે.

★ **અન્નકૂટ દિન :** મહિનામાં એક વાર વિશેષ ઉત્સવના દિવસે વારાફરતી ઘરના સભ્યોની પ્રિય વાનગી બધા જ ભેગા થઈ બનાવે. અંતે ઘરમંદિરમાં બધા ભેગા થઈ થાળગાન કરી સમૂહ ભોજન કરે.

★ **ડાયરી વાંચન :** મહિનાના છેલ્લા શનિવારે ઘરસભાની નોંધપોથી વાંચી અને તેના સુધારા અંગે સમૂહ ચર્ચા કરે.

રવિવાર : " Sunday for Swami "

★ રવિવારના દિવસે પરિવારના બધા જ સભ્યો મંદિરે જઈ વિવિધ સેવા તથા

પ્રવૃત્તિમાં જોડાય. બાળકો બાળસભામાં, યુવકો યુવક સભામાં, વડીલો વડીલ સભામાં - તથા મહિલા વર્ગે મહિલા મંડળની સેવા તથા સભાનો લાભ લેવો.

મંદિરેથી પાછા ફરતાં રસ્તામાં અથવા ઘરે 'આજે મેં મંદિરમાં શું કર્યું ?' અથવા 'હું મંદિરમાંથી શું શીખ્યો ?' એ વિષય પર વિચાર - વિમર્શ કરવો.

પર્વ-કાર્યક્રમ

★ જ્યારે જ્યારે વિશેષ ઉત્સવ આવે ત્યારે પર્વને અનુરૂપ ઘરસભાનું આયોજન કરી શકાય. દરેક પર્વ બે દિવસના ગોઠવી શકાય. તેમાં મુખ્ય દિવસે વિશેષ પ્રસાદનું આયોજન કરવું અને ઉત્સવની આરતી કરવી. સામાન્ય રીતે દરેક મહિનામાં આવતા વિશેષ ઉત્સવો આ પ્રમાણે છે :

જાન્યુઆરી

★ અંગ્રેજી નૂતન વર્ષ :

- નવા વર્ષના વિશેષ નિયમો અને કારકીર્દીના ઉચ્ચ ધ્યેયો નક્કી કરવા.

★ ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા પર્વ :

- ઉત્સવનો ઇતિહાસ અને મહિમા કહેવો.
- આ ઉત્સવને દિવસે ડાબરા ઉત્સવનો વિશેષ મહિમા છે તો શક્ય હોય તો પર્યટન ગોઠવી ઉત્સવની ઊજવણી કરી શકાય.

ફેબ્રુઆરી

★ વસંતપંચમી - શાસ્ત્રીજી મહારાજ જન્મ જયંતી, શિક્ષાપત્રી જયંતી :

- શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રનું વાંચન કરવું.
- શાસ્ત્રીજી મહારાજની વિડિયો કેસેટ નિહાળવી.
- શિક્ષાપત્રી પણ આ દિવસે જ લખાઈ હોવાથી તેનો મહિમા જાણી કોઈપણ એક નિયમ ઉપર ચર્ચા કરવી અથવા શિક્ષાપત્રી વિષે લેખ વાંચવો.
- બ્રહ્માનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીની પણ જન્મતિથિ હોવાથી તેમનાં કીર્તનો અને જીવન પ્રસંગો ગાવાં તથા સાંભળવાં.

માર્ચ

★ પુષ્પદોલોત્સવ : ભગતજી મહારાજ જન્મદિન - પુષ્પદોલોત્સવ :

નવેમ્બર

★ **દિવાળી પર્વ :**

- દિવાળીને દિવસે ઘરમંદિરમાં લાઈટીંગ કરવું. દીવા મૂકવા.
- નૂતનવર્ષના દિવસે સમૂહમાં બેસી થાળ ગાઈને ઠાકોરજીને અન્નકૂટની વાનગીઓ ધરાવવી.
- ઘરમાં પર્વના પાંચ દિવસ દરમ્યાન વિવિધ રંગોળી પૂરવી.

ડિસેમ્બર

★ **પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો જન્મદિવસ :**

- સ્વામીશ્રીની જન્મજયંતીની વિડિયો કેસેટનું દર્શન કરવું.
- સ્વામીશ્રીના ગુણો ઉપર પ્રવચન કરવા.
- મને સ્વામીશ્રી કેમ ગમે છે તે ઉપર દરેક વાત કરે.
- પરિવારના બધા જ સભ્યોએ ભેગા થઈ સ્વામીશ્રી માટે જન્મદિન શુભેચ્છા કાર્ડ બનાવવું. ફોટો આલ્બમ દ્વારા સ્વામીશ્રીની સ્મૃતિ કરવી.

प्रेरणामूर्ति प्रमुखस्वामी महाराज

गुणातीतानंद स्वामी (सचित्र)

भगवान स्वामिनारायण

गुणातीतानंद स्वामी

स्त्री पुरुष मर्यादा

ब्रह्मस्वरूप योगीजी महाराज

IN OTHER LANGUAGES

भगवान स्वामिनारायण (मराठी)

मोरपींछ (मराठी)

शिक्षापत्री चे विचार मौक्तिक (मराठी)

शिक्षापत्री (मराठी)

योगी गीता (मराठी)

आदर्श बालक (मराठी)

Idol of Inspiration Pramukh Swami Maharaj (Bangali)

Apples Of Gold (Bangali)

Akshardham (Bangali)

Gems From Shikshapatri (Bangali)

Gems From Shikshapatri (Kanada)

Gems From Shikshapatri (Tamil)

Akshardham (Kanada)

ધ્વનિ પ્રકાશનો : ભક્તિ સંગીત કેસેટ્સ

આરતી

ધૂન

પ્રભાતિયાં ભાગ ૧, ૨ (દરેક)

જોગીડાનાં જાદુ

વાલમ વધામણાં

નમીએ નારાયણસ્વરૂપ

ઔષધ અમૃત પાયા

બ્રહ્મકિલ્લોલ

બાળકિલ્લોલ

આનંદકિલ્લોલ

સંત સૂરાવલી

ઘનશ્યામ ચરિત્ર

સંત સૌરભ

શ્યામ ખેલત રાસ

આશ્રમ ભજનાવલિ

કીર્તન આરાધના ૧૦૮

યજ્ઞપુરુષ સ્મૃતિ

આવી અક્ષર વરની જાન

મૈં તો શરણ તીહારી

યુવા ગીત

સંત સંગીત

યોગીજીને વંદન વારંવાર

નં. ૭, ૧૧, ૨૨, ૨૫, ૩૦, ૪૫, ૬૫, ૭૫, ૧૦૦ (દરેક)

અલમસ્ત યોગી

લોક નૃત્ય ભાગ ૧ થી ૫ (દરેક)

વાણી જયરામન

ભક્ત પ્રહલાદ

આનંદ રંગ

સંત સંગત

ભક્તિ સંગીત

ગુરુદેવનાં ચરણમાં

સ્તોત્ર સિંધુ

વ્રતોત્સવનો નિર્ણય

વાર્ષિક ડાયરી

ENGLISH PUBLICATION

Vachanamritam

New Dimensions in Vedanta

Philosophy-1, 2

The Bhakta Bhagwan Relationship

On The Shores Of Wisdom

Things To Know
Things To Remember

Apples Of Gold

An Ideal Child

Shikshapatri

Gems From Shikshapatri

Kirtan Muktavali

Images Of Eternal Joy
–Yogiji Maharaj

Thus Spake Swaminarayan

Idol of Inspiration
Pramukh Swami Maharaj

Yogiji Maharaj (Pictorial)

Gunatitanand Swami (Pictorial)

Yogiji Maharaj - An introduction

Akshardham

Bal Vihar Part-1

100 Tales of Wisdom

SATSANG EXAM SERIES

Bal Satsang Part-1

Bal Satsang Part-2

Kishor Satsang Prarambh

Ghanshyam Charitra

Yogiji Maharaj

Kishor Satsang Pravesh

Nilkanth Charitra

Shastriji Maharaj

Satsang Reader Part - 1

Kishor Satsang Parichay

Sahajanand Charitra

Pragji Bhakta

Satsang Reader Part - 2

Kishor Satsang Pravin

Gunatitanand Swami

Satsang Reader Part - 3

हिन्दी प्रकाशन

भगवान स्वामिनारायण के वचनामृतम्

स्वामिनारायण कथा मंगल

शिक्षापत्री

शिक्षापत्री के रत्न

रंग भर सुंदर श्याम रमे

अक्षरधाम

स्वामिनारायण गौरवगाथा

वचनामृत बिंदु

भगवान स्वामिनारायण

स्वामिनारायण वेदांत परिचय

धर्म

मुक्तानंद स्वामी

संप्रदाय का विकास एवं गुरु परंपरा

नित्य नियम

योगीजी महाराज परिचय पुस्तिका

રંગ ભરીએ અક્ષર શીખીએ

૨૦૦ સ્વામીની વાતો

બાળ મંત્ર પોથી

આદર્શ બાળક

સત્સંગ જ્ઞાન પ્રશ્નોત્તરી

તમારે તેજસ્વી વિદ્યાર્થી બનવું છે?

પરિચય પુસ્તિકાઓ

ભગવાન સ્વામિનારાયણ

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

સંપ્રદાયનો વિકાસ અને ગુરુપરંપરા

સ્વામિનારાયણ વેદાંત પરિચય

એકાંતિક ધર્મ

એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ

સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો

સ્વામિનારાયણ ધર્મ અને વિશ્વના ધર્મો

અક્ષરધામ (બહુરંગી સચિત્ર પુસ્તિકા) બુકલેટ

પરિચય પુસ્તિકાઓ

કીર્તન મુક્તાવલિ ભાગ ૧

કીર્તન મુક્તાવલિ ભાગ ૨

કીર્તનસાર

કીર્તનગાન

નિત્યગાન

નિત્યવિધિ

સ્તોત્ર સિંધુ

ભક્તચિંતામણિ

શ્રીહરિલીલામૃત (ભાગ ૧ થી ૪)

નિષ્કુળાનંદ કાવ્ય ચિંતામણિ

નિષ્કુળાનંદ પદાવલિ

પ્રેમસખી પદાવલિ

સ્વામિનારાયણ સંત કવિતા

સદાચાર સાહિત્ય શ્રેણી

સનાતન ધર્મ અભિગમ

ઇંડું : પોષણમાં મીંડુ

ધૂમ્રપાન એટલે આપઘાત

દારૂ : બરબાદીનું બીજું નામ

ટીવી આશીર્વાદ કે અભિશાપ (મુદ્રણમાં)

ઘરસભા : સબ દર્દોંકી એક દવા

સ્ત્રી-પુરુષ મર્યાદા

સ્ત્રી સ્વાતંત્ર્ય

માંસાહાર : અમાનવીય આહાર (મુદ્રણમાં)

ડ્રગ્સ : શેતાનની શોધ! (મુદ્રણમાં)

તમે અને તમારાં સંતાન

મોરપીંછ

ધાર્મિક વિધાનો અને ભાવનાઓ

અન્ય સાહિત્ય

ગુણાતીતાનંદ સ્વામીની વાતો (મોટું કદ)

ગુણાતીતાનંદ સ્વામીની વાતો (નાનું કદ) (મુદ્રણમાં)

અક્ષરબ્રહ્મ કથામંગલ

પાતાળે નાંખ્યા પાયા

સ્વામીશ્રી જાગા ભક્ત

સંસ્કાર કુંજ

અક્ષરતીર્થ

મંત્રપોથી

સ્વાધ્યાય પોથી, બાળ સત્સંગ ભાગ ૧

સ્વાધ્યાય પોથી, બાળ સત્સંગ ભાગ ૨

સ્વાધ્યાય પોથી, પ્રારંભ શ્રેણી

સ્વાધ્યાય પોથી, પ્રવેશ શ્રેણી, ભાગ ૧, ૨

સ્વાધ્યાય પોથી, પરિચય શ્રેણી, ભાગ ૧

સ્વાધ્યાય પોથી, પરિચય શ્રેણી, ભાગ ૨

પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી

પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મોપનિષદ

સંજીવની

અનુભવામૃત

સત્સંગ (પ્રમુખસ્વામી મહારાજનો બહુરંગી છબી સંપુટ) (મુદ્રણમાં)

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ (સંક્ષિપ્ત જીવનચરિત્ર)

અક્ષરના હસ્તાક્ષર

યૌવનના સુહૃદ

પ્રેરક વ્રત-નિયમનાં...

પ્રશ્નોત્તરી

જેવા મેં નિરખિયા રે

વિસ્તૃત જીવનચરિત્ર ગ્રંથ શ્રેણી

ભગવાન સ્વામિનારાયણ ભાગ ૧ થી ૫

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભાગ ૧, ૨

બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત જીવન ચરિત્ર

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ભાગ ૧, ૨

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું વિસ્તૃત જીવન ચરિત્ર ભાગ ૧ થી ૬

યોગીજી મહારાજ ગ્રંથ શ્રેણી

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (વિસ્તૃત જીવન) ભાગ ૧ થી ૬

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (સંક્ષિપ્ત જીવન)

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (પરિચય પુસ્તિકા)

યોગીજી મહારાજની બોધકથાઓ

યોગીજી મહારાજની સત્સંગકથાઓ

માનવમનના માલમી યોગીજી મહારાજ

તરુણાઈના ખરા મરમી યોગીજી મહારાજ

નાદબ્રહ્મ

પુરુષોત્તમ પ્રકાશ

યોગીસુધા

યોગીવાણી

યોગીગીતા

અક્ષરતીર્થ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (સચિત્ર)

બ્રહ્મરસના ભોગી (છબી-કથા)

બાળ-સાહિત્ય

અક્ષરબ્રહ્મ બાળ કથામાળા (બહુરંગી સચિત્ર છ પુસ્તિકાઓનો સંપુટ)

બાલ વિહાર ૧

બાલ વિહાર ૨

બાળ સભા

મોરપીંછ

બહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (સચિત્ર)

ગુણાતીતાનંદ સ્વામી (સચિત્ર)

ઘરસભામાં ઉપયોગી પ્રેરક સાહિત્ય

પ્રકાશક : સ્વામિનારાયણ અક્ષરપીઠ

(સંસ્થાનાં બધા જ મુખ્ય કેન્દ્રો પરથી ઉપલબ્ધ છે.)

ભગવાન સ્વામિનારાયણ ગ્રંથ શ્રેણી

- ભગવાન સ્વામિનારાયણ (ભાગ ૧ થી ૫)
- સ્વામિનારાયણ કથા મંગલ
- ઘનશ્યામ ચરિત્ર
- નીલકંઠ ચરિત્ર
- સહજાનંદ ચરિત્ર
- ભગવાન સ્વામિનારાયણ (પરિચય પુસ્તિકા)
- ભગવાન સ્વામિનારાયણ (સચિત્ર)
- ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન
- સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો
- સ્વામિનારાયણ ધર્મ અને વિશ્વના ધર્મો
- સ્વામિનારાયણ વેદાંત દર્શન એક રૂપરેખા
- સ્વામિનારાયણ વેદાંત પરિચય
- ચરણકમળનાં ફૂલ
- વચનામૃત
- શિક્ષાપત્રી (ફક્ત ગુજરાતી)
- શિક્ષાપત્રી (સંસ્કૃત શ્લોક સાથે)
- વચનામૃત બિંદુ
- શિક્ષાપત્રીનાં સૂક્તિરત્નો
- ભગવાન સ્વામિનારાયણ બાળ કથામાળા (બહુરંગી સચિત્ર દસ પુસ્તિકાઓનો સંપુટ)

સત્સંગ શિક્ષણ પરીક્ષા શ્રેણી

- બાળ સત્સંગ ૧
- બાળ સત્સંગ ૨
- કિશોર સત્સંગ પ્રારંભ
- ઘનશ્યામ ચરિત્ર
- યોગીજી મહારાજ
- કિશોર સત્સંગ પ્રવેશ
- નીલકંઠ ચરિત્ર
- શાસ્ત્રીજી મહારાજ
- સત્સંગ વાચનમાળા, ભાગ ૧
- કિશોર સત્સંગ પરિચય
- સહજાનંદ ચરિત્ર
- પ્રાગજી ભક્ત
- સત્સંગ વાચનમાળા, ભાગ ૨
- કિશોર સત્સંગ પ્રવીણ
- ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસના
- ગુણાતીતાનંદ સ્વામી
- સત્સંગ વાચનમાળા, ભાગ ૩
- પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ
- એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ
- સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો
- એકાંતિક ધર્મ
- સ્વામિનારાયણ ધર્મ અને વિશ્વના ધર્મો
- સ્વામિનારાયણ વેદાંત પરિચય
- સનાતન ધર્મ અભિગમ

છેલ્લે કેટલીક અગત્યની સૂચનાઓ

૧. ઘરસભાનો સમય ઘરની બધી વ્યક્તિઓની સાનુકૂળતા પ્રમાણે નક્કી કરવો. ઘરસભામાં પરિવારના સભ્યોને કંટાળો આવે તેવું કોઈ પ્રકારનું જડતાભર્યું વલણ ન રાખવું.

૨. ઘરસભામાં ઘરના જ સભ્યો હોવાથી સ્ત્રી-પુરુષે જુદા બેસવાની આવશ્યકતા નથી. સંગીતમાં પણ બહેન કીર્તન ગાતી હોય તો ભાઈ તબલા વાદન કરી શકે.*

૩. સભા કાર્યક્રમ અહીં અન્યત્ર આપેલ સૂચના મુજબ રાખવો.

વધુમાં વધુ ૩૦ મિનિટ સભા કરવી-જેથી કુટુંબના બધા જ સભ્યોનો ખાસ કરીને બાળકો-કિશોરોનો રસ જળવાઈ રહે.

૪. સભાને વધુ અસરકારક બનાવવા આખા અઠવાડિયાનો કાર્યક્રમ ફ્રીજ ઉપર કે અન્ય સ્થળે લખી રાખવો. (કાર્યક્રમ બધા જ સભ્યો સાથે બેસી નક્કી કરે તે ઇચ્છનીય છે.)

૫. ઘરના બધા જ સભ્યો સંધ્યા સમયે સમૂહપ્રાર્થના (આરતી-અષ્ટક-થાળ....) તથા સમૂહભોજન કરવા પ્રયત્ન કરે તે વધુ ઇચ્છનીય છે.

૬. પૂજા પછી, ઘરસભા પછી તથા ઘરની બહાર જતાં બધાં જ એકબીજાને જય સ્વામિનારાયણ કહે તેવું ઇચ્છનીય છે.

૭. દરેકનો જન્મદિવસ સારી રીતે ઊજવવો.

---

* જો એકથી વધારે કુટુંબના સભ્યો ભેગા થઈ સભા કરે તો ત્યાં સ્ત્રી-પુરુષ મર્યાદાનું ચુસ્તપણે પાલન કરવું. કેવળ માતા-પિતા અને સંતાનો વચ્ચેની ઘરસભામાં જ આ મર્યાદાનું પાલન જરૂરી નથી.



સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મ દર્શનનું સાધન છે.
પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ એ જ સાધન છે.
–ભગવાન સ્વામિનારાયણ


…ટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



દાદર, મુંબઈ - ૧૪.

…નમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એ જ સાચો વિકાસ.
–પ્રમુખસ્વામી મહારાજ





"ઘરતીકંપમાં ઘરોને વાંધો ન આવે એવી વૈજ્ઞાનિકોએ શોધ કરી છે.
પણ જીવનમાં-બંગલા વગેરે ઘણું હોવા છતાં જીવન જ હલબલી ગયાં છે તેનું શું ?
એના માટે ઘરસભા કરો.
પહેલાંના વખતમાં વડીલો રોજ સાંજે ઘરના બધા સભ્યોને ભેગા કરીને ભગવાનની
વાતો કરતા. કથાવાર્તા થાય તો જ ઘરમાં શાંતિ રહે.
અત્યારે તો ટી.વી.નાં જ દર્શન સૌ કરી લે છે.
એટલે મંદિર, સંતો ને ગ્રંથોને ભૂલી જવાય છે ને સંસ્કારો નષ્ટ થતા જાય છે.
એટલે જ રવિસભા અને ઘરસભાની વાતો કરીએ છીએ.
રોજ સાંજે બાળકો અને ઘરના સૌ સાથે કલાક બેસીને સાંજે બાળકો અને ઘરનાં સૌ
સાથે કલાક બેસીને શાંતિથી ભગવાનની વાત સાંભળે તોય ઘણો લાભ થાય. મૂળ,
રોજ બેસશો તો ક્યારેક બે વાત પકડાશે,
સાચા પુરુષના વચનમાં વિશ્વાસ રાખીને કથાવાર્તા સાંભળીએ તો દૃઢતા થાય.
'ઘર સુધરે તો સમાજ સુધરે, સમાજ સુધરે તો દેશ સુધરે અને
દેશ સુધરે તો વિશ્વ સુધરે.
ગૃહશાન્તિ દ્વારા વિશ્વશાન્તિ થઈ જાય. વિશ્વશાન્તિની પરિષદો ભરવી ન પડે."

- પ્રમુખસ્વામી મહારાજ

